માર્ચ, ૨૦૧૪

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ ₹ ૧૦૦/-



# ચાલો કાટકુવા, કાલવારી ડુંગરી

## (દઢવાડા તાબો)





## વેદનામૂર્તિ માતા મરિયમનો મેળો

### તપઋતુનો ચોથો રવિવાર, ૩૦મી માર્ચ, ૨૦૧૪

કાટકુવા ગામથી શરૂ થઈ, બાજુમાં આવેલ ડુંગર ઉપર ક્રૂસના માર્ગની ભક્તિ પૂર્ણ થાય છે. આ ડુંગર ઉપર જતાં અલગ અલગ જગ્યાએ ક્રૂસના માર્ગનાં ચૌદ સ્થાનો મૂકવામાં આવ્યાં છે અને ડુંગરની ટોચ ઉપર પવિત્ર મારીઆના ખોળામાં મૃત્યુ પામેલ ઈસુની પ્રતિમા (સુતોપાસિકા) મૂકવામાં આવી છે.

કાલવારી પર્વત ઉપર જતા પ્રભુ ઈસુની પીડામાં ભાગ લેવા પધારો.

**ખ્રિસ્તયજ્ઞ : સવારે ૦૯.૦૦ કલાકે**

**મહાખ્રિસ્તયજ્ઞ : બપોરે ૧૨.૦૦ કલાકે**

નોંધ : કાટકુવા પહોંચવા માટે અંકલેશ્વરથી ઝંખવાવ, ઝંખવાવથી માંડવી રોડ ઉપર ૧૧ કિલોમીટર પછી ઉમરખડી ચોકડી ત્યાંથી ડાબી બાજુ ૭ કિલોમીટર કાટકુવા ગામ માટે.

દઢવાડા તાબાના ફાધરો, સિસ્ટરો તથા ધર્મજનો

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ

વહાલા પપ્પા,

જોતજોતામાં તમારી વિદાયને એક વર્ષ પૂરું થયું ને કવિ કલાપીની એ યાદગાર પંક્તિઓ કાનમાં ગુંજ્યા કરે છે...

“જ્યાં જ્યાં નજર મારી ઠરે,
યાદી ભરી ત્યાં આપની...”

એક વરસમાં શું થયું એમ કોઈ પૂછે તો બિન્ધાસ્ત કહેવાય કે માણસની હયાતી અને બિનહયાતીમાં સંબંધોનાં સમીકરણો બદલાતાં રહે છે! સુખમાં જે હોય છે તે ઝાંઝવા જેવી ભ્રમણા જ હોય છે ને દુઃખમાં અફાટ રણ સમી વાસ્તવિક્તા. મને તમારી એક વાત અણગમતી હોવા છતાંયે ગમતી કે તમે ચાર દીવાલોમાં ઈશ્વરની ક્યારેય શોધ કરી નહોતી પણ જીવનના સારા-નરસા અવસરો પર વ્યવહારુ જીવનમાં ચરિતાર્થ કરી દેખાડી હતી; એ સારા-નરસા અવસરોનો સાક્ષી બનવાનું અનેકવાર આવેલું; પ્રપંચી ધાર્મિકતાને તમારે જોજનો છેટું હતું; તમે “જીવી ગયા” એ જ મોટી મૂડી; બાકી... બીજુ બધું સાચું ખોટું દેખાડતો આયનો!



“પ્હાડ જેવો માણસ અહીંથી વહી ગયો
શ્વાસ કેવા નાજુક છે એ કહી ગયો.”
“ રહ્યો બેખબર ને મોત તને ભરખી ગયું
કામનો છે તુ માણસ, સાચે એમ પરખી ગયું”
“તમારે સંગ ઉર્મિઓમાં હિલોળાં લેતુંતું જે દિલ
તે દિલના દરિયામાં હવે ઓટ લાગે છે દાદા”

**સ્વ. શ્રી દાઉદભાઈ પી. મેકવાન**

**જન્મ : ૧૩-૧૦-૧૯૪૧**

**અવસાન : ૦૪-૦૩-૨૦૧૩**

**લિ.**

**દેવિલાબેન ડી. મેકવાન**

**તથા આપનો પરિવાર**

સી-૧૯, આદ્યસક્રાંત સોસાયટી, ચાવડાપુરા

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. કિરપાબેન (કુમુદ) જશુભાઈ પરમાર

**આલોકે આગમન : ૦૭-૦૩-૧૯૫૨**

**પરલોકે ગમન : ૨૨-૦૩-૨૦૧૨**

"મૃત્યુ એ શાશ્વત જીવનનું દ્વાર છે.
સમયનાં વહેણ પાણીની માફક વહ્યાં જાય છે.
આ જીવન સફરમાં આપણી મુસાફરી ક્યારે પૂરી થશે,
એ તો પિતા પરમેશ્વરના હાથમાં છે.
તમે તો તમારી મુસાફરી પૂરી કરીને
પિતા પરમેશ્વર પાસે પહોંચી ગયાં.
તમારી વિદાયને બે વર્ષ પૂરાં થયાં છે.
છતાં અમને તો એવું જ લાગે છે કે,
તમે તો હમણાં સુધી અમારી સાથે જ હતાં.
પ્રભુ પિતા હવે પછીની તમારી મુસાફરીને
સુખરૂપ બનાવે,
તથા તમારા આત્માને પરમશાંતિ અર્પે
એવી અમારી પ્રભુ પ્રાર્થના.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું
એ જ અમર આશા."

લિ.
જશુભાઈ સીરીલભાઈ પરમારનો દુઃખીત પરિવાર
નિર્મલ, યતીન, વિલિસ (પુત્ર)
રોઝમેરી યતીન (પુત્રવધૂ)
તનિષ્ક (પૌત્ર)

લોટિયા ભાગોળ, જીસસ નગર,
આણંદ

# શ્રદ્ધાંજલિ



**સ્વ.પ્રિયાંશી (ગેસુ) ડેનીશ ડાભી**

**જન્મ : ૧૦-૦૬-૧૯૯૭**

**અવસાન : ૦૯-૦૧-૨૦૧૪**





"સૂની થઈ ગઈ છે મનની દીવાલો,
સૂનું થઈ ગયું છે ઘરનું આંગણું
આંખો હજી શોધે છે ઘરમાં તને,
મન નથી માનતું કે તું હયાત નથી.
જ્યારે સ્મરણ થાય છે તારું,
ત્યારે મન મૂકીને રડીએ છીએ અમે.
આવાં એકલાં-અટૂલાં, મઝધારે મૂકીને,
પ્રિયાંશી (ગેસુ) તું કેમ ચાલી નીકળી.
જરીક તો વિચાર કરવો હતો,
તારા વિના બિટ્ટુ, મમ્મી-પપ્પા શું કરશે?
ખેર, 'પ્રભુને ગમ્યું તે ખરું' માનીને,
મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ."
"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

અમારા દુઃખમાં સહભાગી થવા બદલ પૂજ્ય ફાધર અંતોન મેકવાન, ફાધર ઝેવિયર, ફાધર કુમાર, સિસ્ટર જાસીન્તા (લીમડાપુરા) સિસ્ટરો (મહેમદાવાદ), હસમુખભાઈ-ચુનુસબેન તથા સર્વ ફાધરો, સિસ્ટરો, સગાં-સ્નેહીજનો તેમજ સર્વ શ્રદ્ધાળુ સ્વજનોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**લિ. જીનીયસ (બિટ્ટુ) જયા-ડેનિશ**

**તેમજ સમગ્ર પરિવાર**

**૩૪, ગીતાંજલી સોસાયટી, મહેમદાવાદ, જી-ખેડા**

## ''પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશુ''



સ્વ.એલીઝાબેથ
તા. ૧૯.૧૨.૨૦૦૦



સ્વ.માર્થાબેન
તા. ૯.૧૨.૧૯૯૩



સ્વ.સિમોનભાઇ
તા. ૧૬.૦૬.૨૦૦૫



સ્વ.પાઉલભાઇ
તા. ૨૫.૦૩.૨૦૧૩

## પ્રથમ પુણ્યતિથિ

હે નાથ જોડી હાથ વ્હાલા પ્રેમથી સૌ માંગીયે,
શરણું મળે સાચું તમારું એ હ્રદયથી માંગીએ
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

લિ. આપનો દુખિત પરીવાર
શાંતાબેન પાઉલભાઇ
સી.આગ્નેશ સીમોન
સી. સરોજ પાઉલ
મી. એરીક કોલમોર્ગન
જસુ રિમતા,બીરેન, તોરલ,બીમલ, નિલમ.
આપના ભુલકા,
નિધી,મૈત્રી, પ્રાચી, માર્ગી, રાજ, બંદિશ.

# અનુક્રમણિકા

**તંત્રીની કલમે**

ગુજરાતનાં પ્રથમ ખ્રિસ્તી લેખિકાઃ એસ્તરબાઈ ખીમચંદ ❄ ડો. થોમાસ પરમાર ૯

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૧

સિલાસ પટેલિયા ❄ સુરેન્દ્ર આસ્થાવાદી ❄ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ❄ કવિ પ્રકાશ 'જલાલ' ❄ સવિતાબહેન પરમાર

**તમારો પત્ર** ૧૨

સિ. મનિષા મેકવાન ❄ જોન ફિલીપ મેકવાન ❄ કુ. ફિલોમીના પરમાર ❄ ઈગ્નાસ કે. પરમાર ❄ શાંતિલાલ મેકવાન

**લેખો**

સંત જોસેફની ધાર્મિકતા વિશે બોધ ❄ જોન ફિલીપ મેકવાન ૧૪

મંદબુદ્ધિવાળાં બાળકોની માતાનું સન્માન ❄ જયંતિભાઈ આર. પરમાર ૧૫

ઉઘાડી આંખે દીઠું એક સપનું... ❄ રાજેશ ક્રિશ્ચિયન ૧૮

"જે કર ઝૂલાવે પારણું, તે જગત ઉપર શાસન કરે" ❄ જયંત એમ. પરમાર 'રાજબંધુ' ૨૦

મહિલા ઉત્કર્ષ પ્રથમ ઘરમાં કરીએ ❄ ધીરુભાઈ જે. પટેલિયા ૨૨

ગર્ભથી ગગનને આંબતી શક્તિ... ❄ સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન ૨૩

નિરક્ષરતા કેમ? ❄ રાઠોડ સુમિત મહેન્દ્રભાઈ ૨૫

પડકારો ઝીલનાર ભડવીર – ફાધર જોન ખન્ના એસ.જે. ❄ જોન ફૂલજી મેકવાન ૨૬

જળ એ જ જીવન ❄ સ્મિતા બકુલ મેકવાન ૨૮

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧-૩૪

જંગલ કરે મંગલ ❄ ઈશ્વર વાઘેલા ૩૬

માર્ચ - એપ્રિલ મહિનાના શાસ્ત્રપાઠો ❄ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૩૮

માર્ચ મહિનાનો પ્રાર્થના હેતુ ❄ બ્રધર એ. મોઈસન એસ.જે. ૪૧

**પંખીની પાંખે (સંપાદકઃ રાજુલ આઝાદ)** ૫૩

**આવરણઃ** સંત જોસેફે આપણી ધર્મસભા માટે અને પ્રભુ ઈસુના રહસ્યમય શરીર માટેનું મિશનકાર્ય સતત આજ સુધી ચાલુ જ રાખ્યું છે તેથી તેમને ઈસુના સાચા ભક્ત, સેવક અને પ્રથમ અનુયાયી તરીકે સ્વીકારીએ.

(સ્વ. પોપ જોન પોલ દ્વિતીય)

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ

**સૂચના**


- અહીં પ્રગટ થયેલાં લેખો, નોંધો, અભિપ્રાયો અને કાવ્યો માટેની જવાબદારી જે તે લેખકની રહેશે, તંત્રીની નહિ તેની નોંધ લેવી.
- લેખકોએ પોતાનું લખાણ A4 સાઈઝના કાગળની એક બાજુએ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં. લેખકે પોતાનું સરનામું અને ફોન નં. લખવા. લેખ મૌલિક હોવાનું અને છાપવા માટે અન્યત્ર મોકલેલ નથી તેવું લખાણ મોકલવું.
- લેખકો જ્યારે પોતાનું લખાણ મોકલે ત્યારે કવર પર જે તે વિભાગનું નામ અવશ્ય લખવું.

## શાસ્ત્રવાણી

"તારા કરતાં મોટી ઉંમરનાને ઠપકો આપીશ નહિ, પણ બાપને સમજાવે એમ સમજાવજે. તારા કરતાં નાની ઉંમરનાને ભાઈઓ જેવા ગણજે, અને તારા કરતાં મોટી ઉંમરની સ્ત્રીઓને મા જેવી ગણજે. અને નાની સ્ત્રીઓને પૂરેપૂરા પવિત્ર ભાવે બહેન જેવી ગણજે."

(તિમોથી ૫:૧-૨)

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


Publisher's & Printer's Name
Jerry Leo Sequeira, S.J.
Indian, Gujarat Sahitya Prakash, P.B. 70,
St. Xavier's Road, Anand - 388001

Place of Publication
Anand, Gujarat Sahitya Prakash, P.B. 70,
St. Xavier's Road, Anand - 388001

**માનદ્ તંત્રીઃ** ડો. ફાધર વિનાયક જાદવ એસ.જે.
**તંત્રીઃ** ડો. થોમસ પરમાર (મો: ૯૮૨૫૩૮૪૬૨૩)
**સહતંત્રીઃ** રાજુલ આઝાદ (મો: ૯૯૨૪૮ ૯૮૫૯૪)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, ડો. પ્રીતિ રાઠોડ,
ફ્રાન્સિસ કાનીસ, ફાધર રિચર્ડ લોપીસ,
ફાધર આરસકુમાર રાયપ્પન,

**જાહેરાત અને પ્રસાર**
જયંતીભાઈ આર. પરમાર

**લવાજમ**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

**પત્રવ્યવહારનું સરનામું**
'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧

**કાર્યાલયનો સમયઃ**
૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

**લવાજમ**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-


**જાહેરખબરના દર**

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૯,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૯,૦૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૬,૦૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૦૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૫૦૦ |
| ટચુકડી | : | રૂા. ૫૦૦ |



# તંત્રીની કલમે...

# ગુજરાતનાં પ્રથમ ખ્રિસ્તી લેખિકા : એસ્તરબાઈ ખીમચંદ

ગુજરાતનાં પ્રથમ ખ્રિસ્તી લેખિકા એસ્તરબાઈ હતાં. તેઓ તેમના 'સ્ત્રી શૃંગાર' ગ્રંથને લીધે વધુ જાણીતાં છે. એમના પિતા ખીમચંદ નાથાભાઈ જૈનધર્મી હતા. ધંધા-વેપારાર્થે તેમને મુંબઈ જવાનું થયું ત્યારે તેઓ ખ્રિસ્તીઓના સંપર્કમાં આવ્યા હતા અને તે પછી તેમણે ખ્રિસ્તીધર્મ અંગીકાર કર્યો હતો. તેઓ ભાવનગર પાસેના ઘોઘામાં સુવાર્તા પ્રચારનું કાર્ય કરતા હતા. એસ્તરબાઈનાં માતાનું નામ માતબા હતું. ચાર બહેનોમાં એસ્તરબાઈ સૌથી મોટાં હતા. તેમનાં લગ્ન જાણીતા મિશનરી છગનલાલ ભગવાનદાસના દીકરા જોસફ (યુસુફ) સાથે થયાં હતાં. જોસેફ મેટ્રિક પાસ થયા પછી ભાવનગર રાજ્યના પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટની ઓફિસમાં નોકરી માટે જોડાયા હતા. તેઓ મહેનતુ, વિશ્વાસુ, નિખાલસ અને ન્યાયી હોવાથી થોડા સમયમાં જ તેમને પોલીસ ઈન્સ્પેક્ટરની નિમણૂંક મળી. આ રાજ્યમાં આ સ્થાને પહોંચનાર તેઓ પ્રથમ હિંદી ખ્રિસ્તી હતા. આ પછી તેઓ પોરબંદર રાજ્યના પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટના પદે નિમણૂંક પામ્યા હતા. એ વખતના ગુજરાતના ખ્રિસ્તી સમાજ માટે ઘણી મોટી સિદ્ધિ અને ગૌરવની ઘટના હતી. હિંદુઓ અને મુસલમાનો તેમને 'ભલા જોસફ' તરીકે ઓળખતા હતા. એસ્તરબાઈ અને જોસફ પોરબંદરમાં ભોજેશ્વર પ્લોટમાં રહેતા હતા. તેમના ઘરમાં ભક્તિ સભા મળતી અને જોસફભાઈ તેનું સંચાલન કરતા. જોસફભાઈ ન હોય ત્યારે એસ્તરબાઈ તેમનું સ્થાન લેતા. ૧૯૦૬માં જોસફભાઈનું મૃત્યુ થયું અને એસ્તરબાઈ વિધવા થયાં.

પતિના મૃત્યુ પછી પણ એસ્તરબાઈ પોરબંદરમાં જ રહ્યાં. ત્યાં તેમને રાજ્ય તરફથી પેન્શન મળતું હતું. તેમનું ઘર પ્રાર્થનાસભા માટે નિયમિત ચાલુ જ રહ્યું. એસ્તરબાઈ અસામાન્ય સ્ત્રી હતાં. તે બુદ્ધિશાળી હતાં. તેઓ ગુજરાત અને કાઠિયાવાડના પ્રથમ ખ્રિસ્તી લેખિકા હતાં. આધુનિક ગુજરાતી સાહિત્યમાં પુસ્તક લેખિકા તરીકે પણ એસ્તરબાઈ પ્રથમ લેખિકા હોવાની શક્યતા છે. તેમના રચેલાં ગીતો લગ્નના વરઘોડા સમયે ગવાતાં. આમ તેમણે નવો ચીલો પાડ્યો હતો. પોરબંદરના દરેક વર્ગ અને જાતિના લોકોમાં તેમને ખૂબ માન મળતું. ઘણીવાર રાજમહેલમાં જવાનું થતું ત્યારે ત્યાંના સ્ત્રી વર્ગને શુભસંદેશની વાતો કરતાં અને તે સાંભળીને તે સ્ત્રીઓ આનંદ પામતી. ઘણાં હિંદુઓ તેમના ઘરે મુલાકાત માટે આવતા. બધા વર્ગના લોકો તેમને મળવા આવતા અને તેમની સાથે ધાર્મિક ચર્ચા-વિચારણા કરતા. ૧૯૩૮માં આઈ.પી. મિશનની શતાબ્દી ઊજવાઈ ત્યારે પોરબંદરમાં એક દેવળ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પોરબંદરના ત્યારના રાણા સાહેબે જ દેવળ માટેની જમીન દાનમાં આપી હતી. દેવળના પાયાનો પથ્થર નામદાર યુવરાજ દ્વારા મૂકવામાં આવ્યો હતો. દેવળના બાંધકામની દેખરેખની જવાબદારી એસ્તરબાઈના જમાઈ ચુનીલાલ જોનભાઈએ રાખી હતી. તેઓ રાજ્યના એન્જિનિઅરિંગ ખાતામાં હતા. બાંધકામ પૂરું થયા પછી તેનું ઉદ્‌ઘાટન રાણા સાહેબે જ કર્યું હતું. પોરબંદરના રાજ્ય દ્વારા ખ્રિસ્તી સમાજને આટલી મોટી સહાય મળી તેની પાછળ એસ્તરબાઈ અને તેમના સ્વર્ગસ્થ પતિ જોસફભાઈના દરબાર સાથેના સંબંધોને ગણાવી શકાય. પોરબંદરના રાજમહેલમાં આ કુટુંબનું ઘણું માન હતું. ચાલીસ કરતાં વધુ વર્ષો સુધી તેમણે ખ્રિસ્તી જીવનધોરણ ઊંચુ રાખ્યું હતું.

'સ્ત્રીશૃંગાર' એ એસ્તરબાઈ રચિત પ્રસિદ્ધ પુસ્તક છે, જેના થકી તેઓ સમગ્ર ગુજરાતના બૃહદ સમાજમાં એક ખ્રિસ્તી લેખિકા તરીકે સન્માનિત થયાં. તેની પ્રથમ આવૃત્તિ ૧૮૯૩માં અને બીજી આવૃત્તિ ૧૯૧૪માં પ્રસિદ્ધ થઈ હતી. ૧૮૯૫માં તેમનું 'સદ્‌બોધ કાવ્ય' નામે પિંગળીક અને દેશી રાગોનું પુસ્તક પ્રસિદ્ધ થયું હતું. તે સમયના સામયિકોમાં તેમનાં નિબંધો અને કાવ્યો પ્રગટ થતા હતા. 'સ્ત્રી શૃંગાર' પુસ્તક એસ્તરબાઈએ પોરબંદરનાં રાજ્ય માતૃશ્રી નેક નામદાર બા સાહેબ શ્રી રામબા સાહેબને અર્પણ કર્યું હતું. બા સાહેબ સ્ત્રીજાતિને નમૂનારૂપ હોઈ, દીકરીઓને શિક્ષિત કરવાને ઉત્સુક હોઈ અને લેખિકા ઉપર તેમજ તેમના કુટુંબ ઉપર અનેક ઉપકારો કર્યા હોઈ બા સાહેબને આ ગ્રંથ અર્પણ કરવાનું ગ્રંથમાં પ્રસિદ્ધ 'અર્પણ પત્રિકા' દ્વારા જાણવા મળે છે. આ ગ્રંથની બીજી આવૃત્તિ ૧૯૦૫માં છપાવવાની તૈયારી થવા માંડી તેવામાં ૧૯૦૬માં લેખિકાના પતિ જોસેફભાઈનું અવસાન થતાં, લેખિકા પર મોટો આઘાત પડ્યો. ઘણાં સુધારા-વધારા અને નવા પ્રકરણો ઉમેરાઈને તેની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. તેની કિંમત એક રૂપિયો અને ચાર આના (આજના

એક સો પચ્ચીસ પૈસા) હતી અને એક હજાર નકલ છાપવામાં આવી હતી. આમાંથી ૪૫૦થી પણ વધુ નકલો આગોતરી વેચાઈ હતી, જેમાં સૌથી વધુ ખરીદનાર રાજ્યમાતૃશ્રી રામબા સાહેબ અને મ્હે. રેવ. ગીલેસ્પી સાહેબ હતા. તે બંનેએ સો-સો નકલો ખરીદી હતી. ખરીદનારા મોટે ભાગે બિન-ખ્રિસ્તીઓ હતા.

ગ્રંથનું શીર્ષક 'સ્ત્રી શૃંગાર' વાંચતાં સહેજે વાચકને એમ થાય કે એમાં સ્ત્રીનાં શણગાર અને સાજ-સજ્જા વિશે લખાણ હશે, પણ ખરેખર એવું નથી. ગ્રંથની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં લેખિકા કહે છે, "વસ્ત્રાભૂષણ ને ઘરેણાં તથા આંખ, માથાની ટાપટીપને ઘણું કરીને શૃંગાર કહે છે... પણ આ પુસ્તકમાં જે શૃંગારનું વર્ણન છે તે તેવો નથી." સદ્‌ગુણરૂપી શૃંગાર ઉત્તમ છે. શરીરનાં ઘરેણાં ચોરાઈ જવાનો કે ખોવાઈ જવાનો ભય રહે છે અને તે યુવાનીમાં કે તંદુરસ્ત હોઈએ ત્યારે જ શોભે છે. જ્યારે સદ્‌ગુણરૂપી ઘરેણું હરકોઈ સ્થિતિમાં સજી શકાય છે અને તે ગુલાબની માફક ખીલી ઉઠે છે. સદ્‌ગુણી સ્ત્રી દુઃખમાં પરખાય છે ને તેની ખરી ખૂબીઓ જણાઈ આવે છે. નેપોલિયનનું કથન ટાંકતા લેખિકા જણાવે છે કે, "દેશને આબાદ કરવો હોય તો સ્ત્રીને જ્ઞાન આપો." પ્રથમ આવૃત્તિમાં બાર પ્રકરણો હતાં જ્યારે બીજી આવૃત્તિમાં બીજાં ચાર નવાં પ્રકરણો ઉમેરીને, કુલ ૧૬ પ્રકરણો એટલા માટે કર્યાં છે કે સ્ત્રીના શણગારની સંખ્યા પણ ૧૬ છે. આ ૧૬ પ્રકરણોમાં અનુક્રમે પતિ પ્રત્યેનો પત્નીનો ધર્મ, નાનાં બાળકોનો ઉછેર-માવજત, છોકરાં પ્રત્યે માબાપની ફરજ, અધૂરી કેળવણીના ગેરફાયદા, ઘરધંધાને લગતાં સૂચનો, કરકસર, બાળલગ્ન અને અન્ય કુરિવાજો, વિધવા વિચાર, સાસરિયાના ક્લેશ, ઓરમાન અને અનાથ બાળકો પ્રત્યે ફરજો, ઉત્તમ પોષાક અને ઘરેણાં, મિત્રતા, અભિમાન, આધુનિક સુધારો, વિવિધ બોધ અને ભક્તિ વિચાર વિશે ચર્ચા કરવામાં આવી છે. સ્ત્રી જો આ ૧૬ બાબતોનો અમલ કરે તો તે સાચા અર્થમાં સોળ શણગારથી સજેલી બનશે. સ્ત્રીનો મહિમા ગાતાં લેખિકા જણાવે છે કે, "ખરેખર! માતા તે ધરતીરૂપ છે. સુજ્ઞ માતાથી બાળકને કોમળ વયમાં જે કેળવણી અપાય છે, તે ગમે તેવા હોશિયાર શિક્ષકથી પણ અપાતી નથી. પણ અણકેળવાયેલી માતાથી એ કામ બનતું નથી, અને તે ખામી સુધારવાનો પછીથી વખત રહેતો નથી એક કવિ કહે છે કે:

ભાઈ કરતાં બ્હેન ભલી, જો સપૂતા હોય;
નામ વધારે બાપનું, અને પખ્ખાં તારે ત્રોય.

મતલબ કે સ્ત્રી સદ્‌ગુણી અને ડાહી હોય, તો ત્રણે પક્ષ, એટલે માવતર, સાસરિયાં અને મોસાળને તારનારી, એટલે ઘણાં સંકટોથી બચાવનારી થાય છે. સ્ત્રીના ઉધ્ધાર માટે પુરુષવર્ગને સંબોધીને લેખિકા જણાવે છે, "મારા ભાઈઓ, તેઓને કેળવવામાં કેમ બેદરકાર રહો છો? તમે ગૃહરાજ્યના સત્તાધીશ છો માટે એ બાબતનો વિચાર તમારે કરવાનો છે. તમારી બ્હેનો અને દીકરીઓને કેળવવી એ તમારી મુખ્ય અને ખાસ ફરજ છે. તમે દીકરી ને દીકરામાં ફેર ગણી પત્થરની માફક તેને પટકી મૂકો, ત્યારે તે બિચારીઓ ક્યાંથી શીખે? તેમ જ તમારી સ્ત્રીઓને જ્યારે નજીવી ઘરના રાચરચીલા જેવી ગણો, તેને તદ્દન મૂર્ખમાં લેખો, કોઈ વાતે તેને સુધારવા શિખાડવાનો પ્રયત્ન ન કરો, ત્યારે એ પોતાનાં પુત્ર-પુત્રીઓને ક્યાંથી કેળવી જાણે?" આમ સ્ત્રીના વિકાસ માટે પુરુષ વર્ગની સકારાત્મક ભૂમિકા પણ અગત્યની છે, એમ એસ્તરબાઈની દૃઢ માન્યતા છે, એમાં આપણે પણ તેમની સાથે સહમત થઈશું.

'સ્ત્રી શૃંગાર'ની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ ત્યારે ગુજરાતની પ્રજાએ ઉમળકાભેર તે ગ્રંથને વધાવી લીધો હતો અને ઘણી જ લોકચાહના મેળવી હતી. એસ્તરબાઈ પર ઘણાં લોકોના પ્રશંસાના પત્રો આવ્યા હતા. જેમાંના ૧૬ પત્રો બીજી આવૃત્તિમાં અંત ભાગમાં છાપવામાં આવ્યા છે, તે પૈકી ગુજરાતી સાહિત્યના પ્રથમ આધુનિક કવિ અને સમાજ સુધારક કવિ દલપતરામનો પત્ર અક્ષરશઃ નીચે પ્રમાણે છે:

પવિત્ર બાઈ એસ્તર ખીમચંદ (મીસીસ યુસફ).

આપનું રચેલું "સ્ત્રી શૃંગાર" નામનું ઉત્તમ પુસ્તક મને પહોંચ્યું છે. પ્રસ્તાવનામાં આપ લખો છો કે, આ મ્હારો પ્રથમ પ્રયાસ છે. પણ તે વાંચતાં જણાય છે કે નિબંધ લખવાનો આપનો ઘણી મુદ્દતનો પ્રયાસ છે. હાલમાં કેટલાંએક નાટકો અને વાર્તાઓ, જે દીકરી બાપની આગળ વાંચતાં શરમાય છે એવાં પ્રસિદ્ધ થાય છે તે હાનિકારક છે. આપની ચોપડી નીતિ ભરેલી છે તથા ઘણી ઉપયોગી છે. આપને પરમેશ્વર સારી બુદ્ધિ આપે અને એવાં ઘણાં પુસ્તકો પ્રગટ કરો. તથાસ્તુ.

તારીખ : ૦૬-૦૧-૧૮૯૪ અમદાવાદ

લિ. કવિ દલપતરામ ડાહ્યાભાઈના આશિષ.

આ ઉપરાંત 'ગુજરાતી','રાસ્ત ગોફ્તાર' તથા 'સત્ય પ્રકાશ' (મુંબઈ), 'હિંદુસ્તાન' (અમદાવાદ) વગેરે તે સમયના સામયિકોમાં પણ આ ગ્રંથની ઘણી પ્રશંસા કરવામાં આવી હતી. આજથી ૧૨૦ વર્ષ પહેલાં ગુજરાતમાં ખ્રિસ્તીધર્મ અને સમાજ આજની સરખામણીમાં ઘણો જ અલ્પતમ હતો ત્યારે એક ગુજરાતી ખ્રિસ્તી લેખિકાને આટલું બધું માન-સન્માન અને પ્રસિદ્ધિ બૃહદ્ સમાજ દ્વારા મળે તે ગુજરાતના સર્વ ખ્રિસ્તીઓએ મંડળીઓ (સંપ્રદાયો)ના ભેદભાવ ભૂલીને ગૌરવ લેવા જેવી બાબત છે. મહિલા દિને આપણી એ મહાન લેખિકાને અને તેમના ગ્રંથ 'સ્ત્રી શૃંગાર'ને યાદ કરીએ. અસ્તુ.

(આધાર : 'સ્ત્રી શૃંગાર' આવૃત્તિ બીજી અને 'રાજાધિરાજ' ભાગ-૧)

— થોમસ પરમાર
dr.thomasparmar@gmail.com



# કાવ્યધારા



### ભસ્મ બુધવાર

માટીમાં માટી થઈ જાય,
દેહ આ માટી થઈ જાય....
દેહ મરે છે —
માટી કદી મરતી નથી!

અબજો મકાનોની તળે
માટી ધરબાયેલી રહે!
મકાનો થાય નામશેષ,
માટી, માટી જ રહે છે!
એ માટીમાં માટી થઈ જાય દેહ,
ના કહો એને મૃત્યુ!
માટી હતો દેહ, તે થયો માટી
ને ફરી ભળી ગયો માટીમાં....

હશે જો કર્મો પવિત્ર
તો એ માટીમાંથી ફૂટશે છોડ,
છોડ પુષ્પોથી મહેંકશે,
ને પવન એ મહેંકને ફેલાવશે દૂરદૂર....
ને છોડમાંથી વૃક્ષે ય થશે.
ને વૃક્ષ પર કલશોર કરશે પંખીઓ....
સૂર્ય, ચન્દ્ર, ડાળે ડાળે પ્રકાશ પાથરશે,
જો કર્યાં હશે પવિત્ર કર્મો!
બાકી, માટી છીએ
ને માટીમાં ભળી જવાના,
ને માટી તો માટી જ રહેવાની!

— સિલાસ પટેલિયા

### પ્રીતિ

સ્નેહી, સહનશીલ, સૌમ્ય ને
સૌજન્યશાળી પ્રીત છે;
ના દ્વેષ કે સંદેહ રાખે, હર્ષદાયી પ્રીત છે.

રહેશે સદા વિશ્વાસુ ને
તજશે નહિ વિશ્વાસ તે;
બીજું બધું ફરશે, પરંતુ પ્રીત પાછી નહિ ફરે.

અપકારી ને સ્વાર્થી નથી,
એ જાળવી લે મિત્રને;
સાચા સંબંધો સાચવે, શાબાશ છે એ પ્રીતને.

પ્રીત વિહોણી જિંદગીને, ધૂળધાણી જાણજો;
પ્રીતિભર્યા હૈયે રહે વાસો પ્રભુનો માનજો.

જનમુક્તિ માટે જન્મીને પ્રીતિ બતાવી ઈસુએ,
બીજું બધું મળશે,
પરંતુ પ્રીત આવી નહિ મળે.

— સુરેન્દ્ર આસ્થાવાદી

### કંઈક થાય છે

ઘડીક હૈયે હામ ભીડી
લાંબો પંથ કાપવાને, કંઈક થાય છે,
બાહુ પ્રસારી આકાશને
આંબવાને, કંઈક થાય છે.
દૂર ક્ષિતિજ નયનો થકી
નિહાળવાને, કંઈક થાય છે.
નભમંડળમાં ડોક તાણી
તારલિયા નિહાળવામાં, કંઈક થાય છે.
માનવ બની ભાઈભાંડુઓને
ભેટવાને, કંઈક થાય છે.
ચરણોમાં શીશ નમાવી! હે ઈશ!
તને વંદન કરતાં, કંઈક થાય છે.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન

### હજાર છે

વીંધાયેલા હૃદયને સલામો હજાર છે;
વંદન ઈસુને લાખ, સલામો હજાર છે!

સામા મળે છે રોજ પ્રલોભનો જુદાજુદા;
દુનિયામાં રોજ રોજ બબાલો હજાર છે!

હોડી લઈ ગયો હું ફક્ત ખ્રિસ્તની કને;
જ્યાં - ત્યાં જવું જો હોત, દિશાઓ હજાર છે!

ફાળો અમારો પણ છે પ્રભુ, તારા ક્રૂસમાં;
મનમાં તો પાપના જ વિચારો હજાર છે!

એને જવું છે સ્વર્ગ ફક્ત ક્રૂસ માર્ગથી;
માગ્યાં જો હોત તેણે, વિમાનો હજાર છે!

— કવિ પ્રકાશ 'જલાલ'

### ઉતર્યો હરખ...

ઘેરાયેલ ઘન-વાદળ મધ્યે
ડોકિયાં કરતો રવિ
રમે સંતાકુકડી!

મદમસ્ત તરુવરો
વહેતા મારુત સંગ
નાચે - હીંચે!

તળાવ કિનારે વિચરે
બગલાનું ઝૂંડ
ને બુલબુલની આંખમાં
ડોલે હરિયાળી!

ખેતર માથે ઝૂક્યું લોક
શ્રમભરી આશામાં વાવે —
ને આભેથી ઉતર્યો હરખ
ગામ, પાદરને ઉરે...!

— સવિતાબહેન પરમાર

**સરનામું:**
**ડો. સિલાસ પટેલિયા**
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા
વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮



# તમારો પત્ર



### (૧)

"આપણાં સિસ્ટરો : વિકાસની અનહદ સંભાવનાઓ" - લેખ લખનાર શ્રી પોલભાઈ મેકવાનને અભિનંદન અને આભાર. આ જીવનની, નારી સંન્યસ્ત જીવનની હકીકતને અમુક અંશે તમે (હિંમત) કરીને અક્ષરોમાં ઢાળી છે.

સિસ્ટર રેગીના (રેગીનાબેન, વિમલ મિરીયમ સ્કૂલ), સિસ્ટર મારીયા મા, જેમને ગ્લોરી ઓફ ગુજરાત નામનો એવોર્ડ મળેલો છે તથા સ્વ. સિસ્ટર ઝેવિયર, સ્વ. સિસ્ટર  વીમુ, સ્વ. સિસ્ટર મેરી વગેરેને યાદ કરીને તમે લેખ ખરેખર આધ્યાત્મિક બનાવ્યો છે. ખૂબ સરસ વિચારો, ભાવનાઓ પ્રગટ કરી છે અને નારી સંન્યસ્ત વર્ગ દ્વારા સમાજ અને જગતનો વિકાસ થાય એવા સરસ વિચારો તમે લાવ્યા છો.

મને આ લેખ વાંચતાં ખૂબ આનંદ અને ગૌરવ થયું. આનંદ એટલા માટે કે હજી સુધી સિસ્ટરો વિશે આવા કોઈ લેખ લખાયા નથી અને લખાયા હશે તો મારા વાંચવામાં આવ્યા નથી અને ગૌરવ એટલા માટે કે સિસ્ટરો કુશળતાથી જવાબદારી ઉપાડવા સક્ષમ છે. એ વાતને તમે ઉદારતાથી વર્ણવી છે. આ લેખ વાંચતાં, મારા અંદરની સળગતી અગ્નિમાં જાણે ઘી હોમાયું.

અને સંન્યસ્ત જીવનનાં વ્રતો (ગરીબાઈ, આજ્ઞાધીનતા અને બ્રહ્મચર્ય અને અમારા સંત આન્ના મંડળમાં ચોથું વ્રત તમને કદાચ ખબર નહીં હોય, પડોશી પ્રેમ કહો કે પરોણાગતનું વ્રત) જીવન જીવવાનું હોવાથી (પસંદ કરેલ હોવાથી) જીવનમાં મનની, દિલની જે સ્વતંત્રતા છે કે કંઈ કરી છૂટવાની, પોતે નિર્ણયો લેવાની, બીનજરૂરી મર્યાદાઓ (જૂનવાણી વિચારો તોડવાની)એ જાણે ઈસુને સમર્પિત કરતા હોવાથી, દુનિયાને લાગે છે કે અવિકસિત સિસ્ટરો પણ એ જ અમારી હાકલની રીત છે, એવું મને અંગત રીતે લાગે છે. આ પછી વધારે ન લખતાં, અંતે ફરી એકવાર આભાર સાથે વિરમું છું.

— સિસ્ટર મનિષા મેકવાન (નડિયાદ)

### (૨)

ફેબ્રુઆરી ૨૦૧૪ના 'દૂત'માં આપણા માનનીય તંત્રીશ્રી ડો. થોમાસ પરમાર દ્વારા લખાયેલો લેખ "વેલેન્ટાઈન ડે" ખરેખર યુવાનોને ખાસ ધ્યાનમાં રાખીને તથા તેમને દિશાસૂચન આપતો છે. દૃષ્ટાંતો સાથે તંત્રી સાહેબે લખેલો લેખ જરૂર યુવાપેઢીને માર્ગદર્શક તથા સાચો પ્રેમ કોને કહેવાય તેની પરિભાષા સ્પષ્ટ કરે છે. તેમણે લખેલી ગઝલની બે પંક્તિઓ ઘણી જ અર્થપૂર્ણ તથા હૃદયસ્પર્શી છે અને છેલ્લે તેમણે કરેલુ સૂચન 'એન્ટિ વેલેન્ટાઈન ડે' ઉજવવા વિશે તે પણ ઘણું જ આવકારદાયક અને જરૂરી છે. તંત્રી સાહેબને અભિનંદન.

"વિશાળ હૃદયના ઉઘાડા દ્વાર ઈશ્વર ભણી" અનુવાદ શ્રી રાજુલ આઝાદ દ્વારા જાનયુઆરી અને ફેબ્રુઆરી ૨૦૧૪ના 'દૂત'માં ઘણાં જ ઉમદા વિચારો સાથે પ્રકાશિત થયો છે. વિવિધ વિષયો પર આપણા નામદાર વડાધર્મગુરુ પ્રકાશિત થયો છે. વિવિધ વિષયો પર આપણા નામદાર વડાધર્મગુરુ ફ્રાન્સિસના વિચારો આપણા ગુજરાત કેથોલિકના ઘેરઘેર પહોંચે અને દરેક વ્યક્તિ તેનાથી માહિતગાર થાય એનાથી રૂડું શું હોઈ શકે? શ્રી રાજુલ આઝાદે અનુવાદ કરવામાં ઘણો જ પરિશ્રમ કર્યો છે. તે હું સમજી શકું છું. આ માટે અનુવાદકને ઘણાંજ અભિનંદન.

"અજબ માગીરાજાઓની ગજબ મુસાફરી" લેખ જાન્યુઆરી ૨૦૧૪ 'દૂત'માં સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન દ્વારા લખાયો છે. આ લેખ ઘણો જ પ્રશંસનીય અને પ્રેરણાદાયી લેખ છે. ખાસ તો ચોથો માગી રાજા અવાજની દિશામાં આગળ વધે છે ને એક પછી એક સુકાર્યો કરે છે જે હકીકતે તો પ્રભુના દર્શન માત્રથી ઘણું જ વિશેષ કાર્ય ગણાય છે. જે દૈવી વાણીથી સાબિત થાય છે. સિસ્ટર રેશ્માને અભિનંદન.

— જોન ફિલીપ મેકવાન (વડતાલ)

### (૩)

'દૂત' જાન્યુઆરી ૨૦૧૪નો અંક હાથમાં આવ્યો. ખૂબજ સંવેદનશીલ મુખપૃષ્ઠ. પોપ ફ્રાન્સિસ અને બાળક. નામદાર પોપ

સાહેબનો ઈન્ટરવ્યૂ. ખૂબજ આધ્યાત્મિક, નમ્રતાથી ચરમસીમા! જ્યારે તેમની પોપ તરીકે વરણી થઈ ત્યારે પણ તેમના જીવનનાં પાસાંઓમાં તેમની સેવા અને નમ્રતાનાં દર્શન થાય છે. એક આર્ચબિશપ હોવા છતાં સામાન્ય મકાનમાં વસવાટ! પોપ તરીકે પ્રથમ પવિત્ર ગુરુવારે જેલમાં જઈ, કેદીઓના પગ ધોવા! આ સઘળી પ્રક્રિયા, સહજ મૌન દ્વારા પ્રભુ ઈસુનો સંદેશ ખૂબ જ ટૂંકા ગાળામાં આપ્યો છે.

આધ્યાત્મિકતાથી, વિવેકબુદ્ધિથી ચાલતા આવા નામદાર પોપ આજના સમયમાં દુનિયાને તથા ધર્મસભાને મળ્યા છે તે સદ્ભાગ્યની વાત છે. ઈશ્વર તેમની વિવેકબુદ્ધિ વધુને વધુ પ્રબળ અને પ્રભાવશાળી બનાવે.

મારા તેઓને શત્ શત્ વંદન!.

કેથોલિક પંચાંગ અને તેનાં ચિત્રો! આ વર્ષે પવિત્ર મારિયાનાં દેવાલયોનાં ચિત્રોથી પંચાંગ ખૂબજ આધ્યાત્મિક લાગે છે. ગુજરાતના ૧૦ અને બે (બહારના) મંદિરો વિશે રસપ્રદ તથા ઐતિહાસિક માહિતી નોંધનીય છે. ડીસા તથા ડેડીયાપાડા, સુરેન્દ્રનગર ગિરીમાતાનાં દેવાલયોની માહિતી ખરેખર ઐતિહાસિક છે. માઉન્ટ મેરી વિષેની અધૂરી જાણકારી તેની માહિતી દ્વારા પ્રાપ્ત થઈ. ખરેખર જેને આ ચિત્રો પંચાંગમાં મૂકવાનો વિચાર આવ્યો તેમને અભિનંદન. સર્વ મિશનરી (સ્પેનિશ) ફાધરોને તેમના કાર્યો માટે શત્ શત્ વંદના.

'દૂત' વાંચવો, વંચાવવો વ્યક્તિગત રસ અને આધ્યાત્મિક ભૂખ ઉપર નિર્ભર છે. 'દૂત'આપણો ધાર્મિક સામાજિક મિત્ર છે. તેને આપણી સાથે રાખવો જોઈએ.

— કુ. ફિલોમીના પરમાર (યુ.એસ.એ.)

## (૪)

ફેબ્રુઆરી ૨૦૧૪ના દૂતના મુખપૃષ્ઠ ઉપર 'સંત જોન દે બ્રિતો'નું ચિત્ર, તહેવારની ઉજવણીરૂપે છાપી, તહેવારની ઉજવણી કરાવ્યાનો અહેસાસ કરાવ્યો.

તંત્રીની કલમેથી પ્રેમના મર્મને સમજવાનું પર્વ - વેલેન્ટાઈન ડેમાં 'Love is the beauty of soul'અર્થાત્ પ્રેમ એ આત્માનું સૌંદર્ય છે. પ્રેમ વિનાનું જીવન સૂર્ય વિહોણા બગીચા જેવું છે. જેમ પુષ્પ સૂર્ય વગર ખીલી શકતું નથી, તેમ મનુષ્ય પ્રેમ વિના રહી શકતો નથી. તેવી જ રીતે 'દૂત' પણ એક એવું સામયિક છે, જે પ્રેમથી પણ વધારે આપણા જીવનરૂપી સંસારમાં હૂંફ આપે છે, 'દૂત' વગર પણ ચાલતું નથી. ધન્યવાદ. તંત્રીશ્રીનો આભાર.

બ્રધર પતરસ મુન્ડુ લિખિત ઈશ્વરની વાણીઃ સર્વોત્તમ ભેટ અને આજ્ઞા એટલે મા અને બાળક. એક બાજુ પ્રેમ અને બીજી બાજુ આજ્ઞા. જેવી રીતે એદનવાડીની ભેટ સાથે અમુક આજ્ઞાઓ પણ આપે છે. બ્રધર પતરસ મુન્ડુને અભિનંદન.

સંધ્યા ફિલિપભાઈ લિખિત લેખ વાંચ્યો. ખૂબજ ગમ્યો. અને છેલ્લે, ઈસુનો સંદેશ અને સ્થાનિક લોકોના માનસનો સમન્વય નહીં હોય તો, ઈસુના મૂલ્યો, ઈસુનાં પ્રેમનો સંદેશો, શબ્દોની ફેંકાફેંકી કે સૂત્રોચ્ચારનો અતિરેક જ હશે. અન્યાયી સામાજિક માળખાનો વિરોધ, શોષણ સામેનો આક્રોશ, એ ગુમાવેલી અસ્મિતા પાછી મેળવવાની ઝંખના છે, સાચા ન્યાયી સમાજની માંગ છે. ઈસુના રાજ્યની ઘોષણાના મૂળમાં પ્રેમ છે. માટે પ્રેમનો રસ્તો ગ્રહણ કરો. બીજુ બધુ આવી મળશે, કારણ કે પ્રેમ ભગવાન છે અને સામગ્રીનો સ્રોત પણ તેજ છે. સંપૂર્ણ પ્રેમ ભયને નિર્મૂળ કરે છે.

— ઈગ્નાસ કે. પરમાર (ખડગોધરા)

## (૫)

પાવન હૃદય દૂત, ૨૦૧૪ માહે ફેબ્રુઆરીનું વાંચન કર્યું. સૌ પ્રથમ મુખપૃષ્ઠ પર નિહાળેલ સંત જોન દે બ્રિતોનું લાવણ્યમય અને ગંભીર એક હાથમાં લાકડી અને બીજો હાથ ક્રૂસ પર લદાયેલ જોઈ, હૃદય હલબલી ઉઠ્યું. પ્રથમ દૃષ્ટિએ સંત જોન દે બ્રિતોની શહાદતની ભૂમિ આંખો સમક્ષ તરવરવા લાગી. શિરચ્છેદ થયેલ તેમનું સ્મારક નજર આગળ આવી ગયું.

સંત જોન દે બ્રિતોની માહિતી તેમજ ચિત્ર શહાદતની ભૂમિકા, દર્શને જવા ઈચ્છા જગાવશે. સુંદર ચિત્ર કંડારવા બદલ કલાકારને અભિનંદન.

અન્ય લેખન શૈલીમાં શ્રી રાજુલ આઝાદ અનુ. લેખ 'વિશાળહૃદયનાં ઉઘાડાં દ્વાર ઈશ્વરભણી', ખૂબજ ઉંડાણ પૂર્વક રજૂ કરેલ, પૂજ્ય પાપા ફ્રાન્સિસના વ્યક્તિત્વના ઉજળાં પાસાંઓની માહિતી પ્રેરણાદાયી જણાઈ. અન્યને લાભદાયી રહેશે. શ્રી રાજુલ આઝાદને અભિનંદન. વધુમાં, સ્વપ્નની ભાષા એટલે માતૃભાષા - માતૃભાષાનું મહત્ત્વ સમજાવતો લેખ સમયોચિત જણાયો. શ્રી રાજુ મેકવાનને અભિનંદન.

વધુમાં, ઈસુની હાકલનું ઉત્થાન સમયોચિત અને પ્રેરણાદાયી જણાયો કૂવામાં હોય તો હવાડામાં આવે એ ન્યાયે. સંન્યસ્તવર્ગના સહવાસથી, ફાધર કમલેશ રાવલ એસ.જે.એ પોતાના સંન્યસ્ત જીવનના ફળરૂપે, સંન્યસ્તવર્ગ તેમજ માતાપિતાના પ્રદાનને રજૂ કરતો લેખ, આજે જ્યારે તેડામાં ઓટ આવી રહી છે, ત્યારે આ લેખ પ્રેરણાદાયી રહેશે તેમાં બેમત ન હોઈ શકે. ફા. કમલેશ રાવલ એસ.જે.ને કોટીકોટી અભિનંદન. છેલ્લે, 'દર્દીની મુલાકાતે' લેખ ઘણું બધું કહી જાય છે. જે લખાઈ ગયું છે, તે ઘણાએ અનુભવ્યું પણ છે. સાચે આ લેખ મનન-ચિંતન અને અમલમાં મૂકવા જેવો છે. સાચી અને સારી સમજ આપવા બદલ સિસ્ટર વિજ્યા. ઓ.પી. ને અભિનંદન. એકંદરે આ મહિનાના બધા જ લેખો અસરકારક જણાયા. સૌ લેખક મિત્રોને અભિનંદન. જયખ્રિસ્ત

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

# સંત જોસેફની ધાર્મિકતા વિશે બોધ

✍ અનુ. જોન ફિલિપ મેકવાન

(નામદાર વડાધર્મગુરુ સ્વ. પોપ જોન પોલ દ્વિતિયએ ૧૯ માર્ચે સંત જોસેફના તહેવાર નિમિત્તે આપેલું પ્રવચન, માર્ચ ૨૦૧૨ના અંગ્રેજી મેગેઝીન 'Petrus'માં હેઠળ પ્રકાશિત થયું છે. તેનો અનુવાદ અહીં પ્રસ્તુત છે.)

પ્રભુએ કહ્યું, "કોઈ શેઠ પોતાના નોકરોની દેખરેખ રાખવાનું અને તેમને સમયસર નીમેલુ સીધું આપવાનું કારભારીને સોંપી ગયો હોય, તો તે વફાદાર અને ડાહ્યો કારભારી ક્યારે ગણાય? શેઠ આવીને તેને એ પ્રમાણે કરતો જુએ તો જ. એના જેવો સુખી કોણ?" (લૂક ૧૨:૪૨,૪૩).

અને આ રીતે આજની ધાર્મિકવિધિ સંત જોસેફને એક આશીર્વાદિત કુમારી મારિયાના પતિ તરીકે અને આપણા તારણહાર પ્રભુ ઈસુના પાલક પિતા તરીકે રજૂ કરે છે. સંત જોસેફ એક વફાદાર, આજ્ઞાકારી અને સાલસ સ્વભાવના સેવક હોઈ, પરમેશ્વર પિતાની આજ્ઞાનું સ્વેચ્છાથી પાલન કરે છે. ઈશ્વર પિતાએ તેમને આ પૃથ્વી પર સોંપેલું કાર્ય કે જે પ્રભુ ઈસુના કુટુંબનું રક્ષણ અને રખેવાળી તે એક સાચા અને નિષ્ઠાવાન સેવક તરીકે પૂરી ભક્તિથી પૂર્ણ કરે છે, એટલું જ નહીં ઈસુના કુટુંબની સંપૂર્ણ જવાબદારી સંત જોસેફ પૂરી સત્યનિષ્ઠાથી અને પ્રેમપૂર્વક તથા ખંતથી નિભાવે છે. અને તેથી જ માતા ધર્મસભા સંત જોસેફને આપણી સમક્ષ એક અસાધારણ અને વિરલ વ્યક્તિની પ્રતિકૃતિરૂપે સ્થાપિત કરે છે કે જેણે ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરીને વફાદારીથી, ઈસુના પાલકપિતા તરીકે અને કુટુંબના રખેવાળ તરીકે નિઃસ્વાર્થભાવે સેવા કરી અને પ્રભુના મુક્તિ વિશેના રહસ્યમય મિશનકાર્યમાં સહાયરૂપ થયા.



માતા ધર્મસભા એ પણ માને છે કે સંત જોસેફ પ્રભુ ઈસુના કુટુંબના એક ખાસ સંરક્ષક અને આશ્રયદાતા હતા. અને તેથી જ આપણા પરમેશ્વર પિતા સંત જોસેફ ને તેમની સંત તરીકેની ઉજવણીના દિવસે ખાસ આપણી સમક્ષ એ રીતે રજૂ કર્યા છે કે જેના શક્તિશાળી સંરક્ષણ અને છત્રછાયા હેઠળ પરમેશ્વર પિતા ઈચ્છે છે કે ખ્રિસ્તી સમુદાયના લોકો જેઓ પિતા છે, વાલી છે, પાલકપિતા છે તે સૌ રક્ષણ પામે, આશરો મેળવે, કૃપા મેળવે અને સ્થાન ગ્રહણ કરે.

જ્યારે ઈસુ ૧૨ વર્ષની ઉંમરે તેમના માતાપિતા સાથે યરુશાલેમ જાત્રાએ ગયા હતા, ત્યાં તેઓ માતાપિતાથી વિખૂટા પડી ગયા હતા અને ત્રીજે દિવસે યરુશાલેમના મંદિરમાંથી મળ્યા હતા ત્યારે એમને જોઈને એમના માબાપના આશ્ચર્યનો તો કોઈ પાર ન રહ્યો, અને તેમની મા એ તેમને કહ્યું, "બેટા તેં આમ કેમ કર્યું? જો, તારા બાપુ અને હું તો તને શોધી શોધીને અરધાં થઈ ગયાં" (લૂક ૨:૪૮-૪૯) તેમણે તેઓને કહ્યું, "તમે શું કરવા મારી શોધ કરી? તમને ખબર નહોતી કે, હું તો મારા પિતાના ઘરમાં જ હોઈશ."

માતા મારિયા અને પુત્ર ઈસુ વચ્ચેનો આ સામાન્ય વાર્તાલાપ આપણે હમણાં જ ઉપરોક્ત સુવાર્તામાં વાંચ્યો અને જાણ્યું કે પવિત્રતાનો અને વફાદારીનો કેવો વિશેષગુણ સંત જોસેફમાં છે. તેઓ પરમેશ્વર પિતાની યોજના પ્રમાણે પ્રભુ ઈસુની અત્યંત કાળજી લઈ રહ્યા હતા. અને આ કાર્ય સંત જોસેફ એક માનવી હોઈને, ઘણીજ વફાદારીથી અને પૂરી નિષ્ઠાથી તથા ભક્તિથી પાર પાડી રહ્યા હતા. જ્યારે માતા મારિયા અને સંત જોસેફે ઈસુને શોધી કાઢ્યા બાદ કહ્યું કે હું અને તારા પિતા જોસેફ બન્ને કેટલા ચિંતિત થઈને ક્યારનાય તને શોધી રહ્યા હતા. ત્યારે ઈસુએ જવાબ આપ્યો કે, 'હું તો મારા પિતાના જ ઘરમાં હતો.' એનો અર્થ એ કે ઈસુએ ત્યાંજ હોવું જોઈએ. અને ચોક્કસ રીતે ઈસુના આ શબ્દો સંત જોસેફની પિતા તરીકેની ભૂમિકાના રહસ્યને સમજવા માટે ઘણાજ ઉપયોગી થઈ પડે છે. અને તેટલું જ નહિ, ઈસુ તેમના માતાપિતાને તેમના સ્વર્ગીયપિતા પરમેશ્વરની યાદ પણ દેવડાવે છે અને કુ. મારિયા તથા પિતા જોસેફની તેમના પ્રત્યે જવાબદારી શું છે? તેમનું કાર્ય શું છે? તે રહસ્ય પણ પ્રગટ કરે છે. ત્યારબાદ, જ્યારે માતા મારિયા કહે છે કે તારા પિતા જોસેફ અને હું બન્ને તને શોધી રહ્યા હતા, એટલે કે પતિ તરીકે અને પિતા તરીકે જોસેફ એક માત્ર મનુષ્ય હોઈ આ પૃથ્વી પરના ઈસુના પાલકપિતા હતા, રખેવાળ હતા, સંરક્ષક હતા કે જે સ્વર્ગીય પરમેશ્વર પિતાના આદેશ મુજબ કાર્ય કરી રહ્યા હતા તે સાબિત થાય છે.

નાઝરેથના જોસેફે પ્રભુ ઈસુ કે જે આપણા સ્વર્ગીય પિતા પરમેશ્વર તથા કુમારી મારિયાના એકના એક પુત્ર હતા, તેમની તથા તેમના કુટુંબની નિઃસ્વાર્થ સેવામાં પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું. તેઓ ક્યારેય પ્રભુ ઈસુની વિશેષ કાળજી લેવાનું ચૂક્યા નથી. તેમણે પૂરા તન-મનથી અને ભક્તિથી નાઝરેથના આ નમ્ર અને પવિત્ર કુટુંબની સેવા કરી રક્ષણ કર્યું અને પ્રભુના શ્રેષ્ઠ અનુયાયી તરીકે ઓળખાયા અને સાચા ભક્ત કહેવાયા. સંત જોસેફે આપણી ધર્મસભા માટે અને પ્રભુ ઈસુના રહસ્યમય શરીર માટે આ મિશનકાર્ય સતત આજસુધી ચાલુ જ રાખ્યું છે. તેથી સંત જોસેફને આપણે એક સામાન્ય વ્યક્તિ તરીકે ન જોતાં, પ્રભુ ઈસુના સાચા ભક્ત, સેવક અને પ્રથમ અનુયાયી તરીકે સ્વીકારીએ અને સર્વ સંતોમાં તેમનું સ્થાન શ્રેષ્ઠ સાબિત થાય તેવી પ્રભુને પ્રાર્થના કરીએ. ●

# મંદબુદ્ધિવાળાં બાળકોની માતાનું સન્માન

✍ **જયંતિભાઈ આર. પરમાર**



સિસ્ટર એલ્સા રોડ્રીગ્સ 'ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ - ૨૦૧૩'થી સન્માનિત કરવામાં આવ્યાં છે. મંદબુદ્ધિનાં બાળકો-યુવાનોની તેમની સેવા માટે આ એવોર્ડ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવ્યો છે ત્યારે દૂતના તંત્રીશ્રી અને શ્રી વિજય મેકવાન સાથે સિસ્ટરની મુલાકાત લઈ, તેમની સાથેના વાર્તાલાપને અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

સિસ્ટર એલ્સાનો જન્મ ૨જી ઓગષ્ટ, ૧૯૪૪માં સાઉથ અમેરિકાના કોલંબિયા દેશના બોગોટા ગામમાં થયો હતો. અવર લેડી ઓફ પિલાર સ્કૂલમાં અભ્યાસ કરતાં કરતાં, તેમનામાં સેવાનાં બીજાકુંર ફૂટ્યાં. સંત આન્ના મંડળનાં સિસ્ટરોથી એટલાં બધાં તો પ્રભાવિત થયાં કે પોતાની જાતનું સમર્પણ આ સંઘને કરી દીધું. તેમની ઈચ્છા હતી કે તે ગણિતશાસ્ત્રમાં પારંગત બની, ઉચ્ચ પદવી હાંસલ કરે અથવા પરિચારિકા (નર્સ) બની માંદાઓની માવજત દ્વારા ઈશ્વરનું સાન્નિધ્ય મેળવે. આ તો સાધ્વીસંઘ છે, મનની ઈચ્છા પ્રમાણે ના થાય, ઉપરીઓની (તેમના દ્વારા ઈશ્વરની) ઈચ્છા હતી કે તે મનોવિજ્ઞાન (સાઈકોલોજી) સાથે અનુસ્નાતક થાય. તેવું જ થયું. અભ્યાસના ભાગરૂપે, મંદબુદ્ધિનાં બાળકોની સેવાની તાલીમ મેળવી.

"મારો, પ્રભુ હે, ઘડનાર તું છે,
માતા તણા ગર્ભ મહીં જ તેં તો,
અંગાંગ સૌએ મુજ ગૂંથી લીધાં
(સ્તોત્રસંહિતા ૧૩૯ : ૧૩-૧૫)

સ્વ. રાઈટ રેવ. બિશપ ચાર્લ્સ ગોમ્સે તેમના માટે વીઝા માગ્યા. સિસ્ટર એલ્સાના આ વિશિષ્ટ અભ્યાસ અને તાલીમના કારણે ૧૯૭૮ માં તેમને ભારત આવવાના વીઝા મળ્યા. ઈશ્વરની યોજનાને સમજી શકવા આપણે અસમર્થ છીએ.

**પ્રશ્ન:** સિસ્ટર આપ પોતાનું વતન છોડી, ભારતની ભૂમિ પર આવ્યાં ત્યારે કેવું લાગ્યું?

**સિસ્ટર :** ઈસુ તો માત્ર બાર વરસની ઉંમરે જ ઘર છોડી જાહેર જીવનમાં આવ્યા હતા. ભગવાન ઈસુ મારી સાથે હોય પછી મને શી ચિંતા!

**પ્રશ્ન :** સિસ્ટર, મંદબુદ્ધિવાળાં બાળકોની સેવા કરવાની પ્રેરણા આપને કેવી રીતે મળી?

**સિસ્ટર :** હું મારા અભ્યાસ દરમિયાન મંદબુદ્ધિનાં બાળકોના સંપર્કમાં આવી. મેં જોયું કે વિકલાંગ વ્યક્તિઓમાં એક કે વધુ અંગ અર્ધવિકસિત કે અવિકસિત હોય છે. પણ તેમની બુદ્ધિ બરાબર કામ કરતી હોય છે. ક્યારેક વિકલાંગોમાં સામાન્ય કરતાં વધુ સમજ હોય છે. આવી વ્યક્તિઓ ભૂખ, તરસ, આનંદ, ક્રોધ જેવી લાગણીઓ અભિવ્યક્ત કરી શકે છે. જ્યારે મંદબુદ્ધિવાળી વ્યક્તિ નથી વેદનાને વાચા આપી શકતી કે નથી આનંદને શબ્દોમાં વર્ણવી શકતી. લાગણી પ્રગટ કરવી અઘરી છે. આવી વ્યક્તિઓને જોઈ મારું હૃદય દ્રવી ઉઠ્યું. મારા અંતરાત્માનો અવાજ મને સંભળાયો, "જોઈ શું રહી છે. સેવામાં લાગી જા!"

**પ્રશ્ન:** આવાં બાળકો આપની સંસ્થામાં કેવી રીતે આવ્યાં? આવાં બાળકો મેળવવામાં (શોધવામાં) તમને કોઈ તકલીફ પડે છે?

**સિસ્ટર :** સૌ પ્રથમ મણીનગરમાં ભાડાનાં મકાનમાં અમારું મિશનકાર્ય શરૂ કર્યું. પિન્કી પછી જીમી અને રૂથ એમ ત્રણ બાળકોથી તેમનું સેવા કાર્ય આગળ વધ્યું. મકાન નાનું પડતાં ૧૯૮૬માં સંત આન્ના મંડળે બાપુનગર, ઈન્ડિયા કોલાનીમાં મોટા ઘરની સુવિધા પૂરી પાડી, જે માધુર્યભુવનના નામથી ઓળખાયું. પાંચ વરસથી પંદર વરસની ઉંમર સુધીનાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. દર વરસે ૧૦-૧૦ બાળકો આશ્રમ આવવાં લાગ્યાં. અત્યારે બાપુનગરમાં ૧૨૫ બાળકોની સંખ્યા છે, જેમાં પચ્ચીસ બાળકો હોસ્ટેલમાં રહે છે. બાકીનાં બાળકોને શિશુ સંભાળ કેન્દ્રમાં (ડે કેર) રાખવામાં આવે છે, જેમાં તેમણે ૧૯૮૬ થી ૨૦૦૦ સુધી મંદબુદ્ધિવાળાં બાળકોની સેવા કરી.

**પ્રશ્ન:** તમારા જીવનમાં કોઈ એવી મહત્ત્વની ઘટના ખરી, જેને યાદ કરતાં આજે પણ આપને ખૂબ આનંદ થાય?

સિસ્ટરનો ચહેરો ખીલી ઉઠ્યો, આનંદસભર ગર્વથી કહેવાં લાગ્યાં, "આ જગ્યા, જ્યાં આપણે બેઠાં છીએ, તે ખૂબજ મોકળાશ અને વિશાળ જગ્યા સહિત બુધાસણમાં મકાન શરૂ થયું. તેનો વધારે આનંદ છે. સત્તર વરસની ઉંમર પછી બાપુનગરનાં બાળકોનું શું? મને સતત આ ચિંતા સતાવતી. નાનાં બાળકોને ઓછી જરૂર, પણ આ બાળકો મોટાં થતાં તેમને વધારે મદદની જરૂર રહે છે. અહીંયા ૧૭ વરસથી લઈને ૨૫ વરસ સુધીનાં યુવાનોને પ્રવેશ આપવામાં આવે છે. તેઓ માટે માધુર્યભુવન આજીવન આશરો છે. અત્યારે ૪૭ છોકરીઓ અને પંદર છોકરાઓ છે. વેકેશનમાં જેમના વાલીઓ છે



ખુરશીઓની સગવડ અને મોટા સ્ક્રીનવાળા ટી.વી. સાથેનો વિશાળ ખંડ. શયન ખંડમાં હારબંધ પલંગમાં વ્યવસ્થિત પથારી, દરેક માટે અલાયદા પલંગ સાથે એક ખુરશી ગોઠવેલી, સામે કપડાં-લતાં મૂકવા માટે લોકર.

આ બાળકોના આવાસની સામે જ બે મજલાનું સ્કૂલનું મકાન. બાળકોને એવું લાગવું જોઈએ કે અમે શાળામાં ભણવા જઈએ છીએ. તેઓ પણ બેગ લઈને શાળામાં જાય છે. ગોઠવણ એવી કરવામાં આવી છે કે દશ-દશ બાળકો, વારાફરતી દરેક વર્ગમાં ભાગ લઈ શકે. અભ્યાસના વર્ગમાંથી ૧૦ બાળકો સંગીતના વર્ગમાં જાય,

તેઓને ફરજિયાત ઘરે મોકલવામાં આવે છે, જેઓ અનાથ છે તેઓ હંમેશાં અહીંયાં જ રહે છે.

**પ્રશ્ન:** આ બાળકોની સાર-સંભાળ કોણ રાખે છે?

અમારાં આઠ સિસ્ટરો ઉપરાંત બીજો સ્ટાફ છે. અહીંયાં સ્ટાફ મળવો મુશ્કેલ છે. મંદબુદ્ધિનાં બાળકોને સમજી શકે, તેમને પ્રેમથી રાખી શકે, તેમનું અંગત કામ કોઈ પણ જાતના છોછ વગર કરી શકે આવી વ્યક્તિઓ મળવી અઘરી છે. બીજું કે સ્ટાફ નજીકમાં જ રહેતો હોવો જરૂરી છે. અત્યારે જે સ્ટાફ છે તે ખૂબજ સારો છે.

એકાએક સિસ્ટરને કંઈક યાદ આવ્યું હોય તેમ ઘડિયાળમાં જોયું. બપોરના બારનો ટાઈમ થયો હતો. એકદમ ઉભાં થઈને કહેવા લાગ્યાં, "ચાલો ચાલો, બાળકોને જમવાનો ટાઈમ થયો, બાળકો જમીને ત્રણ વાગ્યા સુધી આરામ કરશે." મા કરતાંય વધારે ચિંતા રાખનાર સિસ્ટર એલ્સાની ચિંતા અને કાળજી જોઈ હું મંત્રમુગ્ધ થઈ ગયો. ભોજનખંડમાં અલગ-અલગ હારબંધ બેઠેલાં યુવક-યુવતીઓ. સ્વચ્છ અને સુઘડ ભોજનખંડ અને એટલો જ સ્વચ્છ, બાળકોનો પોષાક. પહેલી નજરે તમને એવું પણ ન લાગે કે આ મંદબુદ્ધિનાં બાળકો હશે. યુવાનો સાથે મેં હાથ મિલાવ્યો તો મને માધુર્યભુવનની મધુરતાનો અનેરો સ્પર્શ થયો. તંત્રીશ્રીએ બાળકોનો પ્રેમ મેળવ્યો તો વિજયભાઈએ વિડીઓ-કેમેરામાં આ અણમોલ સ્નેહને ક્લીક કર્યો. એક સિસ્ટર અને એક સેવિકાબેન ટેબલ પરથી ભોજનની સામગ્રી પીરસતાં અને એજ રીતે ભોજનની જૂઠી થાળી સિસ્ટર ભેગી કરતાં. બાળકો મનોરંજનથી વંચિત ના રહે તે માટે આરામદાયક

એટલે બીજાં દશ બાળકો અભ્યાસના વર્ગમાં જાય. કોઈ ગેરવ્યવસ્થા ના થાય તેની તકેદારી રાખવામાં આવે છે. એડમિનિસ્ટ્રેટરની ઓફિસની બાજુમાં ક્લાર્કની ઓફિસ, મુલાકાતીઓ માટેનો રૂમ, બીમાર બાળકોની સારવાર કરવા માટે નિયમિત ડોક્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે, આ માટે ડોકટરનો રૂમ, સ્ટાફરૂમ, છોકરા અને છોકરીઓના અભ્યાસ માટે અલાયદા વર્ગખંડ, સંગીત માટે મ્યુઝીક રૂમ, જેમને એ.બી.સી.ડી આવડે છે તેઓ કમ્પ્યુટર પર રમત રમે છે. યુવતીઓ વોલપીસ, તોરણ, ગ્રીટિંગ કાર્ડસ બનાવે છે. આ માટે એક અલગ વર્કશોપ. યુવાનો પગ લૂછણિયાં, ફાઈલ, કવર વિગેરે બનાવે છે તેના માટે વર્કશોપ. એક સ્ટોરરૂમ.

**પ્રશ્ન:** તમારી આ સંસ્થાની કાયદેસરની નોંધણી થયેલી છે? તમને સરકારી સહાય મળે છે?

સામે દીવાલ પર લટકાવેલું નોંધણી રજિસ્ટ્રેશન બતાવતાં સિસ્ટર કહે છે, "આ નોંધણી થયેલી છે અને દર વરસે આ નોંધણી તાજી કરાવવી પડે છે. અત્યાર સુધીમાં માત્ર એક જ વાર ગ્રાંટ મળી છે. પછી કશું જ નહીં."

**પ્રશ્ન:** આર્થિક સહાય વગર આ સંસ્થા કેવી રીતે ચાલે છે. દાતાઓ તરફથી દાન મળે છે?

**સિસ્ટર:** એક બાળકની બે હજાર રૂપિયા ફી રાખવામાં આવી છે. દરેક જણ આ રકમ ભરી શકતાં નથી. જેમની સ્થિતિ સારી છે તે જ આ રકમ ભરી શકે છે. અમુક અનાથ બાળકો છે. અમુક

ઘણાં ગરીબ બાળકો છે. તેમની પાસે ફીની આશા ના રાખી શકાય. બાળકોના ખોરાક-પાણીનો ખર્ચ, સંભાળનાર-સાચવનારનો પગાર, સ્ટાફનો ખર્ચ, ઈલેક્ટ્રિસિટી આ બધું ગણીએ તો ઘણું મોટું ખર્ચ થાય. આ તો સંસ્થા છે એટલે ચાલે છે.

આ વિસ્તારમાં તવંગર લોકો નથી, જેથી દાનની આશા ના રાખી શકાય. હા, અમુક લોકોને ત્યાં લગ્ન કે જન્મદિન જેવા પ્રસંગોએ બાળકો માટે જમવાનું મોકલે છે. બહારથી ક્યારેક કોઈ દાતાઓ તરફથી દાન મળે છે. અમારા ટ્રસ્ટને 80-G ની સુવિધા મળેલી છે.

**પ્રશ્નઃ** સિસ્ટર, આપને કોઈ દુઃખદ અનુભવ હોય તો જણાવશો.

**સિસ્ટરઃ** એવો કોઈ અનુભવ થયો નથી, જેનાથી મને દુઃખ થયું હોય! બાળકોના વાલીઓ અમારા કામને સમજી શકે છે. તેઓ અમારા કામની કદર કરે છે. જેઓનાં સંતાનો મંદબુદ્ધિનાં નથી, તેઓના વાલીઓ અમારા કામને સમજી શકતા નથી ત્યારે અમારી લાગણી દૂભાય છે. અમારે માન નથી જોઈતું પરંતુ તેમણે અમારા કાર્યનું મહત્ત્વ સમજવું જોઈએ.

**પ્રશ્નઃ** સિસ્ટર, આપને જ્યારે એવોર્ડ મળ્યો છે ત્યારે આપ કેવી લાગણી અનુભવો છો?

**સિસ્ટરઃ** "હું એવોર્ડ માટે કામ કરતી નથી, એવોર્ડ મળે કે ન મળે, હું મારું કામ ચાલુ રાખીશ. જ્યારે આ કામના પચ્ચીસ વરસ થયાં ત્યારે 'એસોશિએટ્સ ઓફ પેરેન્ટ્સ' તરફથી મને સન્માન મળ્યું છે, ત્યાં સામે દીવાલ પર સન્માન પત્ર ટિંગાડેલું છે. 'ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ' મળતાં હું એટલું જરૂર કહીશ કે હું ઈસુની શિષ્યા છું. તેમનાં મૂલ્યો એ મારું કર્તવ્ય છે. હું તેમના થકી કામ કરું છું એટલે મારું સન્માન એ ઈસુનું સન્માન છે. ગુજરાતની કેથોલિક ધર્મસભાનું સન્માન છે. જ્યારે ધર્મસભાનું સન્માન થતું હોય તેનો મને જરૂર આનંદ હોય," સિસ્ટરે ખૂબજ શાંતિથી અને પૂરી નમ્રતાથી જવાબ આપ્યો.

**પ્રશ્નઃ** સમાજ માટે આપ કોઈ સંદેશ આપશો?

**સિસ્ટરઃ** દરેક બાળક એ ઈશ્વરનું સંતાન છે. સમાજે આવાં બાળકોને સ્વીકારવાં જોઈએ. મંદબુદ્ધિનાં બાળકો એ ગાંડાં નથી, તેમનામાં સામાન્ય કરતાં બુદ્ધિ ઓછી હોય છે. આવાં બાળકો પ્રત્યે વધારે સહાનુભૂતિ રાખવી જોઈએ. સમાજમાં તેમનું સ્થાન હોવું જોઈએ. તેઓને પ્રેમ અને તેમના અધિકાર મળવા જોઈએ.

ઈશ્વરે કહ્યું છે, "તેં અદનામાં અદના માટે જે કર્યું છે તે મારા માટે જ કર્યું છે"

અવિસ્મરણીય મુલાકાત બાદ, વિદાય લેવાના સમયે અમારા ચહેરા પર અનેરી પ્રસન્નતા છલકતી હતી, તો સિસ્ટરના ચહેરા પર સંન્યાસીને છાજે એવું ગાંભીર્ય ને પરમ સંતોષની લાગણી! ●





# ઉઘાડી આંખે દીઠું એક સપનું...

✍ રાજેશ ક્રિશ્ચિયન

મહત્ત્વની પરીક્ષાના પરિણામ જાહેર થાય ત્યારે, જ્વલંત સિદ્ધિ મેળવતા ઝગમગતા તારલાઓની સફળતાને બિરદાવતા અનેક સમાચાર જાણવા મળે છે. ચાલુ વર્ષે જાન્યુઆરીની બાવીસ તારીખે, આણંદ કૃષિ યુનિવર્સિટીનો દસમો પદવીદાન સમારંભ યોજાઈ ગયો ત્યારે એક કેથલિક કિશોરીના નામે ૧૫ ગોલ્ડ મેડલની સિદ્ધિ જાહેર થઈ. ગુજરાતભરનાં અખબારો અને ટી.વી. ચેનલોએ તેની સિદ્ધિને બિરદાવી. સિલ્વિયા સિક્વેરા નામની આણંદની રહીશ આ યુવતીએ, પોતાના પરિવારની સાથે સાથે ખ્રિસ્તી સમાજનું નામ પણ રોશન કર્યું છે.

મૂળ મેંગ્લોરના વતની અને હાલ આણંદમાં રહેતા જેરોમ સિક્વેરા અને એલિસાબેથના ત્રણ સંતાનોમાં બે પુત્રીઓ અને એક પુત્રનો સમાવેશ થાય છે. ત્રણે ભાઈ-બહેનોમાં સિલ્વિયા સૌથી મોટી. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી. અંગ્રેજી માધ્યમમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વલ્લભ વિદ્યાનગરમાંથી મેળવ્યું. વગર ટ્યૂશને દસમા ધોરણમાં ૮૬% અને બારમા ધોરણમાં ૭૮% ગુણ પ્રાપ્ત કર્યા. મોટાભાગના લોકોની પ્રથમ પસંદગી એવા એન્જિનિયરિંગમાં પ્રવેશ મળે તેમ હતું. દાહોદની કોલેજમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મળતો હતો, પરંતુ સિલ્વિયાને તો કોઈક અલગ જ ફિલ્ડ પસંદ કરવું હતું. તેણે આણંદની વિખ્યાત કૃષિ યુનિવર્સિટીમાં ડેરી સાયન્સમાં અભ્યાસ માટે પ્રવેશ પરીક્ષા આપી. મેરીટ લિસ્ટમાં ૧૦ માર્ક ઓછા આવતાં, તેને સેલ્ફ ફાયનાન્સમાં પ્રવેશ મળે તેમ હતું. સ્વનિર્ભર કોલેજમાં ઊંચી ફીનું ધોરણ અને સામે પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ નાજુક. પિતા જેરોમભાઈ, આણંદમાં જિંટોડિયા રોડ પર મોટર મિકેનિકનું કામ કરે છે, જ્યારે માતા ગૃહ સંસાર સંભાળે છે. કૃષિ વિદ્યાલયમાં એડમિશનના સમયે, પિતા પાસે રોકડ બચત એવા ફક્ત રૂા. ૪૦૦૦/- જ હતા. આવી તંગ પરિસ્થિતિમાં પણ પિતાએ પુત્રીને પ્રોત્સાહન આપતાં જણાવ્યું હતું, "બેટા, તું ભણ - ટેન્શન હું લઈશ" જેરોમભાઈ જે જગ્યા પર મિકેનિકનું કામ કરે છે, તે જગ્યાના માલિક રાહુલભાઈ પટેલે રૂપિયા પચાસ હજારની આર્થિક મદદ કરી અને સિલ્વિયાએ કૃષિ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. ત્યારબાદ, બેંકમાંથી લોન લઈ પોતાનો અભ્યાસ પૂરો કર્યો. એકાગ્રતા અને નિશ્ચિત ધ્યેય તરફ મીટ માંડીને પંદર ગોલ્ડ મેડલ અને બે રોકડ પુરસ્કાર સાથે, બી.ટેક.ની ડિગ્રી મેળવી. સિલ્વિયાને ડેરી સાયન્સમાં બેસ્ટ સ્ટુડન્ટ, સાતમા અને આઠમા સેમીસ્ટરમાં સૌથી વધુ ગુણ. ડેરી ટેક્નોલોજી, ડેરી કેમિસ્ટ્રી, ડેરી એન્જિનિયરિંગ, ડેરી માઈક્રો બાયોલોજી, અને ડેરી બિઝનેસ મેનેજમેન્ટ જેવા વિષયોમાં ૧૫ સુવર્ણ ચંદ્રકો પ્રાપ્ત થયા છે. ડેરી સાયન્સમાં બેસ્ટ સ્ટુડન્ટ ગોલ્ડ મેડલ અને ગર્લ્સ સ્ટુડન્ટ કેશ પ્રાઈઝ ઉપરાંત ડો. વર્ગીસ કુરિયન એવોર્ડની હકદાર બની છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામની હાજરીમાં, ગુજરાતના રાજ્યપાલ ડો. કમલા બેનીવાલના વરદ્‌હસ્તે, સિલ્વિયાને આ બધા પુરસ્કારો એનાયત થયા હતા.



**એવોર્ડ સ્વીકારતા સિલ્વિયા સિક્વેરા**

ઘેટાંની જેમ મિત્રોની દોરવણીથી એક જ પ્રવાહ ભણી આંધળી દોટ મૂકતી આજની યુવા પેઢીને, એક અનોખું ઉદાહરણ પૂરું પાડતાં, સિલ્વિયાએ એક અલગ જ ફિલ્ડમાં પ્રવેશ લઈ, આર્થિક સંકડામણની વચ્ચે અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પોતાની સફળતાનો જશ તે પોતાના પરિવારને, ખાસ કરીને પિતા જેરોમભાઈને આપે છે. જ્યારે મેં સિલ્વિયા સાથે વાત કરી ત્યારે તેના અવાજમાં રહેલી ભાવુક્તાને હું અનુભવી શક્યો હતો. માતા-પિતાએ વેઠેલ હાડમારી અને તેમના ત્યાગને આજની મોર્ડન જમાનાની આ યુવતી જરાપણ ભૂલી નથી. પરિવારની મદદ અને પ્રોત્સાહનની સાથે સાથે "ભગવાન અને માતા મરિયમની હંમેશાં અમારા પર કૃપા રહી છે" એમ જણાવતાં તે ઈશ્વરનો આભાર માનવાનું પણ ભૂલતી નથી.

સિલ્વિયાનો ઉછેર એક ધાર્મિક કુટુંબમાં થયો છે. માતા-પિતા બંનેને માતા મરિયમમાં અપાર શ્રદ્ધા. ઘરમાં દરરોજ ગુલાબમાળા અને પ્રાર્થનાનું વાતાવરણ જોવા મળે. બિન-ગુજરાતી હોવા છતાં, છેલ્લાં વીસ વર્ષથી તેઓ 'દૂત'ના ગ્રાહક પણ છે. તેમની સાથેની મુલાકાત વખતે જેરોમભાઈએ જણાવ્યું કે મુશ્કેલીઓ અને આર્થિક સંકડામણના સમયે પણ, તેમને હંમેશાં માતા મરિયમની અઢળક કૃપા પ્રાપ્ત થઈ છે. ખંભોળજની અનાથોની માતા ઉપર તેમને અખૂટ

શ્રદ્ધા. સામાન્ય રીતે લોકો માનતા માને અને ઈચ્છા ફળે ત્યારે ખંભોળજ જઈ મીણબત્તી અને ફૂલહાર ચઢાવે છે. જ્યારે જેરોમભાઈ જ્યારે પણ કોઈ મુશ્કેલ ઘડી આવે ત્યારે તે જ સમયે ખંભોળજ દેવળ બહાર ફૂલહાર-મીણબત્તી વેચતા સંદીપને ફોન કરી, અનાથોની માના ચરણે અર્પણ કરવા જણાવી દે છે. મારી સાથેની મુલાકાત વખતે જેરોમભાઈએ મા મરિયમની કૃપાની ઘણી વાતો જણાવી, જેમાંની ઘણી કૃપાઓ તો લગભગ ચમત્કાર જ ગણી શકાય. બાળકોને ભણતરમાં પણ કુટુંબનો પૂરો સહકાર. આજની પેઢીને તેમના ધ્યેયથી દૂર હડસેલતાં એવાં ટી.વી અને મોબાઈલથી તેમણે બાળકોને દૂર રાખ્યાં છે. ઘરમાં ટી.વી. ખરું પણ વેકેશનના બે મહિના પૂરતું જ ચેનલ શરૂ કરાવે છે. બાકીનો સમય ટી.વી. પણ બંધ. ટી.વી ન હોવાને લીધે, રોજ સાંજે જમ્યા પછી સમગ્ર પરિવારને સાથે બેસી વાતચીત અને ચર્ચા વિચારણા કરવા પૂરતો સમય મળી રહે છે. બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહન અને માર્ગદર્શનની સાથે સાથે, ઈશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતું આદર્શ કુટુંબ કહી શકાય, અને સિલ્વિયાએ પણ મા-બાપના ત્યાગને સતત મનમાં સંઘરી રાખી, પોતાની મહેનત વડે મેળવેલ જ્વલંત સિદ્ધિ દ્વારા તેમને બિરદાવ્યા છે. હાલમાં સિલ્વિયા હરિયાણાના કરનાલ ખાતે નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે ડેરી માઈક્રો બાયોલોજી વિષયમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહેલ છે. તેની ઈચ્છા ઉચ્ચ અભ્યાસ કરી, પી.એચ.ડી મેળવી, ડેરી સાયન્સમાં અધ્યાપન ક્ષેત્રે કારકિર્દી બનાવવાની છે. સિલ્વિયા તને અમારા તરફથી ઓલ ધ બેસ્ટ... ●



**સિલ્વિયા સિક્વેરા કુટુંબીજનો સાથે**


# DARJEELING PROVINCE WELCOMES YOU

વહાલા મિત્રો,

ધો.૧૨, B.A. અને B.Sc., પછી શું? આ બધી ડીગ્રીઓ પછી વિકલ્પો તો અનેક હશે પણ, શું તમે અનોખો વિકલ્પ લેવા માંગો છો? પુરોહિત બની ઈશ્વરની સેવા કરવા માંગો છો? જો તમે પુરોહિત બની દાર્જિલિંગ પ્રાંતમાં સેવા આપવા ઈચ્છતા હોય, તો દાર્જિલિંગ પ્રાંત આપ સૌનું હાર્દિક સ્વાગત કરે છે. આવો, એક નવી હાકલની ખોજ કરીએ.

સંપર્ક:

Fr. Bijay K. Kindo SJ
Prabhu Jisu Residence, Post Box – 3, Matigara – 734010
Dist- Darjeeling, West Bengal
Mo. No: 08145808805

# "જે કર ઝૂલાવે પારણું, તે જગત ઉપર શાસન કરે"

✍ જયંત એમ. પરમાર 'રાજબંધુ'

યહૂદી ભાષામાં કહેવત છે, 'ઈશ્વરપિતાએ નારીને જન્મ આપી, માનવજાતિ ઉપર મોટો ઉપકાર કર્યો છે. અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ. સર્વવ્યાપી હોવા છતાં, પોતાની ખોટ પૂરી કરવા સ્ત્રી બનાવી. (ઉત્પત્તિ ૧:૨૭) સ્ત્રી એ ઈશ્વરનું ગમતું નિર્માણ છે. કવિ મિલ્ટને ગાયું છે, 'ઈશ્વરે પુત્રી અને સ્ત્રીને સર્જીને, જગતમાં પ્રેમ અને સુખનું સર્જન કર્યું છે.'

૨૧મી સદીના કમ્પ્યુટર યુગમાં એ જ નારીને માત્ર સૌંદર્યના માપદંડે તોલવામાં આવે છે. તેનાં કરતાં તેની બૌદ્ધિકતા, વિચારસરણી, સદ્‌વૃત્તિ, મૃદુતા, કરુણા, મમતા અને માતૃત્વનાં મૂલ્યો પણ જોવાં જોઈએ. તેથી લેખક પુલર લખે છે કે, 'મારો દીકરો કુંવારો છે, તેનાં લગ્ન થતાં સુધી તેની પત્ની નથી આવતી, ત્યાં સુધી જ મારો દીકરો છે, પણ દીકરી આખી જિંદગી મારી દીકરી છે.' દીકરો પિતાના કુળને તારે યા મારે, પણ દીકરી ત્રણ પરિવારને તારે છે. પિયર અને મોસાળ તથા સાસરાપક્ષને.

આજના નવયુગમાં જે પરિવર્તનનો પવન ફૂંકાયો છે, તેમાં સ્ત્રીઓએ પોતાની ધગશ, ધૈર્ય, ધીરજ અને ધરપતથી પોતાનું સ્થાન સમાજ અને વિશ્વમાં બુલંદ બનાવ્યું છે. સંસ્કૃતમાં કહ્યું છે, 'જે ઘર, સમાજમાં સ્ત્રીઓની પૂજા થાય છે, ત્યાં હંમેશાં ઈશ્વરનો નિવાસ છે. આધુનિક નારી પુરુષ સમોવડી બની છે છતાં સ્ત્રીભૃણ હત્યા કેમ? સ્ત્રી હત્યા કેમ? તેના પર બળાત્કાર કેમ ગુજારવામાં આવે છે? પ્રતિવર્ષ આંતરરાષ્ટ્રીય 'મહિલા દિન' ઉજવવાનો હેતુ શો?

યુ.એન.ઓ.ના અહેવાલ મુજબ વિશ્વમાં નારીની સ્થિતિ દયનીય કેમ છે? જગતમાં આજે પણ સ્ત્રીઓનું યોગ્ય અને યથોચિત સન્માન કેમ થતું નથી? ઉલટાનું સ્ત્રીઓને અપમાનિત કરી, કઠપૂતળીની જેમ નાચ નચાવે છે. તો પછી પ્રશ્ન ઉઠે છે કે, 'મહિલા દિન' શા માટે? 'પુરુષ દિન' કેમ નહિ? આજની આધુનિક નારીઓને કેમ મહિલાદિન જોઈએ છીએ? આવા પ્રશ્નોના ઉત્તરો આજે પણ વણ ઉકેલાયા જ રહ્યા છે. તેનો સાચો ઉત્તર ક્યારે મળશે?

વિશ્વના નારી ઈતિહાસમાં માતા, પત્ની કે બહેન તરીકે ધાર્મિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે નારીરત્નોમાંથી અનેક સન્નારીઓએ, પોતાનાં જીવનોને ઉજ્જવળ બનાવીને આદર્શ દૃષ્ટાંતો આપ્યાં છે. પરિવાર, સમાજ, દેશ કે વિશ્વના ઉત્થાન, વિકાસ અને નવક્રાંતિ માટે પોતાનાં બલિદાનો આપ્યાં છે. મહાપુરુષોનાં ચરિત્રોમાંથી પણ પ્રગટ થાય છે કે તેમના જીવનઘડતરમાં, યેન-કેન-પ્રકારેણ નારીઓનો અમૂલ્ય હિસ્સો રહેલો છે.

દેશ અને દુનિયાના અતીત અને વર્તમાનમાં અનેક ચરિત્રો ઉપલબ્ધ છે. કોમળતા, દયા, સહિષ્ણુતા, પ્રેમ અને મમતા, પતિપ્રેમ, માતૃપ્રેમ, સતીત્ત્વ, શૌર્ય, સમર્પણ, સેવા અને સદ્‌ભાવનાના સદ્‌ગુણોથી વિભૂષિત સન્નારિઓનાં ચરિત્રો જોતાં, સ્ત્રીશક્તિની મહાનતા પીછાણી શકાય છે. સ્ત્રી અને પુરુષ સાથે મહાન સિદ્ધિઓ થયેલી છે. પ્રશ્ન માત્ર વિરાસતનો છે. એ વિરાસત પુરુષવર્ગે મેળવી છે અને સદીઓ પર્યંત ભોગવી છે; અને ભોગવતા આવ્યા છે. આજે પણ ભોગવે છે. ફક્ત સ્ત્રીવર્ગને જ ભોગવવાની બાકી છે.

સ્ત્રી જગતે જે વિરાસત મેળવવાની બાકી છે તે છે સ્વતંત્રતા, સુરક્ષા, સ્વયંભૂનિર્ણય, સત્તામાં સહભાગીતા શિક્ષણ અને વ્યક્તિત્ત્વ વિકાસની, નિર્ભયતાથી પોતાના અભિપ્રાયો આપવાની, હક્કો અને ફરજો સાથે અધિકારો ભોગવવાની. હિંસા અને અત્યાચાર તથા બળાત્કારના ભય વિના ખુલ્લા આસમાનમાં, પક્ષીની જેમ મુક્તમને ઉડાન ભરવાની અને વિચારવાની તકો મળી નથી.

**સ્ત્રી જગતે જે વિરાસત મેળવવાની બાકી છે તે છે સ્વતંત્રતા, સુરક્ષા, સ્વયંભૂનિર્ણય, સત્તામાં સહભાગીતા શિક્ષણ અને વ્યક્તિત્ત્વ વિકાસની, નિર્ભયતાથી પોતાના અભિપ્રાયો આપવાની, હક્કો અને ફરજો સાથે અધિકારો ભોગવવાની. હિંસા અને અત્યાચાર તથા બળાત્કારના ભય વિના ખુલ્લા આસમાનમાં, પક્ષીની જેમ મુક્તમને ઉડાન ભરવાની અને વિચારવાની તકો મળી નથી.**

સને ૧૯૧૦માં કોપન હેગનમાં આંતરરાષ્ટ્રીય સંમેલનમાં માર્ચ આઠના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલાદિન'ની ઘોષણા થઈ હતી. તેને યુનાઈટેડ નેશન્સ (યુ.એન.) દ્વારા બહાલી આપવામાં આવી હતી. ત્યારથી આજ સુધી પ્રતિવર્ષે 'મહિલા વર્ષ' ઉજવવામાં આવે છે. તેનાં પણ સો-સો વર્ષનાં વહાણાં વહી ગયાં. ૨૦૧૪ની સાલ પણ આવી ગઈ, છતાં જૈસે થે જેવી સ્થિતિ ઊભી છે.

સ્ત્રીઓના સામાજિક મોભાની વાત કરીએ તો હજી પણ ઠેરના ઠેર છીએ. ભારતના દરેક સમાજમાં ગર્ભપાતનો દોર ચાલુ જ છે.

આજે પણ હજારોની સંખ્યામાં સ્ત્રીભૃણ હત્યા થાય છે. તેને માટે કોણ જવાબદાર? સમાજ, રાષ્ટ્ર કે સરકાર! પ્રો. ટ્રેવેલિયને 'હિસ્ટ્રી ઓફ ઇંગ્લેન્ડ'માં નોંધ કરી છે કે 'સ્ત્રીને મારવી એ પતિનો હક્ક ગણાતો હતો અને સદીઓ સુધી આ હક્કનો ઉપયોગ પુરુષોએ નિ:સંકોચ કરેલો છે.' આ વાત ૧૫મી સદીની છે.

હવે તો આવી ૨૧મી સદી! આજે છસો વર્ષ પછી પણ જોઈએ તેટલું પરિવર્તન આવ્યું નથી. જે નારીઓ અન્યાયના ભોગ બની છે, તેમણે અન્યાય વિરુદ્ધ પોતાનો અવાજ બુલંદ બનાવ્યો છે. ત્યારે 'નારીવાદ'નો જન્મ થયો છે. આજનો નારીવાદ પુરુષ વિરોધી નથી. સંશોધનના આધારે સ્ત્રી-પુરુષ સ્વભાગવત ભિન્ન છે, સાથે પૂરક પણ છે. આજની સ્ત્રી ઇચ્છે છે કે પોતાને પુરુષ જેટલું જ સન્માન મળે. તેમનામાં ક્ષમા અને શક્તિ બે મહાન ગુણો છે. આજની સદીમાં વિચક્ષણ સ્ત્રીઓની કમી નથી. બ્રિટનમાં માર્ગારેટ થેચરને 'આર્યન લેડી'નું સન્માન મળ્યું છે. તેઓ વડાપ્રધાન થયાં ત્યારે બ્રિટન તૂટી ગયું હતું. આયર્લેન્ડ અને ફોકલેન્ડનો પ્રશ્ન માથાનો દુ:ખાવો હતો. છતાં ડર્યા વિના લશ્કરી કાર્યવાહી કરી, બળવાખોરોને જમીનદોસ્ત કરી દીધા. બ્રિટનને મંદીમાંથી બહાર કાઢ્યું.

ઈઝરાયેલમાં વડાપ્રધાન 'ગોલ્ડા માયર' સ્ત્રી વિભૂતિ હતાં. તેમને પ્રધાન મંડળમાં 'ઓન્લી મેન ઈન કેબિનેટ' તરીકે ઓળખવામાં આવતાં હતાં. તેમણે પણ પેલેસ્ટાઈનના ત્રાસવાદીઓને માત કર્યા. શ્રીલંકાના સિરીમાવો બંડાર નાઈકના વડાપ્રધાન પતિની હત્યા થઈ. ત્યારે રડતી વિધવાએ વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કર્યા. આંખના પલકારામાં, શ્રીલંકાને ગોલ્ડન બનાવી દીધું. તેમણે સિલોનના સ્થાને શ્રીલંકા નામકરણ કર્યું.

આપણા પાડોશી દેશ પાકિસ્તાનનાં બેનઝીર ભુટ્ટોને કેમ ભૂલી શકાય? તે દેશ માટ શહીદ થઈ ગયાં. મરતાં સુધી લોકશાહીની ઝૂંબેશ ચાલુ જ રાખી. ભારતના વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધીએ દેશ માટે જીવન ગુમાવ્યું. તેમણે પોતાનું બલિદાન આપી, દેશને અડીખમ રાખ્યો, અમેરિકા અને રશિયાની પરવા કર્યા વિના પોખરણમાં પ્રથમ પરમાણું પરીક્ષણ કર્યું ને વિશ્વને સાબિત કરી બતાવ્યું કે 'હમ ભી કિસીસે કમ નહીં હૈં!'

પ્રાચીન ભારતમાં 'નારી તું નારાયણી'નાં અનેક દૃષ્ટાંતો મોજુદ છે. જેવાંકે મૈત્રેએ જ્ઞાન માટે વૈભવ ઠુકરાવ્યો. ગાર્ગીએ ઋષિ યજ્ઞવલ્ક્લ્ય સાથે શાસ્ત્રાર્થમાં હામ ભીડી. મંડન મિશ્રની વિદુષી પત્ની ભારતીએ, શંકરાચાર્ય સાથેની જ્ઞાનગોષ્ઠિમાં પહેલી નિર્ણાયક ભૂમિકા અદા કરી. પુરુષને હારતો જોઈ શાસ્ત્રાર્થમાં કૂદી પડી. કાલીદાસ અને તુલસીદાસ પોતાની પત્નીઓને કારણે મહાકવિ બન્યા. આનો અર્થ થાય છે કે પુરુષની સફળતામાં સ્ત્રીનું યોગદાન વિશિષ્ટ રહ્યું છે.

ગુજરાતના ઈતિહાસમાં પણ વિચક્ષણ અને બુદ્ધિશાળી નારીધનની અછત નથી. વડોદરા એમ.એસ. યુનિવર્સિટીમાં બાર વર્ષ અધ્યાપિકા તરીકે સેવા આપનાર પ્રથમ મહિલા ચાન્સેલર ડો. મૃણાલી આયર હતાં. આણંદમાં અમૂલ ડેરીના આદ્યસ્થાપક ડો. કુરિયન સાહેબના અનુગામી અને ૧૯૮૮થી એન.ડી.ડી.બી.ના અધ્યક્ષા ડો. અમૃતા પટેલ હતાં. ગુજરાત મહિલા સંગઠન સેવાદળનાં સ્થાપક ઈલાબેન ભટ્ટ હતાં.

આ ઉપરાંત, કલ્પના ચાવલા, સુનિતા પંડ્યા (અવકાશ યાત્રીઓ), કોકીલાબેન અંબાણી (રિલાયન્સગ્રૂપ ચેરપર્સન), ઝેનેથ (કમ્પ્યુટર) પ્રપ્રશ્રી વોરિયર (વાઈસ પ્રે. મોટારોલા), સાનિયા મિર્ઝા, (ટેનિસ સ્ટાર), પી.ટી. ઉષા (સ્પોર્ટસ), એક્તાક્પૂર (ટેલી ફિલ્મસ પ્રોડ્યુસર), કિરણબેદી પ્રથમ મહિલા આઈ.પી.એસ. અફસર વગેરે ઉલ્લેખ નીચે છે.

સને ૨૦૦૬માં મેલબોર્ન ખાતે યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સનું પ્રતીક મશાલ લઈ દોડવાનું ગૌરવ વિકલાંગ જીવતી પૂર્ણિમા દવેને ૨૭ વર્ષની ઉંમરે મેળવ્યું. પેરાલમ્પિક વ્હીલચેર રેસમાં સિલ્વર મેડલ મેળવ્યું હતું ને ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું.

તત્ત્વચિંતકો કહે છે કે, 'પુરુષ વન ઈન વન છે, જ્યારે સ્ત્રી 'વન ઈન ટુ છે'. પોશે બોલ્યા, 'જે દેશની સરકાર શિક્ષણ આપવામાં પછાત હશે તે દેશનો ઉદ્ધાર થવાનો નથી.' ભારતીય સંસ્કૃતિનો મોટો પદાર્થપાઠ છે કે, 'સ્ત્રીશક્તિના વિકાસ વિના સમાજ, દેશ કે વિશ્વનો વિકાસ થવાનો નથી. ●


## જાહેર આમંત્રણ

સંત જોસેફ દેવાલય, ઉત્તરસંડા, તા. નડિયાદ, જિ. ખેડા. **નવા બંધાયેલ દેવાલયનું ઉદ્‌ઘાટન તા.૧૯-૦૩-૨૦૧૪**ના રોજ રાખેલ છે. સંત જોસેફ પરિવાર, ઉત્તરસંડા તથા સભાપુરોહિત તરફથી સર્વને ભાવભીનું આમંત્રણ.

**:: કાર્યક્રમ ::**

| | |
|---|---|
| બિશપ સાહેબનું સ્વાગત : | બપોરે ૧.૦૦ કલાકે |
| ખ્રિસ્તયજ્ઞ : | બપોરે ૩.૦૦ કલાકે |
| આશીર્વાદ : | બપોરે ૪.૦૦ કલાકે |
| | (નવા દેવાલય તથા નવા બંધાયેલ હોલનો આશીર્વાદ) |
| આભાર : | સાંજના ૬.૦૦ કલાકે |
| ભોજન સમારંભ : | સાંજના ૭.૦૦ કલાકે |

**સભાપુરોહિત, કેથોલિક ચર્ચ, વૈશાલી રોડ, નડિયાદ**
**મો. ૯૪૨૯૧ ૮૨૮૬૨**

# મહિલા ઉત્કર્ષ પ્રથમ ઘરમાં કરીએ

✍ ધીરુભાઈ જે. પટેલિયા

વળી પાછાં દયાબેન પુત્રવધુ ઉપર તાડૂક્યાં. પુત્રવધૂ મૂંગા પશુની જેમ વાક્બાણો સહન કરતી રહી.

નામ તેમનું દયાબેન, પણ હૃદયમાં દયાનો છાંટોય નહીં. દયાબેન ભણવામાં ખૂબ તેજસ્વી હતાં. મૂળે બ્રાહ્મણ કુળનાં એટલે તેજસ્વી તો હોય જ ને! પ્રથમ વર્ગમાં બી.એ. પાસ કરી સરકારી સેવામાં સીધી ભરતીના વર્ગ-૨ના અધિકારી તરીકે નિમણૂંક પામ્યાં. તેમના પતિ મહેન્દ્રભાઈ કોન્વેન્ટ હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ હતા.

તેમની સંસાર વાટિકાનાં બે પુષ્પો હતાં, અનામિકા અને નૈમેષ. હર્યોભર્યો સંસાર હતો. જિંદગીની અર્ધશતક પૂરી કર્યા બાદ તેમણે ૨૩ વર્ષની અનામિકાને સુંદર, સુશિક્ષિત યુવાન સાથે પરણાવી દીધી. લગ્ન બાદ દીકરી વિદેશ ચાલી ગઈ.

એક ગોઝારા દિને બસ અકસ્માતમાં મહેન્દ્રભાઈ પ્રભુને પ્યારા થઈ ગયા. પિતાની છત્રછાયા અને અંકુશ ગુમાવી બેઠેલો નૈમેષ સારું ભણી શક્યો નહીં. ચાર ટ્રાયલે એસ.એસ.સી. પાસ થયો ને પિતાની હાઈસ્કૂલમાં રહેમરાહે પટાવાળા તરીકે નિમણૂંક પામ્યો. વિદેશમાં વસ્તી દીકરી અવાર-નવાર ડોલર મોકલતી રહેતી એટલે પૈસાની રેલમછેલ રહેતી. વર્ગ-૧ના અધિકારી દયાબેન સરકારી સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી. પેન્શન પણ સારું મળવા લાગ્યું.

નૈમેષે તેની જ સ્કૂલમાં પ્યૂન તરીકે સેવા બજાવતી રોઝી ક્રિશ્ચિયન સાથે પ્રેમલગ્ન કરી લીધાં. દયાબેનને ખૂબ દુઃખ થયું પણ લાડકવાયા પુત્રની જીદ આગળ નમતું જોખી, રોઝીને પુત્રવધૂ તરીકે સ્વીકારવી પડી. રોઝીના પપ્પા બાજુના શહેરના ખ્રિસ્તી કબ્રસ્તાનના ચોકીદાર હતા. નાની ઉંમરમાં વિધુર થયેલા રોડ્રીગ્ઝે રોઝીની ખાતર બીજાં લગ્ન ન કર્યાં અને પ્રેમથી દીકરીનું લાલનપાલન કર્યું. રોઝી ભણવામાં નબળી હતી. માંડ નવમું ધોરણ પાસ કરી શકી, બાદમાં ફાધરની ભલામણથી હાઈસ્કૂલમાં પ્યૂન તરીકે જોડાઈ ગઈ.

દયાબેન અવારનવાર રોઝીને મેણાંટોણાં મારતાં "માંસ-મચ્છી ખાનાર હલકી વરણની દીકરીને સંસ્કાર શું કહેવાય તેની શી ખબર હોય?"

નિવૃત્તિ બાદ તેમણે સમાજ સેવાનો ઝંડો ઉપાડી લીધો. સમાજ સેવાના નામે મોટી મોટી મિટિંગો ગોઠવતાં, બહેનોની કિટ્ટીપાર્ટીઓ અને નાટકોના કાર્યક્રમો ગોઠવતાં. ક્યારેક દિવાળી જેવા તહેવારે શહેરની ગંદી વસાહતોમાં જઈ મીઠાઈ વહેંચી, મોટી સમાજસેવા કરી હોય તેવો ગર્વ લેતાં.

આજે મહિલાદિન હોઈ, શહેરના મહિલા મંડળમાં ભાષણ આપવા જવાનું હતું. સમયસર નાહી-ધોઈ, નાસ્તો કરી, સફેદ વસ્ત્રો પરિધાન કરી તૈયાર થઈ ગયાં. રસોઈ માટે તો તેમણે બ્રાહ્મણબાઈ રાખી લીધી હતી, કેમકે ખ્રિસ્તી સ્ત્રીના હાથનું રાંધેલું કેમ ખવાય? રોઝીએ તો બિચારીએ ઘરનું કચરાપોતું, સાફસફાઈ, કપડાં ધોવા, વાસણ માંજવાં વગેરે કામો જ કરવાનાં હતાં. આજે સવારના નાસ્તા બાદ વાસણો સાફ કરતાં, રોઝીથી કાચનો કપ તૂટી ગયો.

— કોણ તારો બાપ હવે કપરકાબીની જોડ લાવી આપશે? અભણ-ગમારને તે વળી સંસ્કારો હોતા હશે? દયાબેન તાડૂક્યાં.

— મમ્મી, મારા બાપે તમારું શું બગાડ્યું છે? તે મારા બાપ સુધી પહોંચી જાવ છો?

— આજથી તારે મને મમ્મી નહીં કહેવાનું — 'બા' કહેવાનું, મમ્મી તારી માને કહેજે. માની યાદ આવતાં રોઝીની આંખમાંથી બોર જેવડાં અશ્રુબિંદુ ટપકી ગયાં.

— હવે વેવલાવેડા કર્યા વગર જલ્દીથી કામ આટોપો વહુરાણી. મારે મીટિંગમાં જવાનું મોડું થાય છે. એમ કહી દયાબેન રીક્ષા કરી મીટિંગમાં હાજરી આપવા ચાલ્યાં ગયાં.

શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ, વેપારીઓ, અધિકારી અને અન્ય આગેવાનોની પત્નીઓથી હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. મહિલા મંડળનાં પ્રમુખ કેતકીબેને, દયાબેનની સેવા પ્રવૃત્તિઓનાં ખૂબ ખૂબ વખાણ કર્યાં. દયાબેન સાચે જ "દયાની દેવી" છે તેમ તેમણે કહ્યું. દયાબેને શહેરો ઉપરાંત, ગામેગામ છેવાડાના ગામડા સુધી મહિલા મંડળો સ્થાપવાં, ગરીબ મહિલાઓ માટે મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ જેવી કે સિલાઈ મશીન આપવાં, પાપડ અને અગરબત્તી ઉદ્યોગ, મહિલાઓ દ્વારા કચેરીઓમાં કેન્ટીનો ચલાવવી, નાના લઘુઉદ્યોગો સ્થાપવા વગેરે સરકારી યોજનાઓ આવરી લેતું લાબુંલચક ભાષણ આપ્યું. આખો હોલ તાળીઓથી ગાજી ઉઠ્યો.

"છેલ્લે મારે એટલું જ કહેવાનું કે આપણી બેનો અવકાશયાત્રી બની શકે છે, ઉદ્યોગો ચલાવી શકે છે, આઈએએસ અને આઈપીએસ અધિકારી બની શકે છે, નારી શક્તિ શું નથી કરી શકતી? સમાજમાં બીજી બાજુએ સામૂહિક બળાત્કારનો ભોગ આપણી બેનો બનતી હોય છે. નારીનું શોષણ થતું હોય છે જે આપણે અટકાવવાનું છે. આપણે ઉદાર હાથે દાન આપીએ અને આપણે સેવાકીય પ્રવૃત્તિઓમાં રસભેર ભાગ લઈએ. આપણા પોતાના ઘરેથી જ શરૂઆત કરીએ. નારી સન્માન કેળવીએ અને નારી સન્માન કેળવાય તેવા પ્રયત્નો કરીએ કારણ "ચેરીટી બીગીન્સ એટ હોમ."

"બા, તમે બિલકુલ સાચું બોલ્યાં" ખૂણામાંથી રોઝીનો અવાજ આવી હવામાં ઓગળી ગયો. દયાબેનની ચકોર આંખો અવાજ ઉઠાવનાર સ્ત્રીને શોધી રહી પણ પત્તો લાગ્યો નહીં. ●



# ગર્ભથી ગગનને આંબતી શક્તિ...

✍ સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન

શક્તિની વાત આવે એટલે તરત જ માનવ મનમાં પહેલવાન, કુસ્તીબાજ, મલ્લ કે એવા બોડી બિલ્ડરની શક્તિની સહેજેયે કલ્પના થઈ આવે છે. પણ આવી પહેલવાન-શક્તિને મેળવવા ઘણી બધી જહેમત ઊઠાવવી પડે છે. નિયમિત કસરત, ખાનપાન, રહેણી-કરણી વગેરે જેવા નીતિ નિયમોનું શિસ્તબદ્ધ પાલન કરવાથી, માનવ શરીરમાં શક્તિનો અદ્‌ભુત સંચાર-સંગ્રહ થાય છે. અને હાલમાં તો આવી યોગ-સંગમ શક્તિને ઘણું જ મહત્ત્વ આપવામાં આવે છે. આ બધી જ વિવિધ શક્તિઓ માનવી પ્રાપ્ત કરે છે. પણ અહીં એક ગૌરવવંતી, નિરાળી અને અનોખી શક્તિની વાત છે કે જેનો પર્યાય છે સ્ત્રી (નારી) શક્તિ. સૃષ્ટિના સર્જનહારે દરેક સ્ત્રીમાં ગજબની અખૂટ શક્તિનો ભંડાર રાખેલો છે. એટલે જ તો સ્ત્રી કોઈપણ વિટંબણામાં અન્યોની સરખામણીમાં શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક કે ધાર્મિક દૃષ્ટિએ પોતાની અણમોલ શક્તિઓનો ઉપયોગ કરીને, સફળતાની ઊંચી ઊડાનને સર કરતી જોવા મળે છે. એટલે ઉપર જણાવ્યા પ્રમાણે માનવી વિવિધ શક્તિને પ્રાપ્ત કરવા કોશિશ કરે છે, જ્યારે સ્ત્રીની શક્તિ પ્રભુની દેન છે.

મહિલા (સ્ત્રી) શક્તિની વાત માંડવાનો વિષય એ કાંઈ નવો વિષય નથી; ઘણું બધું સાંભળીએ છીએ, વાંચીએ છીએ કે સ્ત્રી શક્તિ એક કુટુંબ, સમાજ, શહેર-ગામ કે દેશને ચલાવવા સમર્થ છે. માતાના ગર્ભમાંથી જન્મ લેતી બાળકી આવતીકાલની “મા” બને છે, અને આમ, માતાના ગર્ભમાં રહેલી આ એક અણમોલ શક્તિ - આવતીકાલે માતા બનીને બીજી જ એક નવી શક્તિને પેદા કરે છે.

કુટુંબ તથા સમાજમાં આ સ્ત્રી શક્તિ ક્યારેક નાના-મોટાં અંતરાયોમાં, તેની જિંદગીની સરળ રીતે ચાલતી ગાડી અધવચ્ચે થંભી જાય છે, આથી કાં તો તેને મજબૂર થવા કાં તો તેને જીવન ટૂંકાવી નાખવા પ્રેરે છે પણ મહદ્ અંશે મક્કમ મનોબળની સ્ત્રી શક્તિ, અંતિમ શ્વાસ સુધી આવા નાના-મોટાં અંતરાયો સામે લડી શકવા, પોતાની જાતને શારીરિક તથા માનસિકરૂપે સંપૂર્ણપણે તૈયાર રાખે છે. દરેક સ્ત્રી પ્રભુના એક અપાર પ્રેમનું મહામૂલું સર્જન છે. પ્રભુએ તેને દિવ્ય રૂપ તથા વિશિષ્ટ ગુણોથી સંપન્ન-સુસજ્જા ઘડી છે. તેથી જ વિશિષ્ટ ગુણોથી સભર આ સ્ત્રી શક્તિ પોતાના કુટુંબ, સમાજની સેવાર્થે ખર્ચાઈ જાય છે.

આજે શહેરી આધુનિક સ્ત્રીની ખુશી કે સમસ્યા એ ગ્રામ્ય નારી માટે કદાચ અલગરૂપે હોઈ શકે છે. કારણ કે શહેરી વાતાવરણમાં સ્ત્રીને મુક્ત અને વિહરવા માટે ઘણાં બધા વિકલ્પો હોય છે; પણ આજના આ વૈશ્વિક યુગમાં હવે ગામડાંઓ પણ શહેરી હવાથી અલિપ્ત રહ્યાં નથી. આજે પણ ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ ભાગોમાં કિશોરીઓ તથા સ્ત્રીઓ, શિક્ષણના ઉત્તમ પાઠ શીખતી થઈ છે એટલે જ આજે ગ્રામ્ય વિસ્તારોમાં પણ (જીવનસાથીની પસંદગી માટે) સુશિક્ષિત, ગુણિયલ, નારીની (સ્ત્રીની) દરેક કુટુંબમાં લગ્ન માટે ખાસ માંગ રાખવામાં આવે છે.

આધુનિક ક્ષેત્રોમાં દરેક ક્ષેત્રે ઝંપલાવવાની વાતો, હવે સ્ત્રી માટે ફક્ત કલ્પનાઓ જ નથી રહી પણ એક વાસ્તવિક હકીકતરૂપે જોવા મળે છે. આજે ઘર, કુટુંબ અને સમાજમાં દરેક ક્ષેત્રે સ્ત્રી પોતાનું ઉત્તમ તથા સફળ યોગદાન આપવામાં, પોતાની તમામ શક્તિ કામે લગાડીને પોતાની ચારેકોર પથરાયેલ કાર્યક્ષેત્રને ધરખમ સફળતા અપાવવા માટે પોતાની આગવી સૂઝ દ્વારા વિકાસ કરવામાં પાછી પાની નથી કરતી.

આજની સ્ત્રીની વિચારધારામાં હવે નકારાત્મક્તા સંપૂર્ણપણે નષ્ટ થઈ ચૂકી છે અને તેને બદલે હકારાત્મક અભિગમ દ્વારા તેની ઊંડી ગહન શક્તિ તેનું મુખ્ય સાધન બની ચૂકી છે. હકારાત્મક વલણ ધરાવતી આજની સ્ત્રીશક્તિ હવે જિંદગીમાં યોગ, સંયમ, તપ દ્વારા કૌટુંબિક, સામાજિક, આર્થિક તથા ધાર્મિક સમસ્યાઓને ઉકેલવા બીજા ઉપર બોજારૂપ નથી બની રહી પણ પોતે જ પોતાની નિર્ણય શક્તિને વધુ દૃઢ કરવામાં સક્ષમ બનતી જાય છે. ફક્ત હકારાત્મક લાગણીઓ દ્વારા આજે સ્ત્રી શક્તિ પ્રગતિનાં સોપાન સર કરી રહી છે, જે તેની શ્રેષ્ઠ સિદ્ધિ કહી શકાય.

ગર્ભથી ગગનને આંબતી આ સ્ત્રી શક્તિને હૂબહૂ વર્ણવવામાં આપણી પૌરાણિક તથા આધુનિક ગાથાઓએ કોઈ જ કચાશ છોડી નથી. આ શક્તિનાં દર્શન ફક્ત પુસ્તકના પાન પર જ અંકિત થયેલાં નથી પણ એ નક્કર શક્તિનાં દર્શન પામવા આપણે ફક્ત આપણી નિકટ વસતી આપણી ‘માતા’ની જીવનગાથાને આપણા જીવનમાં એક ઉચ્ચ આદર્શરૂપે જીવી જાણવી રહી, કારણ કે એ જ દૈવી સ્ત્રી શક્તિ આપણા કુટુંબને “સ્ત્રી અવતાર” રૂપે અજવાળવામાં સમર્થ બની છે.

સ્ત્રીની દરેક નાની-મોટી ભૂમિકા ભજવવામાં તથા તેને તળે-ઉપર લાવવામાં, એને સમજી શકવામાં “સ્ત્રી શક્તિ સંગઠન”ની આવશ્યક્તા રહેલી છે એટલે જ કહે છે કે “એક હાથે ક્યારેય તાળી ના પડે” પણ “ઝાઝા હાથ રળિયામણા.” એકલે હાથે ઝઝૂમ્યા કરતાં, જૂથ-ગ્રૂપમાં સ્ત્રી શક્તિ વધુ ઝળહળી ઊઠે છે અને આપણી સમક્ષ “નારી સંગઠન શક્તિ”નાં જ્વલંત ઉદાહરણો છે.

આથી, આવનારું ભવિષ્ય દરેક સ્ત્રી માટે એક ઉજ્જવળ ભાવિ બનશે, જ્યાં પ્રત્યેક સ્ત્રી, પોતાની શક્તિ, સંગઠન શક્તિ તથા હકારાત્મક અભિગમ દ્વારા આવનાર દરેક પડકારોને ઝીલીને ગગનને આંબી જશે. આભાર. ●



રેગીનાબેન - શાંતાબેન

# દૂતની ભીતરમાં

ફાધર જેરી સિક્વેરા, એસ.જે. (પ્રકાશક)

## હમ કિસીસે કમ નહીં

**મજબૂત મનોબળ અને અનેરા ઉત્સાહ સાથે 'દૂત' સ્વંયસેવિકા તરીકે કાર્ય કરવાનો આનંદ મેળવતાં બે મહિલાઓનો પરિચય.**

### રેગીનાબેન ફિલિપ મેકવાન (નડિયાદ)

કરમસદના આગાથાબેન અને આન્દ્રેઆસ સિમોન પરમારની દીકરી રેગીનાબેન. બાપુજી કેટેકિસ્ટની નોકરી કરતા હતા. ૧ થી ૫ ધોરણનો અભ્યાસ, ગામડાની પ્રાથમિક શાળામાં કર્યો. ધોરણ ૬ અને ૭નો અભ્યાસ, આર.સી.મિશન શાળા ગામડી, હોસ્ટેલમાં રહી કર્યો. તે સમયની અઘરી અને પ્રતિષ્ઠાવાળી ગણાતી વ.ફા. ની પરીક્ષા ૧૯૫૪માં પાસ કરી હતી. બાપુજી પાસેથી ધાર્મિક શિક્ષણ મળ્યું હતું. ઘરમાં દરરોજ ગુલાબમાળાની ભક્તિ કરવામાં આવતી, જે સુટેવ તેમણે તેમનાં બાળકોને વારસામાં આપી. આજે પણ ઘરમાં દરરોજ ગુલાબમાળા જપાય છે.

૧૯૫૫માં મલાતજના શ્રી ફિલિપ જોસેફ મેકવાન સાથે લગ્ન થયાં. ૧૯૬૦ માં લોકલ બોર્ડમાં પ્રાથમિક શિક્ષિકાની નોકરી મેળવી. પતિ પોસ્ટ ખાતામાં હોવાથી, વારંવાર બદલી થતી, જેથી બાળકોને સાચવવા તેમજ અભ્યાસ કરાવવામાં મુશ્કેલીઓ રહેતી. તેમની માતા આગાથાબેને સગવડો સાચવવામાં ખૂબ મદદ કરી હતી, જેના પ્રતાપે આજે તેમનો પરિવાર સુખી છે. ચાર દીકરા, પુત્રવધુઓ, પૌત્ર, પૌત્રીઓનો બહોળો પરિવાર છે. તેઓ બધાં સંપીને સુખથી રહે છે.

૧૯૮૯માં તેમના પતિ ફિલિપભાઈ નિવૃત થયા બાદ પેરિશની ધાર્મિક પ્રવૃત્તિમા જોડાયા. ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ, મિશન રોડ, નડિઆદના પ્રથમ પેરિશ પ્રમુખ રહ્યા. તેઓએ દૂતના સ્વયંસેવક તરીકે કામગીરી સ્વીકારી. પતિ-પત્ની બંને જણા વિન્સેન્ટ-દે-પોલ, સિનિયર સિટીઝન જેવાં મંડળોમાં સભ્ય બન્યા, જે આજદિન સુધી કાર્યરત છે.

પતિનીબીમારીનાસમયમાં,રેગીનાબેનદૂતવિતરણનુંકાર્યકરતાં હતાં. તેમની સાથે મીટિંગોમાં ભાગ લેતાં હતાં. તેમના પતિ ફિલિપભાઈ ૨૦-૦૧-૨૦૧૨ના રોજ અવસાન પામ્યા. પતિના મૃત્યુ બાદ, પતિનું દૂત વિતરણનું કાર્ય રેગીનાબેને ચાલુ રાખ્યું. તેઓ એવું કહેતાં આનંદ અનુભવે છે કે "પ્રભુએ તેમને આ કાર્ય માટે પસંદ કરી છે, તેથી પ્રભુના દૂતનું કાર્ય કરવા, હું હંમેશાં તૈયાર છું." આજે તેઓ ૩૦ ગ્રાહકોને હાથોહાથ 'દૂત' પહોંચાડે છે, જેમાં બિનખ્રિસ્તી ગ્રાહકો વધુ છે. નવા ગ્રાહકો ઊભા કરવા તે મહેનત કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા ફિલિપભાઈના આત્માને પરમ વિરામ અને શાશ્વત શાંતિ આપે. રેગીનાબેનને તંદુરસ્તીસભર આયુષ્ય આપે અને તેમની મનોકામનાઓ પરિપૂર્ણ કરે.

### શાન્તાબેન કાનીસભાઈ પરમાર (લાંભવેલ)

બેડવાના રામીબેન અને સિરિલ લાલાભાઈ મેકવાનનાં, સાત સંતાનોમાં છેલ્લી દીકરી તે શાન્તાબેનનો જન્મ ૧લી માર્ચ, ૧૯૪૬માં થયો હતો. ધોરણ ૧ થી ૪નો અભ્યાસ ફળિયાની આર. સી. મિશન શાળામાં અને ત્યારબાદ સાતમા ધોરણ સુધીનો અભ્યાસ, ગામની લોકલ બોર્ડની શાળામાં કર્યો. સાતમા ધોરણના અભ્યાસ પછી ૧૯૬૧માં લાંભવેલના કાનીસભાઈ સ્તેફાનભાઈ સાથે લગ્ન થયાં. લગ્ન પછી અભ્યાસ ચાલુ રાખ્યો, પણ ભણવાનું અઘરું લાગતાં, અભ્યાસ અધૂરો છોડી દીધો. કુટુંબની જવાબદારી ઉપરાંત, ખેતરનું કામ અને મજૂરી. કામનો બોજો વધતો હતો. સાથે સાથે આર્થિક સંકડામણ પણ વધતી હતી. હિંમત હારે તો શાન્તાબેન શાનાં !!! પ્રભુ પર પૂરો ભરોસો અને શ્રદ્ધા સાથેની પ્રાર્થના. "સદા પ્રભુ ઉપર ભરોસો રાખો, તે આપણો અચલ આશ્રયદાતા છે." (યશાયા ૨૬:૪) ફાધર ઓસેટની મદદથી, કાનીસભાઈને વડતાલ આર.સી.મિશન શાળામાં નોકરી આપી, જ્યારે શાન્તાબેનને છાત્રાલયનાં બાળકો માટે જમવાનું કામ સોપ્યું. એકાદ વરસ પછી, કાનીસભાઈને લોકલ બોર્ડમાં શિક્ષક તરીકે નોકરી મળતાં રાહત થઈ.

કાનીસભાઈ શિક્ષક તરીકે નિવૃત થતાં, લાંભવેલમાં દેવળના કામમાં પ્રવૃત્ત થયા. નિયમિત પ્રાર્થના કરાવવી, ધર્માદા ઉઘરાવવું, ધાર્મિકવિધિઓમાં ફાધરને સહકાર આપવો, એટલે સુધી કે દેવળની સાફસફાઈ કરવી. ગામડી પેરીશમાં કાઉન્સિલના સભ્ય તરીકેની ફરજ નિભાવતા હતા. કાનીસભાઈએ 'દૂત' વિતરણનું કાર્ય હાથમાં લીધું. આ તમામ કાર્યોમાં, શાન્તાબેન સક્રિય સહકાર આપતાં. તા. ૨૯-૭-૨૦૦૭ માં કાનીસભાઈનું અવસાન થયું. તેમના અવસાન પછી, કાનીસભાઈએ આદરેલું કામ શાન્તાબેને સ્વીકારી લીધું. દર મહિને વિના વિલંબે ગ્રાહકોને 'દૂત' પહોંચાડે છે. 'દૂત'ની મીટિંગોમાં હાજરી આપે છે. ધાર્મિક પ્રવૃત્તિઓ સંભાળે છે. શરૂઆતમાં સાત ગ્રાહકો હતા, અત્યારે ૧૬ ગ્રાહક સંખ્યા છે. શાન્તાબેનના શબ્દો છે, "મારી સેવામાં ઈશ્વરે બહુ મોટી સહાય કરી છે." બે દીકરા અને એક દીકરીનાં લગ્ન કરાવ્યાં છે, હજુ એક અપરિણીત દીકરાનું લગ્ન થઈ જાય, તો શાન્તાબેન ફરજમુક્તિના સંતોષ સાથે શેષ જીવન માણે. થોડા સમયથી શાન્તાબેન નાદુરસ્ત તબિયતને કારણે સારવાર હેઠળ છે. પરમ કૃપાળુ પરમાત્મા કાનીસભાઈના આત્માને પરમ વિરામ અને શાશ્વત શાંતિ આપે. શાન્તાબેનને તંદુરસ્તીસભર આયુષ્ય આપે અને તેમની મનોકામનાઓ પરિપૂર્ણ કરે.

# નિરક્ષરતા કેમ?

✍ રાઠોડ સુમિત મહેન્દ્રભાઈ

મારે એક દિવસ અમદાવાદ જવાનું મોડું થતું હતું, ટિકિટ લેવાની હતી. લાઇન લાંબી હતી. ત્યાંજ ૫૦ વર્ષની આસપાસના એક ભાઈએ મારી પાસે આવીને મને પૂછ્યું, "ભાઈ આ ટિકિટ જોઈ આપને, મહેસાણાની જ છે ને!" મને થયું, આ ભાઈ શું મજાક કરી રહ્યા છે! હું આગળ કાંઈ વિચારું તે પહેલાં જ એમણે બોલવાનું ચાલુ કર્યું, "નાનપણમાં સ્કૂલમાં ના ગયા અને ફરતા રહ્યા એના લીધે અત્યારે મારે આ દિવસો જોવા પડે છે." મારા દિલમાં મારાથી વર્ણવી ના શકાય એવી લાગણી ઉત્પન્ન થઈ. સાથે ગુસ્સો પણ આવ્યો, પછી 'મહેસાણાની ટિકિટ છે' કહીને હું રવાના થયો.

આ જ હાલત છે આજે આપણી આસપાસની દુનિયાની. આપણને દર પાંચસો માણસો અભણ જોવા મળે છે. કોઈ અભણ જોવા મળે છે તો કોઈ ભણેલો અભણ જોવા મળે છે. એનું કારણ એમના માતા-પિતા, એમની આસપાસનું વાતાવરણ કે પછી પૈસાની અછત હોઈ શકે છે. આ બધાની સામે લડે અને ભણે એ જ સાક્ષર કહેવાય.

આજના યુગમાં કહેવાય છે કે અંગ્રેજી અને કમ્પ્યુટર જેને આવડતું હોય તે સાક્ષર કહેવાય પણ સાથે સાથે સાચા ખોટાનું ભાન હોવું જોઈએ, ધર્મ પ્રત્યે માન હોવું જોઈએ, ધર્મની આજ્ઞાનું પાલન કરતા હોય એજ ખરા અર્થમાં સાક્ષર વ્યક્તિ કહેવાય.

**નિરક્ષરતાનું એક અગત્યનું કારણ અત્યારનું આપણી આસપાસનું વાતાવરણ છે. જેના લીધે બાળક મોજશોખ માટે બધું કરે છે પણ ભણવા માટે નહિ. તેમની પાસે ફિલ્મ જોવા માટે સમય છે પણ ભણવા માટે નહિ.**

આપણા દેશમાં નિરક્ષરતાનું મુખ્ય કારણ ગરીબી છે. વ્યક્તિ પોતાના બાળકને શાળાએ મોકલવાને બદલે મજૂરી કે નોકરીએ મોકલવાનું વધારે યોગ્ય સમજે છે. દરેક માતાપિતા ઈચ્છે છે કે પોતાનું બાળક મોટું થઈને સરકારી નોકરી મેળવે. પરંતુ પૈસાની અછત હોવાના કારણે બાળકને ભણાવી નથી શકતા અને પરિણામે બાળકને મોટા થઈને, કોઈ છૂટક મજૂરી અથવા કોઈ નાની નોકરી કરવી પડે છે.

યોગ્ય સમયે ભણતર ન મળવાથી, વ્યક્તિ મોટી થઈ જાય છે ત્યારે પોતાની પર શરમ અનુભવે છે. આજે નિરક્ષરતા દૂર કરવા, વૃદ્ધોને ઘેર ઘેર જઈને ભણાવવા જેવા ઉપાયો હાથ ધરવામાં આવે છે. તેમાં વૃદ્ધોને શીખવવા માટે જાય છે ત્યારે વૃદ્ધો સમજતા નથી અને આ કાર્યને સમયનો બગાડ કહે છે. આમ, અમુક વૃદ્ધોને કારણે બધાને વેઠવું પડે છે. એ લોકો સમજતા નથી કે કંઈ પણ શીખવા માટે કોઈ ઉંમર નથી હોતી, ફક્ત શીખવા માટેનો ઉત્સાહ હોવો જોઈએ. જો વૃદ્ધો ભણે તો નવરાશના સમયમાં પોતાના પૌત્ર-પૌત્રીને ભણાવી શકે છે. આમ એક કાંકરે બે પક્ષી મારી શકાય છે.

નિરક્ષરતાનું એક અગત્યનું કારણ અત્યારનું આપણી આસપાસનું વાતાવરણ છે. જેના લીધે બાળક મોજશોખ માટે બધું કરે છે પણ ભણવા માટે નહિ. તેમની પાસે ફિલ્મ જોવા માટે સમય છે પણ ભણવા માટે નહિ. આ સંજોગોમાં બાળકને જેનું જ્ઞાન હોવું જોઈએ તે નથી હોતું. સામે પક્ષે જેને જ્ઞાનની જરૂર નથી તેને લગભગ પૂરેપૂરું જ્ઞાન હોય છે. તો આ જ્ઞાનનો ખોટો રસ્તો છે. પરિણામે બાળકો કંઈ પણ શીખી શકતાં નથી.

એકવીસમી સદીમાં નિરક્ષરતાનું મુખ્ય કારણ પૈસા પાછળની દોડ છે. મા-બાપ બંને નોકરી કરતાં હોય છે અને બાળક પાછળ ધ્યાન નથી આપી શકતાં. બાળક ભણે છે કે નહીં, બાળકને કંઈ મુશ્કેલી છે કે નહીં, તેને બધું આવડે છે કે નહીં, પરંતુ મા-બાપ બાળકને સ્કૂલ મોકલી પોતાના કામમાં લાગી જાય છે. બાળક પોતાની રીતે ભણે છે અને મોટું થાય છે. પરિણામે બાળકો બધું જ લખી વાંચી શકે છે પણ સમજી નથી શકતાં. આ બાળકો ભણેલા અભણ છે. આ સ્થિતિ કેળવણી વગર થાય છે.

ઘણીવાર આપણને લાગે છે કે દુનિયા આપણી રીતે ચાલવી જોઈએ, એના માટે પણ ભણતર જરૂરી છે. અહીં નેલ્સન મંડેલાનું એક વાક્ય યાદ આવે છે,

"Education is the most powerfull weapon which you can use to change the world." – Nelson Mandela

અર્થાત્ ભણતર એવું શક્તિશાળી હથિયાર છે, જેનાથી આપણે દુનિયા બદલી શકીએ છીએ.

આજના યુગમાં ભણતર વગર કોઈનો ઉદ્ધાર નથી.ઈસુખ્રિસ્તે કહ્યું છે કે જાઓ અને સઘળાને મારો ઉપદેશ આપો. પણ જો આપણે ભણેલાં નહીં હોઈએ તો સારી રીતે કામ નહીં કરી શકીએ. પરંતુ ભણેલા હોઈશું તો ધાર્મિક કાર્ય પણ કરી શકીશું અને ઈશ્વરના આશીર્વાદ પામી શકીશું. ●


**હાર્દિક અભિનંદન**

**મહેશભાઈ રમણભાઈ પરમાર**
(અલ્પેશ સોસાયટી, પાધરિયા)

આપને આઈ.આઈ.એમ. સંસ્થા દ્વારા ઈનોવેટીવ શિક્ષકનો પ્રતિષ્ઠિત એવોર્ડ મળતાં દિલની શુભેચ્છા.

**અશોક-મીના પરિવાર, ગામડી**



# પડકારો ઝીલનાર ભડવીર - ફા. જોન ખન્ના એસ.જે.

✍ જોન ફૂલજી મેકવાન



"

**સંતજોસેફ ચર્ચ - વડોદરાના શતકના ટાણે ફાધર જોનનો સંદેશ "આનંદ મનાવતા રહો. ઈશ્વરના રાજ્યના મૂલ્યોને રોજિંદા જીવનમાં સજીવન બનાવો. એકબીજાને એ મૂલ્યો માટે જીવન સમર્પિત કરાવનો પાનો ચઢાવતા રહો. તમે છાશીના હો કે ચરોતરના, ભાલના હો કે વાકળના, સૌ પ્રથમ તમે ઈશ્વરનાં વહાલાં સંતાનો છો. ઈશ્વર અબ્બાપિતાના પરિવારના સભ્યો છો એ ભૂલશો નહિ.**

"

"નોકરી, છોકરી અને દોકડી" - આ ત્રણ બાબતો માટે મારી પાસે કોઈએ આવવું નહીં. આ શબ્દો હતા પૂજ્ય ફાધર જોન ખન્નાના. જુલાઈ ૧૯૭૯, સંત જોસેફ ચર્ચ - વડોદરાના સભાપુરોહિત નિમાયા પછી, પોતાની પ્રથમ પરમપૂજામાં તેઓશ્રીએ ઉપર મુજબના શબ્દો ઉચ્ચાર્યા હતા. કઠોર કહી શકાય એવા શબ્દો ઉચ્ચારવા પાછળનો હેતુ સ્પષ્ટ હતો - લોકોમાં "જાગૃતિ" લાવી, તેમને સ્વમાની અને સ્વાવલંબી બનાવવા. લોકો ખમતીધર બની, બીજા જરૂરિયાતમંદોની મદદે આવે. 'સ્થાનિક ધર્મસભા" લોકો દ્વારા જ ચલાવાય. માનનીય બિશપ સાહેબ તરફથી આર્થિક સહાય લેવી ન પડે. આ હતી એમની વિચારસરણી, એમની અપેક્ષા.

ફા. જોન ખન્નાનો જન્મ તા. ૨૨-૦૬-૧૯૪૦ના રોજ કરમસદ મુકામે થયો હતો. જૂન ૧૯૬૦માં ઈસુસંઘમાં જોડાયા અને ૨૪ માર્ચ ૧૯૭૧ના રોજ અમદાવાદના માઉન્ટ કાર્મેલ મહાદેવાલયમાં બિશપશ્રી ઈગ્નેશિયસ ડાયસના વરદહસ્તે તેમની પુરોહિત દીક્ષા થઈ. પુરોહિત દીક્ષા પછી ફાધર જોનની પ્રથમ નિમણૂંક ખંભાત-ભાલ પંથકમાં થઈ. પૂજ્ય ફાધર લોપેતેગી છેલ્લાં ૧૩ વર્ષથી ત્યાં લોકોની સેવામાં કાર્યરત હતા. દરબારોની જોહુકમી અને તેમના દ્વારા વણકર સમાજના થતા શોષણથી ફાધર જોન સમસમી ગયા. એ શોષણ સામે લડત આપવાનો પડકાર ઝીલી લીધો. ૩૧ વર્ષીય જુવાન તરવરિયા પુરોહિતે- "લોકોને ખ્રિસ્તી બનાવવાનું પોતાનું સ્વપ્ન બાજુ પર મૂક્યું અને અમદાવાદ સેંટ ઝેવિયર્સ કોલેજના - Behavioral Science Centre ના સહયોગથી - ઈસુનાં મૂલ્યો મુજબ, સમાજના લોકોને તેમના શોષણ અંગે જાગૃત કરવાનું બીડું ઝડપ્યું. લોકો અને થોડા જુવાનિયાઓ પડકાર ઝીલવા તૈયાર થયા. - પણ હથિયારધારી દરબારો સામે શી રીતે બાથ ભીડાય!

"ગોલાણાકાંડ" પછી રોમથી ગુજરાતમાં આવેલા એક લેટિન સાથે ફાધરે જોનની મુલાકાત થઈ. લેટિન અમેરિકાની ચળવળમાં, કચડાયેલા ઈસુપંથીઓએ શોષણ સામેની લડતમાં હથિયારો ઉપાડેલાં. ફાધર જોને રોમના વડીલને આ વાતી યાદ દેવડાવી - અહીં એની શક્યતા વિષે પૂછ્યું. જવાબ નકારાત્મક હતો. ફાધર જોનની બદલી થઈ. ઈસુસંઘની આજ્ઞાધીનતાને અનુસરનારા ફાધર જોને બદલી સ્વીકારી.

જૂન, ૧૯૭૯માં ફાધર જોનની નિમણૂંક વડોદરા, સંત જોસેફ પેરિશના સભાપુરોહિત તરીકે થઈ. ત્યારે સંત જોસેફ પેરિશમાં સાધારણ પરિસ્થિતિવાળા લગભગ ૩૫૦ કુટુંબો હતાં. મિશન પાસેથી લેવાની વૃત્તિ ખરી - મિશનને આપવાની વૃત્તિ ઓછી અથવા નહિવત્, અથવા એમ પણ કહી શકાય કે આપવાની વૃત્તિ કેળવવામાંજ નહોતી આવી - ફાધર જોન સ્વભાવે કડક, સમય અને શિસ્તના આગ્રહી, બોલવામાં સ્પષ્ટ - એક ઘા અને બે કટકા, કોઈની શેહશરમમાં ન આવે. (ત્યાં સુધી કહેલું - ફાધરની ગરજે દેવળમાં આવતા હોય તો...)

તે સમયે સમગ્ર ગુજરાતમાં, કોઈપણ તાબામાં ધર્મસેવા સમિતિની રચના થઈ નહોતી. સભાપુરોહિતો પણ તે રચવાના મૂડમાં નહોતા. આ સમયે ફાધર જોન ખન્નાએ પોતાના અથાગ પ્રયત્નોથી ધર્મસેવા સમિતિની રચના કરી. જુલાઈ, ૧૯૮૫માં ધર્મસેવા સમિતિના સભ્યોને પ્રશિક્ષણ આપવા, વલસાડ અને માઉન્ટ આબુમાં, આ વિષયના જાણકાર પુરોહિતોની રાહબરીમાં શિબિરો યોજાઈ. દરેક સભ્યે શિબિરમાં હાજર રહેવું ફરજિયાત હતું - સ્વખર્ચે. ધર્મસેવા સમિતિના સભ્યોને શિક્ષિત કર્યા પછી, ધર્મસેવા સમિતિની પેટા સમિતિઓની રચના કરાઈ. ફાધરે એવો આગ્રહ વ્યક્ત કર્યો કે સમગ્ર પેરિશનું સંચાલન, તહેવારોની ઉજવણીનું આયોજન, સમિતિના સભ્યો અને ધર્મજનો દ્વારા જ થાય. ફાધર જોનના કાર્યકાળ દરમિયાન એમ જ થયું.

૧૯૮૧માં આપણી પાસે સંપૂર્ણ બાઈબલ આવ્યું. દરેક ઘરમાં બાઈબલ હોય જ. તે માટે આગોતરી વ્યવસ્થા પણ કરી. ધર્મજનો બાઈબલ વાંચે તેવા પ્રયત્નો કર્યા. પરમપૂજામાં આવનાર દરેક શ્રદ્ધાળુ, દૈનિક શાસ્ત્રપાઠ

વાંચીને જ આવે એવો આગ્રહ સેવ્યો. રવિવારના શાસ્ત્રપાઠોના પઠન માટે અગાઉથી નિમણૂંક થતી. નિયુક્ત થયેલા પાઠકે, પરમપૂજા અગાઉ પોતાની હાજરીની જાણ કરવી પડતી. બાઈબલ સાથે લોકો "કીર્તનસાગર" પણ વસાવે તેવો આગ્રહ. ગાયકવૃંદના સભ્યોને તેમણે "કીર્તનસાગર" ભેટ આપેલી. તેના પ્રથમ પૃષ્ઠ ઉપર લખેલું - "મને પ્રભુ મંદિરીયે લઈ જજો" સંત જોસેફ પેરિશના સભાપુરોહિત તરીકે ફાધર જોન ૧૨ વર્ષ રહ્યા. જુલાઈ ૧૯૭૯ થી જૂન ૧૯૯૧.

ફાધર જેટલા કડક અને શિસ્તમય હતા તેટલા જ પારદર્શક પણ હતા. દર મહિને, સમગ્ર આવક-જાવકનો હિસાબ નોટિસ બોર્ડ ઉપર મૂકનાર તેઓ પ્રથમ સભાપુરોહિત હતા. રસોડાના ખર્ચથી માંડી, પેટ્રોલ, છાપાં, નવાં પુસ્તકોની ખરીદી, ગરીબોને અપાયેલાં દાન સુદ્ધાંનો સ્પષ્ટ હિસાબ નોટિસ બોર્ડ ઉપર મૂકાતો. પોતાના પ્રથમ બોધમાં, લોકોને સ્વમાની, સ્વાવલંબી, જાગૃત અને ખમતીધર બનાવવાની અપેક્ષા વ્યક્ત કરેલી, તે પૂર્ણ કરી બતાવી. ધર્મસેવા સમિતિ સ્થપાતાં અને માસિક ધર્માદા નિયમિતરૂપે મળતાં બિશપ સાહેબ તરફથી મળતી સહાય લેવાનું બંધ કરી, સંત જોસેફ ચર્ચ - સ્વાવલંબી બન્યું. ધનયવાદ ફાધર જોનને.

મૂળ ગામ નાવલી પણ અમદાવાદ-મિરઝાપુર ખાતે સ્થાયી થયેલા પિતા તિમોથીભાઈ અને માતા માર્થાબહેનનાં આઠ સંતાનો પૈકીના ફાધર જોન પ્રથમ હતા. તેઓ ચાર ભાઈઓ અને ચાર બહેનો હતાં. ફાધર જોનનું પ્રાથમિક શિક્ષણ સંત જોસેફ સ્કૂલ, મિરઝાપુર, ગોમતીપુર અને ઉચ્ચતર શિક્ષણ લોયોલા, સેંટ ઝેવિયર્સ કોલેજ - અમદાવાદ ખાતે થયેલું. નાનપણમાં, શાળામાં ગિલ્લીદંડા, સતોડિયું અને લખોટીઓ રમતા. રિસેસ દરમિયાન લખોટીઓ રમીને એટલી જીતતા કે ચડ્ડીનાં બંન્ને ખિસ્સાં ભરાઈ જાય. ફૂટબોલ અને ક્રિકેટના પણ અચ્છા ખેલાડી. ફૂટબોલ રમતાં, ડાબા ઢીંચણની ઢાંકણી તૂટેલી. ટી.વી. ઉપર ફૂટબોલ મેચ જોવા રાત્રિ-ઉજાગરા કરે.

ખંભાત-વડોદરા ઉપરાંત, ફાધર જોને વ્યારા, વડતાલ, માતર, ભિલોડા, વિદ્યાનગર-આશાદીપ વગેરે તાબાઓમાં સફળ સભાપુરોહિત તરીકેની ફરજ બજાવી. પ્રેમલ જ્યોતિમાં પણ મિનિસ્ટર રહી ચૂકેલા.

દરેક તાબામાં તેમનો એક જ મંત્ર - "નોકરી, છોકરી અને દોકડી" માટે મારી પાસે કોઈએ આવવું નહીં. હું તો તમારો સભાપુરોહિત. "મારું કામ તો લોકોને પ્રભુ ઈસુનાં મૂલ્યોથી સભાન કરવા અને તે પ્રમાણે જીવે તે માટે તૈયાર કરવા."

ફાધર જોનના સમયમાં જ ફાધર માઈકલ આઈસ્પૂનના સહયોગથી વડોદરામાં લગ્નશિબિર શરૂ થઈ.

૨૦૧૦નું વર્ષ ફાધર જોનનું ઈસુસંઘમાં જોડાયાનું પચાસમું વર્ષ. ગોલ્ડન જ્યુબિલીનું વર્ષ.. આ પ્રસંગની ઉજવણી દરમિયાનની પરમપૂજામાં તેમણે કહ્યું - "'ઈસુ સાથેનો મારો નાતો જૂનોપુરાણો, એટલે જન્મથી જ છે. રોજબરોજ તેની ઓળખ, પહેચાન અને તેનો મારા પરનો પ્રભાવ વધતો જ રહ્યો છે."

સંત જોસેફ ચર્ચ વડોદરાનો શતક ઉજવણી ટાણે ફાધર જોનનો સંદેશ "આનંદ મનાવતા રહો. ઈશ્વરના રાજ્યનાં મૂલ્યોને રોજિંદા જીવનમાં સજીવન બનાવો. એકબીજાને એ મૂલ્યો માટે જીવન સમર્પિત કરવવાનો પાનો ચઢાવતા રહો. તમે છાશીના હો કે ચરોતરના, ભાલના હો કે વાકળના, સૌ પ્રથમ તમે ઈશ્વરનાં વહાલાં સંતાનો છો. ઈશ્વર અબ્બાપિતાના પરિવારના સભ્યો છો, એ ભૂલશો નહિ."

૨૦૦૯ની શરૂઆતમાં, ફાધરના પગ અને ચહેરા ઉપર સોજા આવવા લાગ્યા. રાત્રે ઊંઘ પણ આવે નહિ. તપાસમાં માલૂમ પડ્યું કે બન્ને કિડની કામ કરતી બંધ થઈ છે. ૭ મે, ૨૦૦૯થી વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે ડાયેલિસિસ શરૂ કરાયું. શરૂઆતમાં અઠવાડિયામાં બે વખત - અને પાછળથી અઠવાડિયામાં ત્રણ વખત. ડાયોલિસિસની સારવાર દરમિયાન પણ તેઓ સ્વસ્થ રહેતા, પરમપૂજા ચઢાવતા, મુલાકાતો કરતા, શિબિરો ચલાવતા, બધાં જ રોજિંદા કાર્યો કરતા.

૨૦૧૩ની નાતાલની ઉજવણી આનંદભેર પૂરી કરી. ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ તબિયત લથડતાં, સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે દાખલ કરાયા. તબિયત વધુને વધુ લથડતી ગઈ. તંદ્રા અવસ્થામાં સર્યા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૪ એ હોસ્પિટલમાંથી લેડી પિલારમાં લવાયા. સઘન સારવાર છતાંય, ૯મી જાન્યુઆરી, ૨૦૧૪ રાત્રે ૧૦.૩૦ કલાકે, બ્રધર મેલકમની હાજરીમાં, ધીમે ધીમે શ્વાસ લેતાં લેતાં પ્રભુને પ્યારા થયા. ●


**Statement about ownership and other particulars regarding Magazine 'Pavan Hurdaya Doot' Form IV**

1. *Place of Publication*: Anand 2. *Periodicity:* Monthly. 3. *Printer's Name:* Jerry Leo Sequeira, S.J., *Nationality:* Indian, *Address*: Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388001. 4. *Publisher's Name:* Jerry Leo Sequeira, S.J., *Nationality*: Indian, Address: Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388001. 5. *Editor's Name*: Thomas Parmar. *Nationality*: Indian, *Address:* Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388001. 6. *Name and Address of the owner*: Gujarat Sahitya Prakash Society, Premal Jyoti, Navrangpura, Ahmedabad - 380009.

I, Jerry Leo Sequeira S.J., hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.

Sd.

Date: 5 March, 2014 Jerry Leo Sequeira S.J.

# જળ એ જ જીવન

✍ સ્મિતા બકુલ મેકવાન

"પ્રારંભમાં પરમેશ્વરે આકાશ અને પૃથ્વી સર્જ્યાં... અને પાણી પર ઈશ્વરની શક્તિ ઘૂમતી હતી" (ઉત્પત્તિ ૧:૧-૨). અર્થાત્ સૃષ્ટિના સર્જન અગાઉથી જ પાણીનું અસ્તિત્વ હતું. જીવન વિકાસનો આરંભ પાણીમાંથી જ થયો હતો અને આજે પણ જળ એ જ જીવન કહેવાય છે. ગર્ભસ્થ શિશુને માતાના ઉદરમાંથી જ પાણીની અનુભૂતિ થાય છે. આપણા દેહમાં ૬૦% પાણી વહે છે. કેટલાંક જળચરોમાં તો આ આંકડો ૯૦% ને વટાવી જાય છે. વનસ્પતિમાં થતી પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં પાણીની ભૂમિકા મહત્ત્વની હોય છે. માનવ રક્તમાં તો પાણીનું પ્રમાણ ૯૦% હોય છે. આમ, આપણા માટે પાણી એ મૂળભૂત જરૂરિયાત હોવા ઉપરાંત કુદરતની અમૂલ્ય ભેટ છે.

પાણી પૃથ્વી નામના ગ્રહની વિશિષ્ટ ઓળખ છે. અત્યાર સુધી બીજા કોઈ જ ગ્રહ પર પાણી હોવાના કોઈ ઠોસબંધ પુરાવાઓ હાથ લાગ્યા નથી. પરંતુ ઈસરો અને નાસા જેવી સંસ્થાઓ પોતાના અભિયાન દરમિયાન ચંદ્ર પર કૃત્રિમ પાણી સર્જવાની ભ્રામક કલ્પનાઓમાં રાચી રહી છે. ૨૧મી સદી પાણીની ગંભીર કટોકટીની સદી ગણાય. જમીનમાં પાણીનાં સ્તર ઊંડા ઊતરી ગયાં છે. આગામી ૨૨મી માર્ચે "વિશ્વ જળ દિન" નિમિત્તે આપણે દૃઢ નિર્ધાર કરીએ કે પાણીનો વપરાશ ઘીની જેમ સાચવીને કરીએ-ખપ પૂરતો જ. આપણા દેશમાં ૭૦% પાણીનો વપરાશ ખેતી માટે અને ૩૦% પાણી ઉદ્યોગો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ભારતમાં કૂવાઓ અને પાતાળ કૂવાઓની સંખ્યા ૨ કરોડની છે. કેટલીક બહુરાષ્ટ્રિય કંપનીઓ અને ઉદ્યોગો પોતાની જમીનમાં પાતાળકૂવાઓ બનાવીને પાણીનો નિરંકુશ વપરાશ કરે છે. આને લઈને ભૂગર્ભમાં સંગ્રહિત સદીઓ જૂનાં જળ સ્ત્રોત ઉલેચાઈ રહ્યાં છે. ભૂ-જળ સ્તરના વપરાશ બાબતે આપણે કાયદામાં પાંગળા છીએ અને આ કાયદાની ગેરહાજરીમાં ઔદ્યોગિક ગૃહો ભૂ-જળનો બેફામપણે વપરાશ કરી રહ્યા છે. પરિણામે, ખેડૂતોના કૂવાઓ ખાલી થઈ જાય છે. આ કુદરતી સ્રોત જાળવવા હશે તો પાતાળકૂવાઓ અને વોટરપંપના વપરાશ પર પ્રતિબંધ મૂકવો પડશે.

વધુ ને વધુ વૃક્ષોનો ઉછેર કરવાથી વરસાદ વધુ લાવી શકાય કે નહિ? કોંક્રીટના જંગલો ઊભાં કરવાની અને વધુને વધુ ભૌતિક સુખાકારી મેળવવાની લ્હાયમાં માણસે જંગલોનું નિકંદન કાઢી નાખ્યું છે. માણસના આ ઘોર પાપે ઋતુચક્ર પર વિષમ અસર જન્માવી છે. તેના ફળ સ્વરૂપે વરસાદનું પ્રમાણ ચિંતાજનક હદે ઘટી ગયું છે. વૃક્ષોનું નિકંદન કાઢી, મોટી ઈમારતો બાંધતો માણસ, મૂળભૂત જરૂરિયાત એવા પાણીને જ વિસરી ગયો છે. પાણીના મુદ્દે અત્ર તત્ર સર્વત્ર પાણીપત ખેલાય છે. પાણી બચાવો તો પાણી તમને બચાવશે. યાદ રાખજો, પાણીનું રેશનિંગ આવે એ દિવસો હવે દૂર નથી રહ્યા.



આપણી પાસે અફાટ જળરાશિ છે અર્થાત્ પાણીના કુલ જથ્થાનો ૯૭% હિસ્સો સમુદ્રમાં છે. પાણીનો ૨% હિસ્સો બરફરૂપે હિમાલય, આલ્પસ પર્વતમાળાઓ તેમ જ ઉત્તર અને દક્ષિણ ધ્રૂવ પર અડીંગો જમાવી બેઠો છે. આપણે જેને પેય જળ કહીએ છીએ તે તો માત્ર ૧% જ છે. આ ટકાવારીમાં ભૂગર્ભ જળનો હિસ્સો ૦.૬% ને વરસાદી જળનો હિસ્સો ૦.૪% છે. પાણીની તંગી એટલે વરસાદની તંગી એવી ભ્રમણામાંથી બહાર નીકળીને, જળનાં બીજાં સ્રોત વિશે વિચારીએ તો જળ વ્યવસ્થાપનના અનેક દરવાજાઓ ઉઘડી જાય. ગુજરાતની જ વાત કરીએ તો તેનો દરિયાકાંઠો ૧૬૬૪ કિ.મી.ની લંબાઈ ધરાવે છે. સમુદ્ર જળને મીઠું બનાવીને, ગામડાંઓ અને નગરોની પાણીની વિકટ સમસ્યાનું નિરાકરણ લાવી શકાય તેમ છે. ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ સંસ્થાએ સમુદ્રના પાણીને શુદ્ધ કરીને ઉપયોગમાં લેવાની ટેકનોલોજી વિકસાવી છે. સમુદ્ર જળને R.O. ટેકનોલોજીના ઉપયોગથી મીઠું બનાવીને, ગામડાંઓ કે શહેરોમાં વિતરણ કરી શકાય અને જે ખારાશ નીકળે તેમાંથી ખનિજ અને રસાયણ મેળવી શકાય. આ બંને આડપેદાશોનો વેપાર કરી નફો રળી શકાય. સમુદ્રના પાણીને વપરાશ યોગ્ય બનાવવાની બીજી એક રીતને ફ્લેશ ટેકનિક તરીકે ઓળખવામાં આવે છે. રિલાયન્સ કંપનીએ તેના પેટ્રોકેમિકલ પ્લાન્ટમાં આ ટેકનિકનો ઉપયોગ કર્યો છે, જેમાં સમુદ્રના પાણીને ગરમ કરી, તેની વરાળ બીજી ટાંકીમાં એકત્ર કરીને આ પાણીને વપરાશ યોગ્ય બનાવવામાં આવે છે. આમ થાય તો દરિયાકાંઠાના બધા જ ઉદ્યોગોને વપરાશ યોગ્ય પાણી ઉપલબ્ધ થઈ શકે ને સચવાયેલા ભૂગર્ભ જળને આમજનતા, ઢોરઢાંખર ને પાક માટે ઉપયોગમાં લઈ શકાય.

પાણીની અછતને નિવારવા મોટાં શહેરોમાં "રૂફ ટોપ હાર્વેસ્ટિંગ" તરીકે જાણીતી પદ્ધતિનું અમલીકરણ થઈ રહ્યું છે. આ પદ્ધતિથી જમીનમાં ઉતારેલું વરસાદી પાણી શુદ્ધતાની એરણ પર પાર ઉતર્યું છે. વડોદરા શહેરમાં કેટલાંક નવાં બાંધકામોમાં આ યોજના હાથ ધરવામાં આવી રહી છે. એવો અંદાજ માંડવામાં આવે છે કે આશરે પંદરેક લાખની વસ્તી ધરાવતા નગરમાં વરસાદનું અડધું પાણી પણ જમીનમાં ઉતારાય તો પાણીના બહારના પુરવઠાની જરૂર જ ના રહે અને નગરની પાણીની જરૂરિયાત સંતોષી શકાય. આ માટે કોઈ નિયમની જોગવાઈ કરીને, શહેરના નાગરિકોને

વરસાદી પાણીનો ભૂગર્ભ ટાંકાઓમાં સંગ્રહ કરવાની ફરજ પાડવી જોઈએ. જૂના અમદાવાદમાં કેટલાંક ઘરોમાં આવા ટાંકાઓ આજેય હયાત છે; એટલું જ નહિ, તેનો વપરાશ પણ થઈ રહ્યો છે. ખંભાતમાં આવા વરસાદી ટાંકાઓની મોજુદગી આપણા પૂર્વજોની દૂરંદેશીતાને સલામ કરવા મજબૂર કરે છે. આપણે ત્યાં વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા પાંગળી છે. નાનાં નાળાંઓ, નાની નદીઓ વગેરે પર ચેકડમ બાંધીને વેડફાઈ જતા પાણીનો સંગ્રહ કરી શકાય. આનો ફાયદો એ છે કે ચેકડેમમાં સંગ્રહિત પાણીના કારણે ભૂ-જળસ્તર રિચાર્જ થઈને ઊંચું આવે છે. બીજી એક અનિવાર્યતા વેસ્ટ વોટરના ઉપયોગની છે. કારખાનાંઓ, નાનાં ઔદ્યોગિક એકમો અને રહેણાંકોમાંથી વેસ્ટ તરીકે નીકળતા પાણીનો બગાડ આપણે નજરે જોઈએ છીએ. આ વેસ્ટ વોટર જમીનની ફળદ્રુપતાને તો હાનિ પહોંચાડે જ છે અને એ ઠાલું વહી પણ જાય છે. વેસ્ટ વોટરનો ડહાપણયુક્ત વપરાશ આવનાર દિવસોમાં અનિવાર્ય થઈ પડશે. કુદરતની ભૂ-જળરૂપી આ મહામૂલી સંપતિનું નુકસાન થતું અટકાવવા, પ્રદૂષિત પાણીનું રિસાયકલિંગ કરીને તેનો ઉપયોગ કરવાની નોબત આવી ગઈ છે.

વિશ્વમાં ભારત કરતાં પણ વધુ માત્રામાં પાણીની ગંભીર કટોકટીનો સામનો કરી રહેલા પ્રદેશો છે અને છતાં પાણીની બચત કરવામાં અગ્રેસર પણ છે. ચીલીના "અતકામાના રણ"ના કેટલાક વિસ્તારોમાં અત્યારલગી વરસાદે ક્યારેય હાજરી પુરાવી જ નથી. આવા સૂક્કાભઠ્ઠ પ્રદેશોમાં સંશોધકોએ હવામાંના ભેજ અને ઝાકળને ઉલેચીને પાણી એકઠું કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. ઝાંઝવાનાં જળ સીંચીને સંશોધકોએ લીલોતરી ઉગાડી બતાવી છે. આ માટે ખાસ પ્રકારના પડદા ઊભા કરવામાં આવ્યા છે, જે હવામાં રહેલા ભેજને શોષે છે. આ પડદા સાથે નાની નળીઓ જોડાયેલી હોય છે, જેના દ્વારા એક ટેંકમાં ધીમે ધીમે પાણીનો સંચય થાય છે. આ પાણીની શુદ્ધતા એટલી હોય છે તેને સીધું જ પીવા માટે ઉપયોગમાં લઈ શકાય. આ સંચિત પાણીના માધ્યમ દ્વારા ચીલીનો સૂક્કોભઠ્ઠ રણ પ્રદેશ હરિયાળો બન્યો છે. આ પ્રદેશ કરતાં આપણે ત્યાં વરસાદનું પ્રમાણ ઘણું જ સારું છે, છતાં પણ પાણીની સર્જાતી આ અછત "મિસ-મેનેજમેન્ટ" અને પાણીની બચતના અભાવે ઊભી થાય છે. કેટલીક બાબતો મનુષ્યના નિયંત્રણમાં પણ ખરી. જેવી કે ધૂળેટીના તહેવારમાં પાણીનો વ્યર્થ વેડફાટ કરવાને બદલે "તિલક હોળી"નો ખ્યાલ અપનાવવો જોઈએ. અદ્ભુત જળ વ્યવસ્થાપન માટે ઈઝરાયેલને કદાપિ પણ વિસરી શકાય તેમ નથી. ઈઝરાયેલના ખડકાળ પ્રદેશમાં ટપક પદ્ધતિએ કમાલ કરી છે. પાણીના એકેએક બૂંદના કરકસરયુક્ત વપરાશ માટે ગુજરાત જેટલો ભૌગોલિક વિસ્તાર ધરાવતો આ દેશ, વિશ્વના બીજા વિસ્તારો માટે દીવાદાંડીની ગરજ સારી રહ્યો છે. ટીપે ટીપે સરોવર ભરાય...

આપણી જ વાત કરીએ તો ૩૨ મોટાં શહેરો પૈકી ૨૨ શહેરો પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યાં છે. જમશેદપુર જેવા શહેરોમાં પાણીની માંગ અને પુરવઠા વચ્ચેની ખાઈ ૭૦% જેટલી છે. હૈદરાબાદ, કાનપુર, વિશાખાપટ્ટનમ અને મદુરાઈ જેવાં શહેરોમાં તો ૩૦% લોકોની પાણીની માંગ તરસી જ રહી જાય છે. આ આંકડો તાજેતરમાં લોકસભાના સત્રમાં અધિકૃત રીતે રજૂ કરવામાં આવ્યો હતો. એક અંદાજ પ્રમાણે, ઈ.સ. ૨૦૨૫ સુધીમાં જગતની ૨/૩ માનવ વસાહત પાણીની તંગીવાળા વિસ્તારોમાં વસવાટ કરતી હશે.

કોઈપણ ચીજની તંગી તેના કાળા વેપલાને ઉત્તેજન આપે છે. ગુજરાતમાં પાણીનો ગેરકાયદેસર વેપલો નિરંકુશપણે ધમધોકાર શરૂ થઈ ગયો છે. પાણીના માફિયાઓ કોઈને પણ ગાંઠતા નથી તો પાણીનું રાજકારણ એથી પણ વરવું છે. આ બધા માટે અને પાણીની અછત નિવારવાનાં પગલાંઓ વિશે લોકોને સમજૂતી આપી, પાણીની તરફેણમાં લોકમત ઊભો કરવો પડશે. જીવવું હશે તો જળ જોઈશું અને જળ માટે જનજાગૃતિ અનિવાર્ય છે. આ સંદર્ભે કેટલીક જાનદાર પંક્તિઓ સાંભળવા જેવી છે. बादलों से वर्षा बरसें, रीमझीम रीमझीम धरा पर आउं, नदी नालें, कूओं को भर दूं; बिगाडो यदि मुझे मुक्त जानी, व्यर्थ हो जाएगी तुम्हारी जिंदगानी; पहेचानते हो मुझे?... मैं हूं पानी, मैं हूं पानी... ●

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. રમેશભાઈ વાઘેલાના સ્મરણાર્થે | | ૧,૦૦૦ |
| ઉર્મિલાબેન પૂનમભાઈ | મણીનગર-પૂર્વ | ૫૫૧ |
| જગદીશ સી. રામોલા | ગાંધીનગર | ૫૦૦ |
| જયંતીભાઈ મોતીભાઈ મેકવાન | | |
| વેલિયન્ટનાં લગ્નપ્રસંગે | મણીનગર | ૫૦૦ |
| વિમળાબેન ગિરીશકુમાર મેકવાન | મણીનગર-પૂર્વ | ૩૦૦ |
| ચંદ્રકાન્ત આપીચાન મેકવાન | મણીનગર | ૨૦૦ |
| સ્વ. જોસેફ આલોઈસ પરમાર | આણંદ | ૨૦૦ |
| હેતલ એ. ડાભી | યુ.એસ. | ૨૦૦ |
| અનામી દાતા | આણંદ | ૧૦૧ |
| સ્વ. સિમોન પી. વાઘેલા | નડીઆદ | ૧૦૦ |
| અનામી દાતા | | ૧૦૦ |
| ગાબ્રિયેલ એ. ચૌહાણ | મણીનગર | ૧૦૦ |
| વિલ્યમભાઈ મકનભાઈ મેકવાન | ડભાણ | ૧૦૦ |
| સ્વ. પીટરભાઈ નાથાભાઈ પરમાર | નડીઆદ | ૧૦૦ |
| શાંતિલાલ એન. મકવાણા | વડોદરા | ૧૦૦ |
| ચંદ્રકાન્ત આપીચાન (મામેરા તરફથી) | | ૧૦૦ |
| ચંદ્રકાન્ત આપીચાન (જાન તરફથી) | | ૧૦૦ |
| સવિતાબેન અનવરભાઈ | મણીનગર-પૂર્વ | ૧૦૦ |
| સ્વ. મણીલાલ ગોપાલદાસ પરમાર | વડોદરા | ૧૦૦ |
| શૈલેષ કે. રોય | ગાંધીનગર | ૧૦૦ |
| એડના ગોમ્સનાં સ્મરણાર્થે | મણીનગર | ૧૦૦ |
| ડેનીસ સાયમન ડાભી | મહેમદાવાદ | ૧૦૦ |
| જ્યોત્સનારાણી નાદાર | આણંદ | ૧૦૦ |
| રામીબેન ડાહ્યાભાઈ મેકવાન | સુંદલપુરા | ૧૦૦ |
| સાબીનાબેન શાંતિલાલ જાદવ | | ૧૦૦ |
| સ્વ. સુરેશ ઈશ્વર પરમાર | મોગર | ૧૦૦ |

"હૃદયપલટો કરો... ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે." [illegible]

## રીટ્રીટ સેન્ટર - નગરા આયોજીત

# તપઋતુ - બાઈબલ અધિવેશન

- જીવનનો હેતુ શો છે?
- ઈશ્વર જો પ્રેમ હોય તો જીવનમાં દુઃખ કેમ?
- પાપ એટલે શું?... તેના પરિણામ.
- હૃદયપલટો એટલે શું?
- પ્રાયશ્ચિત સંસ્કારનું મહત્વ.
- ઈસુ દ્વારા મુક્તિ એટલે શું?

... પવિત્ર આત્માસભર આ તપઋતુ અધિવેશનમાં આવા અનેક પ્રશ્નોની સમજ આપવામાં આવશે તેમજ આંતરિક સાજાપણાની વિશેષ પ્રાર્થના કરવામાં આવશે.

**પ્રવક્તા: ફા.પરેશ પરમાર ● ફા.લૂઈસ લોપેઝ ● ફા.અશોક મેકવાન**

આભારસ્તુતિ અને સંગીત: મોક્ષા

તારીખ : ૧૨, ૧૩ અને ૧૪, એપ્રિલ,૨૦૧૪.
સમય : દરરોજ સવારે ૧૦:૦૦ થી સાંજના ૪:૦૦ સુધી
સ્થળ : રીટ્રીટ સેન્ટર - નગરા.

નોંધ: ૧) બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.
૨) બાઈબલ અધિવેશન માટે દૂરથી આવનાર ભક્તજનો માટે રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે માટે અગાઉથી જાણ કરી આપનું નામ નોંધાવવું જરૂરી છે.


---

**માર્ચ માસની રાત્રિ આરાધના**
**તારીખ : ૧૫-૦૩-૨૦૧૪**
**સમય: રાત્રે ૧૦:૦૦ થી ૪-૦૦.**

લોયોલા ચર્ચ, અમદાવાદ ખાતે તપઋતુ - બાઈબલ અધિવેશન.
તારીખ: ૨૭, ૨૮ અને ૨૯ માર્ચ, ૨૦૧૪.
સમય: સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી.
પ્રવક્તા: ફા.પરેશ પરમાર (રીટ્રીટ સેન્ટર - નગરા ટીમ)

**વિશેષ નોંધ: અનિવાર્ય સંજોગોને કારણે માર્ચ માસની 'નગરા રીટ્રીટ' રાખવામાં આવશે નહિ.**

રીટ્રીટ સેન્ટર – નગરા, નગરા રોડ, ખંભાત – ૩૮૮૬૨૦, ફોન નંબર : [illegible]



# કિશોરમિત્ર

માર્ચ, ૨૦૧૪



### પ્રેમાળ માતા પિતા : ખુશહાલ બાળ વિશેષ દેખભાળ :

વાર્ષિક પરીક્ષાને હવે લગભગ એકાદ મહિનો જ બાકી હતો. અંગ્રેજીના શિક્ષક જોન સાહેબે વર્ગમાં આવતાવેંત વિદ્યાર્થીઓને રિવિઝન કરવા જણાવ્યું. વર્ગમાંથી છ વિદ્યાર્થીઓને અલગ બોલાવી, પોતાની પાસે ટેબલ નજીક બેસીને અભ્યાસ કરવા કહ્યું. છ એ વિદ્યાર્થીનું મોં પડી ગયું. તેઓમાંનો એક અજય દુ:ખી સ્વરે બોલ્યો, “સર, તમે અમને આગળ ટેબલ પાસે બેસીને અભ્યાસ કરવા કહો છો તે અમને જરાપણ ગમતું નથી. બાકીના બીજા વિદ્યાર્થીઓ પણ અમને ડફોળ સમજી અમારી મશ્કરી કરે છે.”

જોન સાહેબ બોલ્યા, “અત્યારે ભણવાનો સમય છે એટલે ભણવામાં ધ્યાન આપો. અને આવતી કાલે સાંજે મારે ઘેર આવજો. ત્યાં હું તમને સમજાવીશ.”

સાહેબની આજ્ઞા અનુસાર બીજે દિવસે છ જણાની ટોળી જોન સાહેબના ઘેર પહોંચી. સાહેબે બધાંને પ્રેમથી આવકાર્યા. તેમની પત્નીએ બધાંને નાસ્તો પીરસ્યો. તેમનો નાનો દીકરો તો આ બધાંનો દોસ્ત બની ગયો.

વાત વાતમાં સાહેબે જણાવ્યું કે તેમનો મોટો દીકરો કમળાથી પીડાય છે. અને તે બાજુના ઓરડામાં આરામ કરી રહ્યો છે. અજય અને તેના મિત્રોને લાગ્યું કે બાજુના રૂમમાં આરામ કરી રહેલ જોન સાહેબના મોટા દીકરાને પણ નાસ્તો આપવો જોઈએ. તેમની વાત સાંભળીને જોન સાહેબ બોલ્યા, “કમળાના દર્દીને આવો તેલમાં તળેલો નાસ્તો અપાતો હશે? તેના માટે ખાવા-પીવામાં ખાસ ધ્યાન રાખવું પડે. જેથી તે જલદીથી સાજો થાય. તમે મારી વાતમાં સંમત થાવ છો?”

બધા વિદ્યાર્થીઓએ હકારમાં માથું હલાવ્યું. પછી સાહેબે આગળ વાત સમજાવી, “આજ રીતે તમે છ જણા અભ્યાસમાં થોડા કાચા છો. તેથી જ તમને ખાસ નિરીક્ષણ હેઠળ રિવિઝન કરાવવાની જરૂર છે. જેથી તમે પણ અભ્યાસમાં પાછા ન પડો અને સારું પરિણામ મેળવો. મારી સલાહ તમારે હકારાત્મક લેવી જોઈએ. તો જ તમારો સંપૂર્ણ વિકાસ થશે.”

બધા વિદ્યાર્થીઓને જોન સાહેબે લીધેલ ખાસ કાળજીની હવે સમજ પડી. તેઓએ ખરા દિલથી સાહેબનો આભાર માન્યો.

### કોયલનું મધુર ગાન:

એક કોયલ હતી. તેને ગીતો ગાવાનું ઘણું મન થતું. પરંતુ તેને ગાતાં આવડતું ન હતું. કોઈ સારા ગાયક પાસેથી તેને ગીત ગાતાં શીખવું હતું. પરંતુ તેને કોઈ સારો ગુરુ મળતો નહતો. એક દિવસે કોયલે એક મોટા સરોવરમાં કેટલાક હંસને તરતાં જોયા. કોયલ ત્યાં પહોંચી ગઈ. અને એક હંસને પોતાને ગીત શીખવવા વિનંતી કરી. પેલા હંસને પોતાની ગાયકીનું અભિમાન હતું. તે બોલ્યો, “તું કાળી મેંશ જેવી અને હું દૂધ જેવો સફેદ! હું કઈ રીતે તને ગાતાં શીખવું? જા... ભાઈ... જા... તારી પાછળ કોણ સમય

બગાડે?" હંસે મોં મચકોડ્યું, આજ રીતે મોર, પોપટ, સારસ, એમ બધાં પક્ષીઓએ કોયલની મશ્કરી કરી.

કોયલ દુઃખી થઈ ગઈ. રડમસ ચહેરે તે આંબાની ઘટામાં છૂપાઈ ગઈ. બાજુમાં એક નદી વહેતી હતી. ખળખળ વહેતી નદીનો મધુર ધ્વનિ સંભળાતો હતો. હળવેથી વહેતો પવન પણ સુમધુર સંગીત રેલાવી રહ્યો હતો. કુદરતમાં રેલાતા કર્ણપ્રિય સ્વરોને કોયલ ધ્યાનમગ્ન થઈ સાંભળતી રહી.

વસંતઋતુનું આગમન થયું. કોયલે તો પ્રકૃતિ પાસેથી સંગીત શીખ્યું હતું. તેણે ઊંચા સ્વરે કુહુ... કુહુ... કરીને ટહુકવાનું શરૂ કર્યું. જંગલનાં બધાં પશુ-પંખીઓને આ મધુરો અવાજ સંભળાયો. તેમણે અનુમાન લગાવ્યું કે આટલો કર્ણપ્રિય સુંદર અવાજ તો સારસ, મોર કે પછી પોપટનો જ હશે. તેઓ બધાં આંબાના ઝાડ પાસે આવી પહોંચ્યાં. કોયલ ઊંચા સાદે સુમધુર ગીત ગાઈ રહી હતી. જ્યારે બધાં પક્ષીઓને જોયું કે કાળી કોયલ આટલું સુંદર ગાઈ રહી છે ત્યારે તે બધાંનું માથું શરમથી ઝૂકી ગયું.

**સારઃ** લઘુતાગ્રંથિ છોડો - પોતાનો આત્મવિશ્વાસ વધારો.

**ફાધર પોલ વેનિશ્કના પ્રયત્નોઃ**

અંગ્રેજી કિશોરમિત્ર 'Soldiers of God'ના સ્થાપક ફાધર પોલ વેનિશ્કે, આ બાળ સામયિકના ફેલાવા દ્વારા પ્રભુ ઈસુના રાજ્યની ઘોષણા માટે અથાક પ્રયત્નો કર્યા હતા. ભારતનું ઉજ્જવળ ભવિષ્ય આગામી પેઢીના હાથમાં છે તે જાણીને તેમણે બાળવિકાસ માટે ખૂબ મહેનત કરી હતી. પોતાનો ઉદ્દેશ સમજાવવા, તેઓ દેશના રાજનેતાઓને પણ મળતા. આ રીતે તેઓ મહાન વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીને પણ મળ્યા હતા. અને શ્રીમતિ ગાંધી સાથે બાળ વિકાસ સંદર્ભે ચર્ચાવિચારણા કરી હતી. શ્રીમતિ ઈન્દિરા ગાંધીએ પણ રસપૂર્વક સામયિક વાંચ્યું હતું.

**વેદનાભર્યો ચહેરોઃ**

વ્હાલા કિશોરમિત્રો, અલગ અલગ ચિત્રોમાં આપણે પ્રભુ ઈસુના અનેક રૂપ જોયાં છે. અહીં દર્શાવેલ ચિત્રમાં પ્રભુ ઈસુનો દુઃખી અને વેદનાભર્યો ચહેરો જોવા મળે છે. સમગ્ર વિશ્વની મુશ્કેલીઓનું દુઃખ તેમના ચહેરા ઉપર સ્પષ્ટપણે જોવા મળે છે. માનવજાતનાં દુઃખો દૂર કરવા, ઈસુએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું હતું. આ ચિત્ર જોતાં લાગી રહ્યું છે કે પ્રભુ ઈસુ માનવ કાજે હજુ વધુ યાતના સહન કરવા તૈયાર છે. સાચે જ અસહ્ય વેદના દ્વારા, ઈસુએ આપણા માટે તારણના દ્વાર ઉઘાડી નાખ્યાં છે.

## ગ્રાહક અધિકારઃ
## જાગો... ગ્રાહક... જાગો...

જેમ્સ આઠમા ધોરણમાં ગુજરાતી માધ્યમની શાળામાં ભણતો હતો. તેના પિતા ખાનગી ઓફિસમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા. સામાન્ય આવકને લીધે કુટુંબના બે છેડા ભેગા કરવા મુશ્કેલી પડતી. થોડી આર્થિક મદદ મળી રહે તે માટે જેમ્સની માતા એક નાના ગૃહઉદ્યોગમાં રમકડાં રંગવાના કામે જતી હતી.

ચપળ કારીગર હોવાથી, તેમણે રંગેલાં રમકડાં સુંદર દીપી ઉઠતાં.

એક દિવસ જેમ્સની માતાને તાવ ચઢ્યો હતો. તબિયત સારી ન હોવાથી તેઓ થોડા મોડાં ઉઠ્યાં. જેમ્સના પિતાને જેમ્સ માટે નાસ્તો બનાવી આપવા કહ્યું. પરંતુ નોકરી પર જવામાં મોડું થતું હોવાથી તેમણે ઈન્કાર કર્યો. જેમ્સને માઠું લાગ્યું. તેને તેની માતા પ્રત્યે ખૂબ લાગણી હતી. આગલી રાતની વધેલી ખીચડી વઘારી, નાસ્તો કરીને તે શાળાએ ગયો. બપોરે રિસેસના સમયે શાળાની બાજુની હોટલમાંથી થોડા દાળ-ભાત ખરીદી લાવ્યો. જેવું તેણે નાસ્તાનું પેકેટ ખોલ્યું કે તેમાંથી ખાવાનું બગડી ગયાની વાસ આવવા લાગી. તે જ વખતે જેમ્સના વિજ્ઞાનના શિક્ષિકાબેન ત્યાંથી પસાર થતાં હતાં. તેમને વાસી ખોરાકની ગંધ આવી. જેમ્સ સાથે વાત કરીને, તેમણે જ્યાંથી તેણે ખાવાનું ખરીદ્યું હતું તે હોટલનું નામ જાણી લીધું. શિક્ષિકાબેને તેમનો નાસ્તાનો ડબ્બો જેમ્સને ખાવા માટે આપી દીધો. અને જેમ્સના નાસ્તાનું પેકેટ લઈ, પેલી હોટલ પહોંચી ગયાં. ત્યાં તેમણે હોટલના કાઉન્ટર પર ફરિયાદ કરી. ફરિયાદ સાંભળીને મેનેજર આવી પહોંચ્યો. મેનેજરે માફી માંગતાં બહેનને સારા નાસ્તાનું બીજું પેકેટ આપ્યું.

બેન શાળાએ પાછા ફર્યા. અને નાસ્તાનું પેકેટ જેમ્સને આપવા લાગ્યા. જેમ્સે કહ્યું, "બહેન, તમે આપેલો નાસ્તો મેં કરી લીધો છે. મહેરબાની કરીને આ પેકેટ તમે ખાવ." બહેને સમજાવ્યું, "સારી ગુણવત્તાવાળી વસ્તુ મેળવવી એ આપણો અધિકાર છે. જ્યારે પણ તમે કોઈ વસ્તુ ખરીદી કરો ત્યારે હંમેશાં તેની ઉપર છાપેલી કિંમત અને તેની આખર તારીખ જરૂર તપાસો. સાથે સાથે વસ્તુનું બીલ પણ મેળવો. જેથી જો વસ્તુ ખરાબ ગુણવત્તાવાળી નીકળે તો ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ કરી શકાય."

સાચે જ, સારી ગુણવત્તાની વસ્તુ મેળવવી એ ગ્રાહકનો અધિકાર છે.

બાળમિત્રો, સમગ્ર વિશ્વમાં ૧૫ માર્ચનો દિવસ વિશ્વ ગ્રાહક અધિકાર દિન તરીકે મનાવવામાં આવે છે.

## આવી... પરીક્ષા આવી...

દરેકને પરીક્ષાનો ડર સતાવતો હોય છે. ઘણાંને તો પરીક્ષાના નામથી જ તાવ ચઢી જતો હોય છે. મિત્રો, આપણે જે વિષય ભણ્યાં હોઈએ તેની જ તો પરીક્ષા લેવાય છે. તો પછી પરીક્ષાનો હાઉ શા માટે? આપણે ખોટી રીતે તૈયારી કરી હોય તો જ પરીક્ષાનો ડર લાગે. પરીક્ષા આપણી ક્ષમતાને ચકાસે છે; નહીં કે આપણી નિર્બળતાને. જો તમે નીચે આપેલ મુદ્દાનું ધ્યાન રાખશો તો ખુશી ખુશી પરીક્ષા આપવાનું મન થશે.

૧) જે તે વિષયમાં રસ કેળવો.
૨) વિષય વસ્તુ એકચિત્તે ધ્યાનથી ભણો.
૩) હંમેશાં હકારાત્મક અભિગમ રાખો.
૪) અભ્યાસનું પૂરતું પુનરાવર્તન કરો.
૫) તણાવ મુક્ત - મોકળું મન રાખો.
૬) 'હું મારી શ્રેષ્ઠ કોશિષ કરીશ' આવી ભાવના રાખો.
૭) શારીરિક તંદુરસ્તી જાળવો, ખુશ રહો.
૮) પરીક્ષાખંડમાં સૌ પ્રથમ આખું પેપર ધ્યાનથી વાંચી જાવ.
૯) જે તે પ્રશ્નને તેના ગુણ પ્રમાણે સમય ફાળવો.
૧૦) પરીક્ષા પત્યા પછી તેનું પિષ્ટણ ન કરો; પણ બીજા દિવસની પરીક્ષાની તૈયારમાં લાગી જાવ.

વ્હાલા કિશોરમિત્રો, આ પ્રમાણે તૈયારી કરશો તો તમે પરીક્ષાની મજા માણી શકશો. તમને બધાંને ઓલ ધ બેસ્ટ......

**શાળા જીવનની કેળવણી – જીવન સફળતાનો આધાર:**

આઠ માર્ચનો દિવસ વિશ્વભરમાં મહિલાદિન તરીકે ઉજવાય છે. આ દિવસે હિનાબહેને વ્યવસાયી મહિલાઓ માટે એક રેલીનું આયોજન કર્યું હતું. ખૂબ મોટી સંખ્યામાં બહેનોએ રેલીમાં ભાગ લીધો. સુંદર શિસ્તબદ્ધ આયોજન બદલ બધાએ હિનાબહેનને અભિનંદન આપ્યા.

પોતાના વક્તવ્યમાં, હિનાબહેને પોતાના શાળાજીવનને યાદ કર્યું. જ્યારે તેઓ છઠ્ઠા ધોરણમાં ભણતાં હતાં ત્યારે તેમના ક્લાસ ટીચર માલા બહેને શાળાની ઈતર પ્રવૃત્તિઓ જેવી કે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, રમતોત્સવ, વાર્ષિક સાંસ્કૃતિક દિન વગેરેમાં ભાગ લેવા તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઘણી બધી સ્પર્ધામાં તેમણે ઈનામ પણ જીત્યાં હતાં. ઈતર પ્રવૃત્તિમાં ભાગ લેતાં લેતાં જ તેમનામાં નેતૃત્વ કલાનો વિકાસ થયો. અને તેને લીધે જ તેઓ આવી સુંદર, સફળ અને શિસ્તબદ્ધ રેલીનું આયોજન કરી શક્યાં. ગર્વ અને આનંદની લાગણી સાથે હિનાબહેને શાળા જીવનનાં મધુર સંભારણાં જાહેરમાં રજૂ કર્યાં. રેલીમાં હાજર મહિલાઓએ પણ હિનાબહેનના વક્તવ્યમાંથી પ્રેરણા મેળવી.

**માર્ચ માસના મહત્ત્વના દિવસો.**

૧ માર્ચ - વિશ્વ રસીકરણ દિન

૪ માર્ચ - રાષ્ટ્રીય સુરક્ષા દિન

૮ માર્ચ - આં.રા. મહિલા દિન અને
વિશ્વ સાક્ષરતા દિન

૧૦ માર્ચ - કોમનવેલ્થ દિન
(માર્ચનો બીજો સોમવાર)

૨૧ માર્ચ - વિશ્વ વન દિન

૨૨ માર્ચ - વિશ્વ જળ દિન

૨૩ માર્ચ - વિશ્વ હવામાન દિન અને
વિશ્વ શાળા દિન

૨૭ માર્ચ - વિશ્વ રંગભૂમિ દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો**

૫ માર્ચ
- ભસ્મ બુધવાર - તપઋતુની શરૂઆત

૧૭ માર્ચ
- સંત પેટ્રિક

૧૯ માર્ચ -
સંત યોસેફ (ઈસુના પાળક પિતા)

૨૫ માર્ચ -
પ્રભુના માનવ અવતારનો સંદેશ

**– રાજેશ ક્રિશ્ચિયન**
**rajesh.christian@yahoo.co.in**







## SPECIAL ATTENTION

There was hardly a month for the final, public examination. The English teacher, Mr. Mary John, entered the class and asked the boys to revise the lessons. But he singled out six boys and asked them to come and sit around his table. Their faces were sad. Ajay, one of the six boys, said, 'Sir you are asking us to come near you and study? We are feeling uneasy and our other companions are fooling us, calling us dullards." Mr. John said, "We do not have much time now. Please come to my house tomorrow, we will discuss it leisurely!"

The next day the teacher welcomed them warmly. His younger son was very friendly with them. His wife was hospitable. In the course of their conversation he said that his elder son was suffering from jaundice and taking rest in a separate room. Ajay and the other boys felt that the snacks which were supplied to them could be given also to the elder boy. Noticing this the teacher said, "Is it good to give oily snacks to a jaundice patient? He has to be treated specially and differently so that he can get well soon. Do you agree with me?"

All the boys nodded their heads in agreement. Then the teacher continued, "So too, you six need special, separate, care regarding your studies; you should take it well and as a positive step towards your development!"
Now they realised the concern of their teacher and thanked him.

## BE YOURSELF. FEEL GREAT.

Once upon a time the nightingale didn't know how to sing. She had no teacher. The bird searched for a teacher.

Nightingale once saw a few swans swimming in a lake. The bird

went to the lake and asked a swan to teach her music. The swan was proud of its singing. 'Oh! You are a black bird. I am pure white. Who'll teach a black bird like you? I won't waste time!" The swan replied.

Likewise it approached a crane; then a parrot; then other birds… but all in vain.

The nightingale felt unhappy. Nightingale sat in a mango grove. There was a river flowing. The sound of the flow of the river was melodious. The wind blew. Its sound was oh so sweet. Nightingale heard all the night voices. She began to sing with them.

By the time spring came, Nightingale had learnt music from Mother Nature. She just sang on and on cooing and whistling to herself in the forest. All the animals heard her sing. They were all surprised. Who was singing? The swan? The parrot? The peacock? All of them ran there to find out which bird it was.

Nightingale's voice was very sweet. When they saw who she was, black and sweet, they were all ashamed they had insulted her and had sent her away with their prejudices. They said sorry but the nightingale just sang on and on, thrilled and enthralling.

## RECEIPT... CONSUMER'S RIGHT

Britto was in VIII Std. He was studying in a vernacular medium school. His father was working in an office and drawing a modest salary. That was not sufficient to run the family. So his mother, after her household chores, also worked in a small cottage industry, painting toys. She was interested in it and also skilled at it.

One day she took ill and could not get up in time to cook. She requested her husband to prepare something for Britto. But her husband flatly refused and left for work. Britto was upset. He felt deeply for his mother. He managed his

breakfast with the left-overs of the previous night. He went to school as usual. At lunch time he bought a packet of curd-rice from a nearby hotel. He sat down with his companions to eat. As he opened the packet there was some foul smell. His Science teacher just then happened to pass by. She asked Britto from where had he got the food. She also kindly gave him her own lunch to eat. She then went straight to the hotel with the packet and demanded an explanation and compensation for the stale and poisonous food. The hotel manager apologised for his mistake and gave her a fresh packet of food.

She came back to the boys and gave the packet to Britto. He said, "Miss, I have already eaten your lunch; please you take this!" She said, "We are entitled to good things when we buy. When you buy anything from the shop you should always check that it is good and get a bill or receipt. Then in case of any deceit or ill service you can launch a complaint with the Consumer Court!"

Yes, we have the right to be served well!

## ENJOY YOUR EXAMINATION

Everybody at any age or stage is afraid of examinations of any kind. At the very thought of an exam one gets alert. Some shiver or even get feverish. But, interestingly, except a few, all of us have been taught the lessons in which we are examined. Then, why are we afraid of the examination? Our fear is because of our faulty understanding, attitude or approach.

An examination is a TEST of our TALENTS. It does not test my inability, but is an opportunity for my achievement.

With these words I would like to suggest we think in the following ways to face an examination in a pleasing and positive way:

a. Take Interest in the subject and study.
b. Develop concentration in the subject.
c. 'I know my subject': a positive attitude.
d. Proper, systematic, sufficient, preparation.
e. Anxiety-free, relaxed disposition.
f. 'I will produce the best': keep telling yourself.

g. Maintain a healthy body and a happy mind.

h. Read the whole question - paper before you start answering.

i. Allot time proportionately to each question.

j. Avoid a post - mortem process. Once an exam is over do not brood over it.

If you follow these points you will enjoy your examination.
GOD HELPS THOSE WHO HELP THEMSELVES. TRUST HIM.

## THE FARMER AND THE BIRDS

*P. Ribes , S.J.*

**We have to sacrifice our immediate likes and wants**
**in view of future gains**
**"Unless a grain of wheat falls into the ground and dies,**
**It will not bear fruit**

There was a farmer. He owned a large field. He ploughed it and watered it with great care. After that, with a generous hand he began scattering the best seed around the field.

At a distance, from the tree tops, some birds were watching the farmer. In bewilderment, they exclaimed: "What a fool! He is throwing away such wonderful grain. Does he not know that good grain is for eating? What a waste!"

After finishing his work, the farmer returned to his home tired and happy. "I am sure," he said to himself, "this year I will get a bumper crop."

In the meantime, the birds gathered together and decided to salvage the seed that the prodigal farmer had scattered all over the field. They said: "Not a grain should be lost."

In a split second, the field was covered with birds furiously pecking out the ground. Those with stronger claws made the most of it, but all had a field-day! Bird song from a thousand throats rent the air. There was chirping and singing all over the field.

After that, the rains came and went, the sun rose and set, season rolled by; yet, the fertile soil remained barren. Only a few solitary ears of corn

# I.C.Y.M. Spoken English Camp 2014

## Date: 22nd April to 18th May, 2014

**(લાયકાત :- ધોરણ ૫ થી ૧૨ અને તેનાથી ઉપર)**

પ્રવર્તમાન સમયમાં દિનપ્રતિદિન અંગ્રેજીના વધતા જતા ઉપયોગમાં...

શું આપને અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું છે? શુ આપ ઈચ્છો છો કે આપનો આત્મવિશ્વાસ વધુ પ્રબળ થાય? આપની કારકિર્દી બનાવવામાં ડગલે ને પગલે આડે આવતી અંગ્રેજી ભાષાની સમસ્યા આપ હલ કરવા ઈચ્છો છો? આપ ઈચ્છો છો કે નવા મિત્રો, અંગ્રેજી એક્શન સોંગ, વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી માર્ગદર્શનથી આપના જીવનને એક નવી દિશા સાંપડે?

તો આવો **I.C.Y.M** આયોજીત **'Spoken English Summer Camp 2014'**માં અને સમર વેકેશનને સફળ બનાવવાનો આનંદ મેળવો.

### કેમ્પનું સ્થળ: કેથોલિક ચર્ચ, કરમસદ ● કેથોલિક ચર્ચ, લીમડાપુરા

| ધોરણ: ૫ થી ૯ | ધોરણ: ૧૦ અને તેથી ઉપર |
|---|---|
| ઈન્ટરવ્યૂની તારીખ: ૧૨ એપ્રિલ, ૨૦૧૪ | ઈન્ટરવ્યૂની તારીખ: ૧૪ એપ્રિલ, ૨૦૧૪ |
| કેમ્પની ફી: રૂા. ૨,૦૦૦/- | કેમ્પની ફી: રૂા. ૨,૩૦૦/- |

**ઈન્ટરવ્યૂનું સ્થળ: યુથ ઓફિસ, કરમસદ**

**ઈન્ટરવ્યૂનો સમય: સવારે ૯.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી**

**Contact Numbers :**

ફાધર સંદિપ મધુકર - ૯૬૬૨૨ ૪૬૪૦૦

યુથ ઑફિસ નં - (૦૨૬૯૨)૨૨૨૨૩૩

**ફોર્મ મોકલવાનું સરનામું :**

ફાધર સંદિપ મધુકર

યુથ ડાયરેક્ટર, I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંત

લોયોલા હોસ્ટેલ, કેથોલિક ચર્ચ, કરમસદ ૩૮૮૩૨૫

**નોંધ :- મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ, આ કેમ્પ પૂરતું 'વહેલા તે પહેલા ધોરણ'ને અમલમાં મૂકવામાં આવશે.**

---

## I.C.Y.M Spoken English Camp 2014

Application Form

Name: - ____________________

Father's Name: - ____________________ Occupation: - ____________________

Mother's Name: - ____________________ Occupation: - ____________________

Address (Resi.):-____________________

City/Town: - ____________________ Pin code:-____________________

Contact Numbers: Phone:-____________________ Mobile:- ____________________


Date of Birth: - ____________________ Std:-____________________

Name of School/College:-____________________

Signature of Applicant:-____________________

Parish: - ____________________ Sign and Seal of Parish Priest:-____________________

**નોંધ :- આ ફોર્મ ભરી તા.૧૨-૪-૨૦૧૪ પહેલા યુથ ઑફિસ, કરમસદમાં મોકલી આપવું.**



# જંગલ કરે મંગલ

✍ ઈશ્વર વાઘેલા

એકવીસમી માર્ચ વિશ્વ વનદિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે જંગલની ઉપયોગીતા અને તેના સરંક્ષણ વિશે વિચારીએ. જંગલ એટલે માણસની સહાયતા વિના કુદરતી રીતે ઊગી નીકળેલાં - વિકસેલાં વૃક્ષોનો સમૂહ. જ્યાં પશુ-પંખી પોતાનું પોષણ મેળવી, સ્વતંત્રતાથી, સહજતાથી જીવન જીવી શકે છે. પૃથ્વીની ઉત્પત્તિ પછી પૃથ્વી ઉપરનું સૌ પ્રથમ જૈવ સ્વરૂપ વનસ્પતિ છે. જૈવ સ્વરૂપ એટલે જેમાં જીવ છે તેવું સ્વરૂપ. વનસ્પતિ એ પશુ-પક્ષી-માનવની જેમ સજીવ છે. સજીવ છે તેથી તો બીમાંથી છોડ અને છોડમાંથી ઝાડ એમ વિકસી શકે છે.

જંગલો પર્યાવરણની એક અમૂલ્ય-કુદરતી ભેટ છે. પ્રાચીન યુગથી જંગલો સજીવોને પોષક અને ઉપયોગી વસ્તુઓની ભેટ આપી રહ્યાં છે. આધુનિક માનવજીવનને સુખી- સમૃદ્ધ કરી, તેનું મંગલ કરવામાં મુખ્ય પ્રદાન જંગલોનું રહ્યું છે. આવો શું શું આપી જંગલ સજીવોનું મંગલ કરે છે, તે અંગે જોઈએ.

**સજીવોને પોષણ આપે :** પ્રત્યેક સજીવને જંગલ આહાર અને પોષણ આપે છે. માનવને ખોરાક માટે જરૂરી અનાજ, શાકભાજી, ફળ-ફળાદી વનસ્પતિ દ્વારા મળે છે. માનવની માફક પશુ-પક્ષીઓનો આહાર વનસ્પતિ પૂરો પાડે છે. વનસ્પતિ ઉપરાંત માંસ, ઈંડા જેવો આહાર પ્રાણીઓ પૂરો પાડે છે. માંસાહારી પ્રાણીઓ જંગલોમાં તૃણાહારી પ્રાણીઓનો શિકાર કરી આહાર મેળવે છે. આમ સજીવોને પોષણ આપનાર વનસ્પતિ અને પ્રાણીઓ, માનવ જીવનની શરૂઆતથી જંગલોમાંથી મળતાં રહ્યાં છે.

**પર્યાવરણ જાળવી સજીવોને બચાવે :** વનસ્પતિ કાર્બન ડાયોક્સાઇડ લઈને સજીવોને ઓક્સિજન પૂરો પાડે છે. જંગલો પૃથ્વીની સપાટીનું ઢાંકણ છે. વનસ્પતિ પૃથ્વી સપાટીનું તાપમાન ઘટાડવામાં અને હવામાં ભેજનું પ્રમાણ વધારવામાં સહાયક બને છે. જંગલો વરસાદ લાવવામાં ઉપયોગી છે.

**રણવૃદ્ધિ અટકાવી જમીન બચાવે :** પવન દ્વારા રણની રેતી જમીન પર પથરાતી જાય તો રણવિસ્તારમાં વધારો થાય. જંગલો રણ સામે દીવાલ રૂપ બની રહી, રણવૃદ્ધિ અટકાવે છે.

**પૂર નિયંત્રણ કરે :** નદીઓમાં અતિવૃષ્ટિ કે પર્વતો પરનો બરફ પીગળવાથી વિનાશક પૂર આવે છે. જંગલોમાં રહીને વહેતી નદીના પ્રવાહને જંગલો અટકાવીને પૂર નિયંત્રણ કરે છે.

**ભૂગર્ભજળ વધારે :** જંગલો વરસાદ લાવીને અને વનસ્પતિના લીલાંપણાંને કારણે ભૂગર્ભજળને ટકાવીને, તેમાં વધારો કરે છે.

**ઔષધિઓ આપે :** જંગલો, હરડે, બહેડો, આંબળા, શંખાવતિ, સિકોના, સરગવો, અશ્વગંધા, સર્પગંધા વગેરે ઔષધિઓ આપી, રોગનિવારણમાં ઉપયોગી બને છે.

**લાકડું આપે :** જંગલો ઈમારતી અને બળતણનું લાકડું આપે છે. સાગ-સાલ-સાદડ જેવાં વૃક્ષોનું લાકડું, ઈમારતો-ફર્નિચર અને રેલવેના ડબ્બા બનાવવામાં ઉપયોગી છે. દેવદાર અને ચીડના લાકડાંમાંથી દવા-ચા વગેરેના પેકિંગ માટેની પેટીઓ બને છે. સુંદર વૃક્ષના લાકડામાંથી હોડી બને છે.

**ઉદ્યોગો વિકસાવે :** પોચા લાકડામાંથી કાગળ-દીવાસળી-રંગ વગેરે ઉદ્યોગો માટેનો કાચો માલ મળે છે. ચીડના રસમાંથી ટર્પેન્ટાઇન, ચંદનના લાકડામાંથી સુગંધી તેલ, વાંસમાંથી ટોપલા-ટોપલી-રમકડાં-સાદડી-કાગળ-રેયોન અને ગૃહ સુશોભનો, ખાખરાના પાનમાંથી પતરાળાં, પડિયા, ટીમરૂનાં પાન બીડીના, ખેર લાકડામાંથી કાથાના, તાડ-ખજૂરીનાં પાન સાવરણી બનાવવાના, દેવદારના લાકડામાંથી દીવાસળી, રમતગમતનાં સાધનો તેમજ કૃત્રિમ રેસા બનાવવાના ઉદ્યોગો વિકસ્યા છે.

**જમીનનું રક્ષણ કરે :** જંગલો જમીન ધોવાણ અટકાવે છે. સિંચાઈની નહેરોમાં આવતો વરસાદી કાંપ અટકાવીને, નહેરોને આડકતરી રીતે ચોખ્ખી રાખવામાં ઉપયોગી બને છે.

**અન્ય પેદાશો આપે :** જંગલો રબર, લાખ, ગુંદર, રાળ, મધ, નેતર અને ટર્પેન્ટાઇન જેવી ગૌણ પેદાશો આપે છે. લાખનું મોટાભાગનું ઉત્પાદન ભારતમાં થાય છે. લાખનો ઉપયોગ વાર્નિશ, છાપકામની શાહી બનાવવામાં થાય છે.

**પ્રવાસ માટે ઉપયોગ :** જંગલો સ્થળીય પ્રાકૃતિક સૌંદર્યમાં ઉમેરો કરી, સુંદર ભૂમિ દૃશ્યો રચે છે. સૌંદર્ય નિહાળવા, વૃક્ષ પરિચય, પ્રાણી પરિચય માટે જંગલોનો પ્રવાસ કરવામાં આવે છે.

જંગલો માનવને પર્યાવરણની બક્ષિસ હોવા છતાં, જંગલોનો નાશ કરવામાં માનવ જવાબદાર છે. ભારતની રાષ્ટ્રિય વનનીતિ અનુસાર, કોઈપણ દેશના કુલ ભૂમિવિસ્તારના ૩૩% વિસ્તારનાં જંગલો હોવાં જોઈએ. પરંતુ આપણી બેદરકારી, પર્યાવરણ જાગૃતિનો અભાવ, સ્વાર્થવૃત્તિ, વસ્તી વધારો, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, જંગલવાસીઓની ગરીબી, ઈમારતી લાકડાંની વધી રહેલી ચોરી, સડકોનું નિર્માણકાર્ય, બહુહેતુક યોજનાઓ, નવી વસાહતોનું પ્રસ્થાપન, ઉદ્યોગોને માનવવસાહતથી દૂર લઈ જવાની નીતિ, ઉદ્યોગો માટે જંગલ પેદાશોની પ્રાપ્તિમાં થઈ રહેલો અવિવેક, બળતણ માટેનાં લાકડાં મેળવવાની પ્રવૃત્તિ વગેરેના કારણે ભારતમાં ૨૩.૩% જંગલ વિસ્તાર છે. આમાં એવાં અંગોનો પણ સમાવેશ થયો છે, જે વનાચ્છાદિત નથી. હકીકતમાં ૬૩૭ લાખ હેક્ટર વનાચ્છાદિત ક્ષેત્ર છે, જે ભારતના કુલ ભૂમિ વિસ્તારના ૧૯.૪% જ છે. ગુજરાતમાં તો આ પ્રમાણ ૧૦%થી પણ નીચે છે. સમગ્ર વિશ્વમાં કુલ વિસ્તારના સરેરાશ આશરે ૨૯.૫% વિસ્તારમાં જંગલો છે. એટલે કે વિશ્વની સરેરાશ કરતાં પણ ભારતમાં જંગલોનું પ્રમાણ ઓછું છે. પશ્ચિમ જર્મનીમાં ૨૮%, યુ.એસ.એ.માં આશરે ૩૩%, યુ.એસ.એસ.આર.માં ૩૪%, સ્વીડનમાં ૫૬%, બ્રાઝિલમાં ૫૭%, જાપાનમાં ૬૧.૮%, ઈન્ડોનેશિયામાં ૬૩.૫%, ફિનલેન્ડમાં ૭૧% અને થાઈલેન્ડમાં ૭૭% જમીન વિસ્તારમાં જંગલો છે. ઉપરોક્ત દેશો કરતાં ભારતમાં જંગલોનું પ્રમાણ ઘણું ઓછું છે. એટલું જ નહિ પણ મોટાભાગનાં જંગલો આસામ, મધ્યપ્રદેશ, ઓડિસ્સા, આંદમાન-નિકોબાર, મણિપુર, ત્રિપુરા તથા હિમાલયના પહાડી ઢોળાવો પર આવેલાં છે. જ્યારે ગુજરાત, પંજાબ, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુમાં રાષ્ટ્રની સરેરાશ કરતાં પણ ઓછા વિસ્તારમાં જંગલો છે.

જંગલોના આડેધડ વિનાશથી પ્રદુષણમાં વધારો, વરસાદમાં ઘટાડો, દુષ્કાળ, જમીનોનું ધોવાણ, નિરાશ્રિત વન્ય પશુઓ, ગ્લોબલ વોર્મિંગ, ગ્રીનહાઉસ ઈફેક્ટ, વન્ય પ્રાણીઓ-વનસ્પતિ લુપ્ત થવી, પૂર વધવા જેવી સમસ્યાઓ આપણી સમક્ષ આવી રહી છે. સર્જાઈ રહી છે. જંગલ આપણું મંગલ કરે અને આપણે જંગલનું નિકંદન કરીએ તે ચાલે ખરું? પ્રભુએ સર્વ જીવોમાં આપણને શ્રેષ્ઠ બનાવી સૃષ્ટિ સોંપી છે, ત્યારે આપણે તેનું ભક્ષણ ન કરતાં રક્ષણ કરવું અનિવાર્ય છે. જંગલ-સંરક્ષણને આપણી નૈતિક ફરજ સમજીને, જંગલોને બચાવવા આગળ આવવું પડશે. વૃક્ષારોપણ અને વૃક્ષસંવર્ધન માટેની પ્રવૃત્તિઓ વિકસાવવી પડશે. બિન ઉપજાવ અને પડતર જમીન ઉપર સામાજિક વનીકરણ કરવું પડશે. વન-મહોત્સવ, ઈકોક્લબ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવી પડશે. ઊર્જા મેળવવા ઉપયોગમાં લેવાતાં લાકડાંને સ્થાને સૌરઊર્જા, પવનઊર્જા, બાયોઊર્જા જેવાં વિવિધ ઊર્જાસ્રોતોનો ઉપયોગ કરવો પડશે. જંગલો આપણું મંગલ કરે છે ત્યારે આવો, આપણે પણ જંગલોનું મંગલ કરી, આપણું માંગલ્ય મેળવીએ. ●


વેકેશન બેચ

**Loyola Training Centre (I.T.I.), Nadiad**

પ્રવેશ જાહેરાત

**Spoken English with Computers**

આધુનિક યુગમાં કમ્પ્યુટર અને અંગ્રેજી શીખવું એ આજના દરેક માનવીની જરૂરીયાત છે. અમારી સંસ્થા ખાતે અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતી "ઈંગ્લીશ લેંગ્વેજ લેબ" માં પોતાની જાતે કમ્પ્યુટર ઉપર ફટાફટ અંગ્રેજી શિખવાની સાથે કમ્પ્યુટરની નવી વેકેશન બેચ એપ્રિલ: ૨૦૧૪ થી શરૂ થાય છે.

**સમયગાળો: બે માસ (૧લી, એપ્રિલ ૨૦૧૪થી ૨૪મી મે, ૨૦૧૪)**

**•પ્રવેશ લાયકાત•**
ધો.૧૦ તથા ધો.૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર દરેક વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે

**•ફીની વિગત•**
સ્પોકન ઈંગ્લીશ તથા કમ્પ્યુટર માટે બે માસના રૂા.૪૨૦૦/– તથા હોસ્ટેલ ફી બે માસની રૂા.૧૮૦૦/–

**વિશેષતાઓ**
- સ્પોકન ઈંગ્લીશ તથા કમ્પ્યુટર શિખવા માટેની સંસ્થા ખાતે અદ્યતન ટેકનોલો ધરાવતી અલગ–અલગ લેબની વ્યવસ્થા
- અગામી વેકેશન દરમ્યાન ધો.૧૦ થી આગળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ નોકરીયાત માટે હાલના વેકેશનનો સદઉપયોગ.

**સંસ્થાકીય (Non Formal) કોર્ષ જુન–૨૦૧૪થી શરૂ થશે.**

❖ ફકત બહેનો માટે ❖
"ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ" સેક્રેટરીયલ with Computers (D.C.A.)

❖ ભાઈઓ તથા બહેનો માટે ❖
Spoken English with Computers (D.C.A.)

**પ્રવેશ લાયકાત:** ધો.૧૨ પાસ તથા ચાલુ સાલે પરીક્ષા આપનાર દરેક વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે

**કોર્ષનો સમયગાળો: ૧૦ માસ (જુન– ૨૦૧૪ થી માર્ચ– ૨૦૧૫)**

નોંધ :–પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે અલગ–અલગ હોસ્ટેલની વ્યવસ્થા છે. દરેકે હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.
ડાયરેકટરશ્રી, લોયોલા ટ્રેનિંગ સેન્ટર, વૈશાલી રોડ, નડિયાદ–૨. ☎:(૦૨૬૮) ૨૫૫૮૫૬૫

# માર્ચ – એપ્રિલ મહિનાના શાસ્ત્રપાઠો

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

### તપઋતુનો બીજો રવિવાર (૧૬-૦૩-૨૦૧૪)
### ઉત્પત્તિ ૧૨:૧-૪; સ્તોત્ર ૩૩; ૨ તિમોથી ૧:૮-૧૦; માથ્થી ૧૭:૧-૯
### આપણા દિવ્યરૂપ ભણી...

મરઘીનાં બચ્ચા સાથે જન્મ લેનાર ગરુડનું બચ્ચું પોતાને મરઘીનું બચ્ચું માને છે અને એ પ્રમાણે જીવન વિતાવે છે. એના વિચારો મરઘીના વિચારો. એની દૃષ્ટિ મરઘીની દૃષ્ટિ, અને એની દુનિયા મરઘીની દુનિયા. બધું સંકુચિત. પણ જે દિવસે વિશાળ દુનિયામાંનો વિશાળ દૃષ્ટિવાળો કોઈ એક ગરુડ એને પારખે અને પોતાની જાતથી એને સભાન કરાવે તે દિવસ તેને મુક્તિ મળશે; તે પોતાનું સાચું સ્વરૂપ જાણી, વિશાળ અવકાશમાં ઉડી અપાર ઉલ્લાસનો અનુભવ કરશે.

બાઈબલ વારંવાર આપણને સાચા સ્વરૂપ તરફ આપણું ધ્યાન દોરે છે. સ્તોત્રકાર ભાર દઈને કહે છે: તમે દેવોની સમાન છો ને તમે રહ્યાં સૌ પરાત્પરના સંતાન (સ્તોત્ર ૮૨:૬). આ જ સત્યને સંત પાઉલ પોતાની શૈલીમાં રજૂ કરે છે કે હવે તો શ્રદ્ધા દ્વારા ઈસુખ્રિસ્ત સાથે સાયુજ્ય સાધી તમે બધાં ઈશ્વરનાં સંતાનો થયાં છો (ગલાતિ ૩:૨૬). ઈસુ તો આપણને ઈશ્વરને પિતા તરીકે સંબોધીને પ્રાર્થના કરવા શીખવે છે; આપણે આ સંસારના નથી (યોહાન ૧૫:૧૯; ૧૭:૧૪) એટલે કહે છે કે તેઓ આપણે માટે સ્વર્ગમાં જગ્યા તૈયાર કરવા જાય છે (યોહાન ૧૪:૨-૩). પણ હકીકત એ છે કે ઘણી વખત આપણે આ સંસારની મોહમાયામાં આપણી જાતને ગુમાવી બેસીએ છીએ. આ દુનિયાનાં આકર્ષણો આપણને આંધળા બનાવી નાખે છે અને આપણે આપણા સાચા સ્વરૂપને, દિવ્યરૂપને ભૂલી જઈએ છીએ.

આજના શાસ્ત્રપાઠો આપણને આપણા સાચા સ્વરૂપથી સજાગ થઈ એને અનુલક્ષીને જીવવા આમંત્રણ આપે છે. આજનો શુભસંદેશ ઈસુના દિવ્યરૂપનું નિરૂપણ કરે છે. જેમને એનાં દર્શન થાય છે તેઓ તેનાથી પ્રભાવિત થઈને ત્યાં ને ત્યાં રહી જવા માગે છે. કારણ કે એ ઈસુનું સાચું સ્વરૂપ છે, જેનાં દર્શન માણસને પરમાનંદનો અનુભવ કરાવે છે. યોહાન ૧૭:૧૪માં ઈસુ સ્પષ્ટ કરાવે છે કે એમની દૃષ્ટિએ આપણે પણ એમના જેવા જ છીએ. કારણ કે સંત પાઉલ બીજા શાસ્ત્રપાઠમાં કહે છે એ પ્રમાણે ઈશ્વરે આપણને પવિત્ર થવા માટે હાકલ કરી છે અને ઈસુ પોતાના શુભસંદેશ દ્વારા આપણને અમર પ્રકાશ ભણી લઈ જવા માગે છે.

પહેલો શાસ્ત્રપાઠ કહે છે કે પ્રભુના કહેવા પ્રમાણે અબ્રાહમ ચાલી નીકળ્યો. આપણા સાચા સ્વરૂપથી એટલે કે દિવ્યરૂપથી સભાન થવા માટે આ એક ઉત્તમ માર્ગ છે. ઘણી વખત આપણને આ દુનિયામાં જે વહાલું લાગે છે એનો ત્યાગ કરી, ઈશ્વરને જે વહાલું છે એ સ્વીકારવું પડે છે. આપણું સાચું સ્વરૂપ ધારણ કરવા આપણે શું કરવું જોઈએ અથવા કેવાં મૂલ્યોનું આપણા જીવનમાં સિંચન કરવું જોઈએ એ આપણને આજના સ્તોત્રમાંથી શીખવા મળે છે. પ્રભુની જેમ આપણે કરુણા, સત્ય, ધર્મ, ન્યાય જેવાં મૂલ્યોને પ્રાધાન્ય આપી, પ્રભુને આધારિત જીવન જીવવું પડે અને પ્રભુની જેમ સહાય કરી, બીજાને માટે ઢાલ બની એમને સલામતી ને રક્ષણ આપવું પડે.

શું, પોતાને મરઘીનું બચ્ચું માની એ પ્રમાણે સંકુચિત ને મર્યાદિત દુનિયામાં મર્યાદિત જીવન જીવનાર ગરુડના બચ્ચાની જેમ આપણે જીવીએ છીએ કે ઈસુના શુભસંદેશને જીવનમાં ઉતારી આપણા દિવ્યરૂપને શોભે એવું જીવન જીવીએ છીએ? તપઋતુમાં મનન કરવા માટે આ એક મહત્ત્વનો પ્રશ્ન છે.

– ફાધર કુમાર

### તપઋતુનો ત્રીજો રવિવાર (૨૩-૦૩-૨૦૧૪)
### મહા ૧૭:૩-૭; સ્તોત્ર ૯૫; રોમ ૫:૧-૨ ૫-૮; યોહાન ૪:૫-૪૨
### જીવનદાયી જળ ઈસુ

જળ માનવજીવનની મૂળભૂત જરૂરિયાત છે. ઉનાળાના ધખધખતા તાપમાં પરસેવાથી રેબઝેબ થયેલો માનવ પાણી માટે તરસે છે. જેમ બને તેમ જલ્દીથી કોઈ પીણું મળતાં જ તે પોતાની તરસને છીપાવે છે. મુસાફરીમાં પાણીની બોટલ પોતાની સાથે રાખે છે. લોકો પાણીની પરબો બંધાવે છે. એક લીટર પાણીના રૂા. ૨૦થી વધારે ચૂકવવા તૈયાર થાય છે. આજ કારણથી ઈસુ પોતાને જીવનદાયી જળ સાથે સરખાવે છે. તપઋતુની સાધના કરી રહેલ ધર્મજનોને સાચું પીણું તેઓ પોતે છે એ બાબતને ભારપૂર્વક જણાવે છે.

આજનો પ્રથમ શાસ્ત્રપાઠ, ઈ.સ. પૂર્વ ૧૨૫૦ની આસપાસ ઇસ્રાયેલી પ્રજાની રાતા સમુદ્રથી સિનાઈ પર્વત વચ્ચેના સીનના રણની મુસાફરી દરમ્યાન બનેલો બનાવ છે. તરસથી વલખાં મારતી પ્રજા, ઈશ્વરે જે ઉપકારો વરસાવ્યા છે તેને ભૂલી જાય છે અને મોશે વિરુદ્ધ બડબડાટ શરૂ કરે છે. ઈશ્વર સમાજના વડીલોની હાજરીમાં ખડકમાંથી પાણી પીવા આપી પોતે તેમની વચ્ચે સદાય હાજર છે એનો વધુ એક પુરાવો આપે છે.

આજનું સ્તોત્ર ઈશ્વરની ક્યારેય કસોટી ન કરવાની સલાહ આપે છે. જ્યારે બીજો શાસ્ત્રપાઠ, માનવજાતના પ્રેમને ખાતર પ્રભુ ઈસુ મૃત્યુને વર્યા અને પોતાનો પવિત્ર આત્મા આપીને હજુ પણ પોતાનો પ્રેમ વરસાવી રહ્યા છે તે બાબત યાદ દેવડાવે છે. શુભસંદેશમાં શમરૂની બાઈ અને ઈસુનો સંવાદ આપવામાં આવ્યો છે. ઈસુના સમયમાં શમરૂની પ્રજાને વર્ણસંકર પ્રજા ગણવામાં આવતી હતી. યહૂદી લોકો તેમની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરતા ન હતા. આ સંવાદથી ઈ.સ. પૂર્વે ૭૨૧થી ચાલતી આવતી પરંપરા પર ઈસુ પૂર્ણવિરામ મૂકે છે. સંવાદની શરૂઆતમાં ઈસુ પાણી માંગે છે પરંતુ જેમ જેમ સંવાદ આગળ વધે છે તેમ તેમ પાણી માંગનાર ઈસુ, જીવનદાયી જળ આપનાર ઈસુ બને છે. એ શમરૂની બાઈ ઈસુ સમક્ષ પોતાની જાતને ખુલ્લી કરે છે અને ઈસુ એ બાઈ જેવી છે તેવી તેનો સ્વીકાર કરે છે. જ્યારે આપણે આપણી જાતને ઈસુ સમક્ષ પૂરેપૂરી ખુલ્લી કરીશું ત્યારે આપણને પણ શમરૂની બાઈની જેમ ઈસુની સાચી ઓળખ થશે.

શમરૂની લોકોની શ્રદ્ધાની શરૂઆત એક પાપી પણ નમ્ર સ્ત્રીની સાક્ષીથી થઈ હતી. આપણને પણ સ્નાનસંસ્કાર, પરમપ્રસાદ અને અન્ય સંસ્કારો દ્વારા ઈસુની ઓળખ થાય છે. પરંતુ આપણામાંથી કેટલા જણ એ જીવનદાયી જળ એવા ઈસુની સાક્ષી પૂરીએ છીએ? આ તપઋતુની સાધનામાં ઈશ્વરની કસોટી ન કરતાં ઈશ્વર આપણો ઉદ્ધારક છે અને એ જ આપણું જીવનદાયી જળ છે એમ સમજીને, ઈશ્વર સમક્ષ આપણી જાતને ખુલ્લી કરીને ઈસુની વધુને વધુ નજીક આવીને બીજાને આ જીવનદાયી જળનો લ્હાવો લેવા આમંત્રિત કરીએ.

— ફાધર ગોહિલ (ખેરાલુ)

## તપઋતુનો ચોથો રવિવાર (૩૦-૦૩-૨૦૧૪)
## ૧ શમુએલ ૧૬:૧,૬-૭, ૧૦-૧૩; સ્તોત્ર ૨૩; એફેસસ ૫:૮-૧૪; યોહાન ૯:૧-૧૪
## માનવની દૃષ્ટિ વિરુદ્ધ ઈશ્વરની દૃષ્ટિ

આજના વાંચનો આપણને કોઈપણ વ્યક્તિ કે બનાવને કંઈક નવી દૃષ્ટિથી જોવા આહ્‌વાન કરે છે. બીજા સાચા કે ખોટા તેનો આધાર આપણા વિચારોની પરિપક્વતા ઉપર છે. વાત એ નથી કે આપણે શું જોઈએ છીએ. પણ ખરેખર મહત્ત્વની બાબત તો એ છે કે કેવી દૃષ્ટિએ જોઈએ છીએ. આજના વાંચનો, માનવીની દૃષ્ટિ ઈશ્વરની દૃષ્ટિથી અલગ પડે છે એમ દર્શાવે છે. (જુઓ યશાયા ૫૫:૮)

ઈશ્વર માનવની પેઠે નિર્ણય લેતો નથી. તે આપણું અંતર જુએ છે. જ્યારે માનવ નરી આંખથી માત્ર બાહ્ય દેખાવ જુએ છે. જ્યારે આપણે કોઈપણ બાબતને હૃદયના ઊંડાણથી પારખવાની દૃષ્ટિ ગુમાવી બેસીએ છીએ, ત્યારે આંધળા નીવડીએ છીએ. બાહ્ય દેખાવથી વ્યક્તિને સમજવા જતાં તેની આગવી લાક્ષણિક્તાઓની અવગણના થાય છે. બાહ્ય દેખાવ કોઈપણ વ્યક્તિનું સાચું સ્વરૂપ બતાવી ન શકે. ઈશ્વર આપણી શ્રદ્ધા અને મનોવૃત્તિ જુએ છે, નહિ કે આપણો દેખાવ. માત્ર ઈશ્વર જ નિરપેક્ષ રીતે ન્યાય આપી શકે છે. એટલે કોઈપણ વ્યક્તિને સમજવા ઈશ્વરની મદદની જરૂર છે. પહેલા શાસ્ત્રપાઠમાં પયગંબર શમુએલના જીવનમાં બનેલી એક મહત્ત્વની ઘટનાનું નિરૂપણ થાય છે. અહીં ઈસ્રાએલીઓના પહેલા રાજાની પસંદગી થાય છે (૧ શમુએલ ૧૬:૬-૭).

**ઈશ્વર દાવિદની આંતરિક લાક્ષણિક્તાઓને પીછાણે છેઃ**

- દાવિદ ઈશ્વરની નજીક હતો, પસંદગી પામેલો હતો. (સ્તોત્ર ૭૮:૭૦; ૧ શમુએલ ૧૬: ૧૨-૧૩)
- ઈશ્વરની ઈચ્છા પૂરી કરી (કર્મકાંડ ૩૨:૪, ૧૬:૧૮-૨૨)
- વફાદાર હતો, ઈશ્વરની આજ્ઞા પ્રમાણે રાજ્ય કર્યું, (૨ શમુએલ ૮:૧૫)
- લોકો માટે પ્રાર્થના કરી (૨ શમુએલ ૨૪:૧)
- ખાસ કરીને પોતાના પાપોનો પસ્તાવો કર્યો (૧ શમુએલ ૧૨:૧૩; સ્તોત્ર ૬:૩૨, ૩૮:૪૦)

  દાવિદ વિશે બીજી બે બાબતો પણ આપણી નજરે આવે છે.
- ઈશ્વર સાથેનો ખાસ સંબંધ અને
- ઈશ્વર ઉપરની શ્રદ્ધા

આજનું સ્તોત્ર પણ એક રીતે દાવિદનો ઈશ્વર પરનો ભરોસો બતાવે છે.

બીજા વાંચન અનુસાર, જ્યારે આપણે સત્ય, ન્યાય અને ભલાઈનાં કાર્યો કરવામાં પાછા પડીએ છીએ ત્યારે આપણે અંધકાર અને શેતાનનાં કાર્યોને પ્રોત્સાહિત કરીએ છીએ. તેથી આપણે પ્રકાશરૂપી ઈશ્વરની શક્તિ વડે આ અંધકારને ફગાવી દઈ, દૈવી દૃષ્ટિથી બધું નિહાળી ભલાઈનું કામ કરવું એ આવશ્યક છે.

આજનો શુભસંદેશ શારીરિક અને આધ્યાત્મિક આંધળાપણાનો તફાવત દર્શાવે છે. આંધળો માણસ ભલે એ દુનિયાની દૃષ્ટિએ જોવા અસમર્થ છે. પણ તે દૈવી શક્તિથી આંતરિક બાબતોને જોઈ શકે છે. ઘણી વખત આપણે સમાજ સાથે એટલા બધા ઓતપ્રોત બની જઈએ છીએ કે સમાજના વિચારોથી, દુન્યવી નજરે બધાને, બધું નિહાળીએ છીએ અને તેથી સાચી વાસ્તવિક્તાને સમજી શકતા નથી.

આજના વાંચનો આપણને ઈશ્વરની નજરે (જુઓ યશાયા ૧૧:૩) જોવા આહ્‌વાન કરે છે. જો આપણે આમ કરવામાં નિષ્ફળ જઈએ તો કહી શકાય કે આપણને આંખો હોવા છતાં આપણે આંધળા છીએ (જુઓ ઈર્મિયા ૫:૨૧). આપણને ઈશ્વરના પ્રકાશ અને માર્ગદર્શનની જરૂર છે. તપઋતુ આપણા અંતરમાં ડોકિયું કરવા માટે એક તક પૂરી પાડે છે. દાવિદ રાજા હોવા છતાં પાપમાં પડ્યો પણ તેણે પશ્ચાતાપ કર્યો. (જુઓ ૧ યોહાન ૧:૯) તે પોતાની ખામીઓ અને ભૂલો સ્વીકારી પ્રભુ તરફ પાછો ફર્યો. પોતાના જીવનના અંત સુધી ઈશ્વર પર અવલંબિત રહ્યો. પરિણામે આજે

પણ લોકો એને યાદ કરે છે ને વખાણે છે. કહેવત છે કે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. આપણે હંમેશા દૈવી દૃષ્ટિથી વાસ્તવિક્તા નિહાળવા પ્રભુની કૃપા માંગીએ.

– બ્રધર જેસુ રાજુ

## તપઋતુનો પાંચમો રવિવાર (૦૬-૦૪-૨૦૧૪)
## હઝકિયેલ ૩૭:૧૨-૧૪; સ્તોત્ર ૧૩૦; રોમ ૮:૮-૧૧; યોહાન ૧૧:૧-૪૫
## જીવનદાતા ઈસુ

જો કોઈ એક વ્યક્તિને એવું જણાવવામાં આવે કે 'થોડા દિવસોમાં તમારા જીવનનો અંત આવશે' તો એના જીવનમાં કેવું પરિવર્તન થશે? એવા સંદર્ભમાં સામાન્ય રીતે માણસ, ભૂતકાળમાં ખરાબ જીવન જીવ્યો હોય તો પસ્તાવો કરે અને સારું જીવન જીવ્યો હોય તો વધારે પવિત્ર બનવા પ્રયત્ન કરે. એક માણસને છાપામાં મરણ પામેલાઓની યાદીમાં પોતાનું નામ જોઈને આઘાત લાગ્યો. છતાં લોકો એના વિશે શું કહે છે એ જાણવા આગળ વાંચ્યું. ત્યાં લખ્યું હતું "મરણનો વેપારી". કારણ કે તે 'ડાઈનામાઈટ' (dynamite) નો ધંધો કરતો હતો જે બોમ્બ (bomb) બનાવવા માટે વપરાતું. "શું મારા મરણ પછી લોકો મને આ રીતે યાદ કરશે?" એમ વિચારી તે પોતાના જીવનમાં પરિવર્તન લાવ્યો ને શાંતિનો દૂત બન્યો. એનું નામ હતું 'આલફ્રેડ નોબેલ', જેની યાદગીરીમાં દર વર્ષે 'નોબેલ પ્રાઈઝ' આપવામાં આવે છે.

મરણ પ્રસંગે જ ઘણા લોકોને જીવનની કિંમત સમજાય છે. આપણું જીવન તો એક જ વાર ખીલતાં ફૂલ જેવું છે. આ દુનિયા કાયમ માટે નથી (જ્ઞાન ૨:૧). આપણે તો થોડા જ દિવસોના મહેમાનો છીએ. મરણ આપણી પાસે ચોરની પેઠે આવે છે. તે ક્યારે, ક્યાં, કેવી રીતે આપણને પોતાની તરફ ખેંચી લે છે એ કોઈને ખબર નથી હોતી. મોટાં કે નાનાં, ઊંચા કે નીચાં, સૌ તેને સરખાં છે. છતાં શ્રદ્ધા વગરના લોકો માટે મરણ હંમેશાં શૂન્યવત્ હોય છે. જ્યારે શ્રદ્ધા રાખનાર માટે એ આનંદ જીવનનો પ્રારંભ છે. કારણ પ્રભુ આપણા જીવનનો સ્રોત છેઃ "એમને જીવન મળે અને ભરપટ્ટે મળે." (યોહાન ૧૦:૧૦).

આજનો પહેલો પાઠ, ઈસ્રાયેલી પ્રજાએ ગુલામ તરીકે બાબિલમાં જે દુઃખ વેઠ્યાં એનાં સંદર્ભમાં લખવામાં આવ્યો છે. તેઓ પોતાના વતન પાછા જવાની આશા ખોઈ બેઠા હતા ને મરેલા જેવા થઈ પડ્યા હતા. પણ ઈશ્વર એમને હઝકિયેલ દ્વારા નવા જીવનનો સંદેશ આપે છે. "તમારી કબરો ખોલીને હું તમને બહાર કાઢીશ ત્યારે તમને ખાતરી થશે કે હું પ્રભુ છું" આ શબ્દો આજના શુભસંદેશમાં સાર્થક થાય છે. "લાઝરસ બહાર આવ" એમ કહીને ઈસુ કબરમાં દાટેલા લાઝરસને જીવતો કરે છે. ઈસુને માર્થા, મરિયમ ને લાઝરસ પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો અને માર્થા અને મરિયમને ઈસુ પર કેટલી શ્રદ્ધા હતી એ બન્ને લાઝરસને મૃત્યુમાંથી સજીવન કરાવવાનું કારણ બને છે. ઈસુ ઈશ્વરનો પુત્ર હોવા છતાં, માનવી તરીકે લાઝરસના મરણથી ખૂબ દુઃખી થાય છે. ઊંડો નિઃસાસો નાખે છે ને રડી પડે છે. ઈસુ ઈશ્વરનો પુત્ર હોવાથી મૃત્યુ પર પણ એમને સત્તા હતી. છતાં, તેઓ પૂરેપૂરા માનવી પણ હતા. મરણ કેવું ભયંકર છે એ જાણતા હતા. આપણા ઈશ્વર એવા નથી કે તે સ્વર્ગના ઉલ્લાસમાં રહીને, ફક્ત આપણને આ પૃથ્વીનાં દુઃખો વેઠવા છોડી દે. તેઓ પોતે માનવી થઈને આવ્યા ને આપણાં સઘળાં દુઃખોમાં સહભાગી થયા. છેલ્લે વધસ્તંભ પર આપણા પાપોને ખાતર પોતાનું જીવન પણ અર્પી દીધું.

પ્રભુ ઈસુનું મરણ એમના જીવનનો અંત નહોતો; પણ એ શાશ્વત જીવનનો આરંભ હતો. ઈસુએ માર્થાને અને મરિયમને કહ્યું હતું કે, "જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે." ઈસુ આજે આપણને પણ એ જ કહે છે. એના બદલામાં આપણે, માર્થા ને મરિયમની જેમ (પ્રભુ, આપ જો અહીં હોત તો મારો ભાઈ મરણ ન પામત.) શ્રદ્ધાની ઘોષણા કરવી જોઈએ. તપઋતુ પસ્તાવો અને હૃદયપલટો કરવાની ઋતુ છે ને ઈશ્વરની કૃપાઓ મેળવવાનો સમય છે. આ પવિત્ર ઋતુમાં આપણે આપણું અંતર તપાસીએ.

- શું મારામાં 'ઈસુ જ પુનરુત્થાન છે અને જીવન છે' એવી શ્રદ્ધા છે?
- શું મારામાં 'હું પણ ઈસુ સાથે નવું જીવન પામીશ' એવી આશા છે?

– બ્રધર કિંગ્સલીન


# Wanted

Primary teachers : P.T.C. / B.A., B.Ed
Preferably with teaching experience.

Maths & Science teacher: B.Sc., B.Ed

Applications invited for the above from
a) Females only
b) Those with fluency in English

Send your application with complete bio-data within 10 days.

To,
The Principal,
St. Ursula School, Near Reliance Petrol Pump, N.H.No. 8, Dabhan – 387 320
Ta : Nadiad, Dist : Kheda
Ph : 0268 2581819

# “બધી જ સંસ્કૃતિઓમાં સ્ત્રીઓના અધિકારો અને ગૌરવને સંપૂર્ણ રીતે માન આપવામાં આવે.”

## (માર્ચ મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર એ.મોઈસન એસ.જે.

આપણા વડાધર્મગુરુ ફ્રાન્સિસનો આ મહિનાનો પ્રાર્થના હેતુ આજની પરિસ્થિતિમાં આપણ બધાંને લાગુ પડે છે. આપણે દર વર્ષે માર્ચ મહિનાની ૮મી તારીખે મહિલા દિન તરીકે ઉજવીએ છીએ. આ ઉજવણીને સાર્થક બનાવવા માટે, આપણે બધી સંસ્કૃતિઓમાં સ્ત્રીઓના અધિકારો અને ગૌરવને સંપૂર્ણ રીતે માન આપવું જોઈએ અને સ્ત્રીઓને સમાનતા અને સ્વતંત્રતાનો અનુભવ કરાવવો જોઈએ.

આજકાલના છાપામાં આપણે દરરોજ સ્ત્રીઓની વિરુદ્ધ થતાં શોષણો, અન્યાયો, દુષ્કૃત્યો અને કુકર્મો વિશે વાંચીએ છીએ. કેટલીક સ્ત્રીઓ અપહરણ અને બળાત્કારનો ભોગ બની જાય છે. ઘણી સ્ત્રીઓ દહેજની માંગણીને લીધે હેરાન થઈ જાય છે. પરિણામે આત્મહત્યા કરી બેસે છે. વળી કેટલીકને મારી નાખવામાં આવે છે. આરબ દેશમાં તો સ્ત્રીઓ પોતાના ઘરની બહાર પણ જઈ શકતી નથી. સ્ત્રીને શું પહેરવું, શું ખાવું-પીવું, કેમ રહેવું વગેરે પુરુષ નક્કી કરતો હોય છે. આટલું ઓછું હોય તેમ સ્ત્રીઓને કારની સાથે સરખાવતાં પણ પુરુષો પાછા પડતા નથી કેમ કે નવી કારની જાહેરાતમાં અર્ધનગ્ન યુવતીઓને દર્શાવવામાં આવે છે.

> **બાળપણમાં છોકરીઓને જાતજાતના અન્યાયો અને અત્યાચારો વગેરેનો સામનો કરવો પડે છે. લગ્ન પછી પણ જાતજાતની મુશ્કેલીઓ અને દુઃખો સહન કરવાં પડે છે. ઘણી વખત વિધવાઓને અનેક પ્રકારની સતામણીઓનો સામનો કરવો પડે છે.**

૨૦૧૨ના વર્ષમાં દિલ્હીમાં બનેલી ઘટના એકદમ ગંભીર બની ગઈ છે. ત્રેવીસ વર્ષની છોકરી પર છ પુરુષોએ નિર્દયતાથી ચાલતી બસમાં બળાત્કાર ગુજાર્યો હતો અને તેની નિર્ઘૃણ હત્યા કરવામાં આવી હતી. આ ગંભીર ઘટના બધાંના હૃદયમાં હજી તાજી છે. ઘણાં શહેરોમાં લોકોએ હડતાલ પાડી ને ન્યાયની આજીજી કરી પણ તેનાં પરિણામો હતાશા જનક નીવડ્યાં.

સ્ત્રી સમાનતા માટે ઘણી ખાનગી સંસ્થાઓ (NGO) કામ કરી રહી છે. કહેવામાં આવે છે. “કોશિષ ન કરવામાં જ આપણે નિષ્ફળ જઈએ છીએ અથવા હાથ જોડીને બેસી રહેવું એ એક મોટી નિષ્ફળતા જ છે.” એટલે પ્રયત્નો કર્યા છતાં પણ જો નિષ્ફળતા મળે તોયે આપણે આપણા પ્રયત્નો ચાલુ જ રાખવા જોઈએ. આપણા વડાધર્મગુરુની ઈચ્છા પણ એ જ છે. આપણે સ્ત્રીઓના ગૌરવ અને અધિકારોને સંપૂર્ણ માન આપતા શીખવું જોઈએ અને તેઓની સાથે થઈ રહેલા અન્યાયોને દૂર કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

નારીને ગર્ભાશયથી કબર સુધી ઘણીબધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માતાના ગર્ભમાં રહેવું એ પણ નારીને માટે જોખમ બની જાય છે. સોનોગ્રાફી દ્વારા બાળકની જાતિ તપાસવામાં આવે છે. જો એ બાળા હોય તો ગર્ભપાત કરાવવામાં આવે છે. (અગાઉના સમયમા જન્મ પાછી કેટલીક બાળાઓને દૂધ પીતી કરવામાં આવતી હતી.) જો એ પરિસ્થિતિમાં બચી જાય તો ઘણી વખત તેમને અનાથ આશ્રમને દરવાજે અથવા ગટર કે કચરાપેટીનો ભોગ બનવું પડે છે. બાળપણમાં છોકરીઓને જાતજાતના અન્યાયો અને અત્યાચારો વગેરેનો સામનો કરવો પડે છે. લગ્ન પછી પણ જાતજાતની મુશ્કેલીઓ અને દુઃખો સહન કરવાં પડે છે. ઘણી વખત વિધવાઓને અનેક પ્રકારની સતામણીઓનો સામનો કરવો પડે છે. મને લાગે છે એટલા માટે જ સેમિર પડીઝહીર કહે છે કે ભારતમાં સ્ત્રીએ જીવવું એ એક ચમત્કાર છે.

યહૂદી અને ઈસ્લામ ધર્મમાં સ્ત્રીઓને ઘણી બાબતોમાં સ્વતંત્રતા આપવામાં આવતી નથી. સંત પાઉલ પણ યહૂદી હોવાથી, આવા રીતરિવાજોનું પાલન કરાવતા હતા એવો અહેસાસ થાય છે. તેઓ કરિંથ પરના પહેલા પત્રમાં કહે છે “પુણ્યજનોના બધા સંઘોની જેમ તમારી સભાઓમાં પણ સ્ત્રીઓએ મૂંગા રહેવું; તેમને બોલવાની છૂટ નથી પણ તેમણે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પોતાની મર્યાદામાં રહેવું” (૧ કરિંથ ૧૪:૩૪). અલબત, જો આ સદીમાં સંત પાઉલ જન્મ લીધો હોત તો તેઓએ આવું કહ્યું ના હોત.

આપણે જાણીએ છીએ ભારતની પરિસ્થિતિ કંઈ બહેતર નથી. ભારત પુરુષપ્રધાન દેશ હોવાથી, સમાજમાં સ્ત્રીઓને ઘણા અધિકારોથી વંચિત રાખવામાં આવે છે.

શું સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે જે ભેદભાવ ચાલી રહ્યો છે તે

યોગ્ય છે? શું ન્યાયી ઈશ્વરને આવો અન્યાય ગમે છે? ઈશ્વર માટે તો આપણે બધાં વ્હાલાં પુત્રો અને પુત્રીઓ છીએ. તેણે સ્ત્રી અને પુરુષને પોતાની પ્રતિમૂર્તિરૂપ બનાવ્યાં (ઉત્પત્તિ ૧:૨૭). ઈશ્વરે પુરુષની સાથીદાર થવા માટે સ્ત્રીનું સર્જન કર્યું. એનો અર્થ એ છે કે બંને એકબીજાનાં પૂરક બને. જો પુરુષ પોતાની જાતને સ્ત્રી કરતાં ચડિયાતો ગણે તો તે અયોગ્ય છે.

ઈસુની વાત કરીએ તો યહૂદી હોવા છતાં તેઓ સ્ત્રીઓને પુરુષની માફક માનસન્માન આપવા સમર્થ થાય છે. ઉત્તમમાં ઉત્તમ દાખલો વ્યભિચારી સ્ત્રીનો છે. યહૂદી સમાજમાં વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી માટે મોતની સજા અનુસંહિતામાં હતી. ઈસુ આ પરિભાષાને બદલી નાખે છે. યહૂદી સમાજના ઈતિહાસમાં એવો બદલાવ લાવનાર ઈસુ પહેલા માનવી હતા એટલે આપણે માનીએ છીએ કે ઈસુ સ્ત્રીઓને પણ પોતાનાં શિષ્યા બનાવે છે.

આજે બધા જ ક્ષેત્રમાં સ્ત્રીઓએ પણ પુરુષની જેમ સિદ્ધિ મેળવી શકી છે. શિક્ષણ, રમત, વિજ્ઞાન, પર્યાવરણ, રાજકરણ આદિ ક્ષેત્રોમાં પણ પોતાની સિદ્ધિઓને સર કરી છે. આવા સમયમાં આપણા વડાધર્મગુરુ આપણને વિનંતી કરે છે કે આપણે ઈસુની જેમ સ્ત્રીઓ પ્રત્યે માન રાખીએ. આપણે એવી પ્રાર્થના કરીએ કે બધીજ સંસ્કૃતિઓમાં ને પ્રવૃત્તિઓમાં, સ્ત્રીઓના અધિકારોને ઓળખવામાં આવે અને એમને પુરુષોની જેમ સમાનતા ને સ્વતંત્રતાથી જીવન જીવવાની તક મળે. ●

## આગામી મહિનાના અંકો માટે લેખો


**મેઃ** ફાતિમાના માતા મરિયમ, સંત અગુસ્તીન, કામદાર દિન, રેડ ક્રોસ દિન, આંતરરાષ્ટ્રિય નર્સ દિન, આંતરરાષ્ટ્રિય કુટુંબ દિન, વિશ્વ તમાકુ-નિષેધ દિન, વેકેશનનો સદુપયોગ વિશેનો લેખો **પાંચમી એપ્રિલ** સુધીમાં મોકલી આપવા.

**જૂનઃ** ઈસુનું પૂજ્ય હૃદય અને તેની ભક્તિ, પવિત્ર આત્મા, પરમપ્રસાદ, સંત યોહાન, પર્યાવરણ દિન, વિશ્વ નિરાશ્રિત દિન, વિધવા દિન, કેરીયર માટે ઉપયોગી અભ્યાસક્રમો વિશેના લેખો **પાંચમી મે** સુધીમાં મોકલી આપવાં.

ઉપર્યુક્ત વિષયો વિશેના લેખો મોકલવા માટે લેખક મિત્રોને આમંત્રણ પાઠવવામાં આવે છે. જાણીતી માહિતીને ટાળીને નવીન વિચારો રજૂ કરતાં લેખ આવકાર્ય છે.

- તંત્રીશ્રી


## પવિત્ર મારિયાની ટેકરી (ગ્રોટો)



સમગ્ર ગુજરાતમાં પવિત્ર મારિયાની દરેક પ્રકારની ટેકરી (ગ્રોટો) બનાવવા માટે સંપર્ક કરો.

**ઓર્ડર માટે મળો**

**રોહિત પેઈન્ટર**

મુ. ભૂમેલ, તા. નડિયાદ

મો. ૯૯૭૯૧ ૬૫૬૬૨

## ગુજરાતી કેથોલિક સમાજ-વડોદરા

ફક્ત **વિકલાંગ અને ૩૫ વર્ષ**થી વધુ વયના ઉમેદવારો માટેનો જીવનસાથી મેળો ફેબ્રુઆરીના અંકમાં આપેલ જાહેરાત અનુસાર મે માસમાં યોજવામાં આવશે.

**:: ફોર્મ મેળવવા સંપર્ક કરો ::**

પ્રમુખશ્રી આશીર્વાદ વાઘેલા — મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮

મહામંત્રી શ્રીમતી જયાબેન મેકવાન — મો. ૯૭૨૬૫ ૭૯૨૭૧



## શેરોન વેડીંગ ડ્રેસ ડીઝાઈનર


ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર**
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*


## અશ્રુભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. મરિયામબેન રમણભાઈ પરમાર**
જન્મઃ ૩૦-૧૧-૧૯૪૨
અવસાનઃ ૦૪-૧૦-૨૦૧૩


**સ્વ. રમણ(રાયમુન્દ) મોતીભાઈ પરમાર**
જન્મઃ ૦૬-૦૫-૧૯૪૨
અવસાનઃ ૦૧-૦૩-૨૦૧૩

વ્હાલા મા-બાપુ,
મા અને બાપુ, તમે છોડ્યા અમને કિનારે ન કર્યો વિચાર
અમે શું કરીશું? જીવનભર પરિશ્રમ કરી સમૃદ્ધ કર્યો પરિવાર
તમારા વિના સૂનો લાગે વાર-તહેવાર
હૃદયમાં અહેસાસ ન ભૂલાય, તમારો ફોટો સામે જોતાં
હવે તો આંખોમાં આંસુના શબ્દ તરે છે.
આપના દિવ્ય આત્માને પરમ શાન્તિ બક્ષે

**રેગીના-જશુ, આગ્નેશ-રમેશ**
**પુષ્પા-કમલ, નિર્મળા-નિલેશ**
**સ્મિતા-હિતેશ**
**તથા આપના પૌત્ર-પૌત્રીઓ**

**ઈગ્નાસ-કમળા**
**જયંતિ-સરોજ**
**થોમસ-લુસીયા**
ઝેવિયરપુરા, પેટલાદ


# ✝ ધર્મપ્રાંતિય પુરોહિત હાકલ ✝



શું તમે અમદાવાદ ધર્મપ્રાંતમાં પુરોહિત બનવા ઈચ્છો છો?

તો આવો અમદાવાદ ધર્મપ્રાંત તમને આવકારે છે.

**મારી પાછળ આવો, હું તમને માછલાંને બદલે માણસો પકડતા કરીશ (માથ્થી ૪:૧૯)**



## હાકલ શિબિર

**તા. ૦૮-૦૪-૨૦૧૪, સમય સવારે ૧૦.૦૦ કલાકથી**

**તા. ૦૯-૦૪-૨૦૧૪, સમય સાંજના ૦૪.૦૦ કલાક સુધી**

**સ્થળઃ સેન્ટ જોસેફ સેમીનરી, નિર્મલ નગર, જૂના ડુમરાલ રોડ, નડિયાદ ૩૮૭૦૦૨**

**—ઃ અમદાવાદ ધર્મપ્રાંતમાં જોડાવવા માટે સંપર્ક કરો ઃ—**

**ફાધર નીલેશ પરમાર**

**ફોનઃ (૦૨૬૮) ૨૫૫૪૧૭૦, ૯૪૨૭૫ ૪૮૪૪૨**

**ફાધર સંદિપઃ ૯૬૬૨૨ ૪૬૪૦૦**

**ફાધર જીગ્નેશઃ ૭૩૮૩૮ ૯૯૩૪૪**



**ફાધર નટુઃ ૯૭૧૨૬ ૮૫૧૫૪**

**ફાધર રાજનઃ ૯૪૦૯૫ ૪૭૪૭૫**

"ફસલ ખરેખર મબલખ છે, પણ કામ કરનાર થોડા છે. એટલે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે પોતાની ફસલ લણવા માણસો મોકલે."

## સંન્યસ્ત જીવન (હાકલ) માટે હર્ષિત ઈજન

મિશનરી તરીકે ઈસુના પ્રૈષિતિક કાર્યમાં જોડાવા The Borthers of Holy Cross મંડળ આપને હાર્દિક આમંત્રણ પાઠવે છે. જો આપ ધોરણ ૧૦ કે તેથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને આપને હોલી ક્રોસના બ્રધર તરીકે સંન્યસ્ત જીવન જીવવાની ઝંખના હોય તો સંપર્ક કરો...

Bro. Paul Parmar CSC,
Director,
Holy Cross Rural Development Centre,
Perumal Koil Medu, Udayapatty P.O.,
SALEM - 636140
E-mail: paulparmar2003@yahoo.com,
paulpintu14@gmail.com
Cell No.: 094898 43540, 080565 40384

## ઈસુના સાદને પ્રતિસાદ આપી તેમના અનુયાયી બનવા ઈચ્છતી બહેનોને એપોસ્ટોલિક કાર્મેલ પરિવાર આવકારે છે.

**લાયકાતઃ ધો- ૧૨ પાસ**

સી. વિમલા પોલ, એ.સી.
૫ એપોસ્ટોલિક કાર્મેલ
૯૪ હિલરોડ, બાન્દ્રા- મુંબઈ ૪૦૦૦૫૦
મો.: ૦૯૪૨૭૩૩૨૫૯૭
ફોન.: ૦૨૨ ૨૬૪૪૩૭૧૦

# રેડી-પઝેશન બંગલોઝ વેચવાના છે

**ફક્ત ૨ મકાન બાકી છે**
**કિંમત રૂા. ૩૧ લાખ અને ૩૦ લાખ**




**3 BHK**
**સ્ટોર યુટીલીટ**
**વરંડા સાથે**

**એન.એ. - એન.ઓ.સી. ટાઈટલ ક્લીયર સાથે લોનની સુવિધા**

★ પ્લોટ એરીયાઃ ૧૦૮૯ ચો.ફૂટ
★ બીલ્ટઅપ એરીયાઃ ૧૫૫૮ ચો.ફૂટ, ઉપર-નીચે
★ પૂરતું પાર્કિંગઃ ૧ ફોર વ્હીલર + ૨ ટુ વ્હીલર મુકાય
★ કમ્પાઉન્ડ વોલઃ ગેટ સાથે
★ ધાબા ઉપર જવા માટે R.C.C. દાદર કેબીન સાથે
★ ધાબા ઉપર ટીકડી ટાઈલ્સ
★ મ્યુનિ. પાણી + પાણીનો પોતાનો બોર
★ એલ્યુમિનીયમ બારીઓ માર્બલ ઉપર ફિટીંગ
★ રસોડામાં લાખારેડ ગ્રેનાઈટનું પ્લેટફોર્મ અને ધાબા સુધી ટાઈલ્સનો ડેડો
★ બાથરૂમમાં વોલહન્ગ - ટોઈલેટ
★ બેડરૂમમાં એટેચ ટોઈલેટ
★ ક્વર્ડ ગેલેરી
★ પાર્કિંગમાં પેવીયર બ્લોક

## ગ્રાઉન્ડ ફ્લોર

૧. વરંડાઃ ૧૨'.૦૦'' x ૯'.૦૦''
૨. બેઠકરૂમઃ ૨૨'.૬'' x ૧૧'.૦૦''
૩. રસોડુંઃ ૧૨'.૦૦'' x ૯'.૦૦''
૪. સ્ટોરઃ ૯'.૦૦'' x ૩'.૩''
૫. બેડરૂમઃ ૧૧'.૦૦'' x ૧૦'.૦૦''
૬. ટોઈલેટઃ ૬'.૬'' x ૪'
૭. યુટીલીટીઃ ૮'.૦'' x ૯'.૦''

## ફર્સ્ટ ફ્લોર

૧. બેડરૂમઃ ૧૧'.૦૦'' x ૧૩'.૦૦''
૨. એટેચ ટોઈલેટઃ ૫'.૦'' x ૬'.૬''
૩. બેડરૂમઃ ૧૨'.૦૦'' x ૧૨'.૬''
૪. એટેચ ટોઈલેટઃ ૫'.૦'' x ૬'.૬''
૫. કવર્ડ ગેલેરીઃ ૧૦'.૦૦'' x ૯'.૦૦''
૬. ફોયરઃ ૧૧'.૦'' x ૯'

# યશોદા બંગલોઝ

પાસ્ટરલ સેન્ટર સામે, અનેરી હાઈટ્સની આગળ,
ઈન્દીરાનગરથી હાઈવે જવાના રસ્તે, નડીઆદ

**દિલીપભાઈઃ ૯૯૨૫૨ ૦૮૧૭૫**

# હાર્દિક અભિનંદન





ગામ અડાસ, હાલ આણંદ, અલ્પેશ સોસાયટી-૧માં રહેતા **શ્રી મહેશકુમાર રમણલાલ પરમાર** (મ.શિ. ગમોટપુરા પ્રા. શાળા, ચિખોદરા)ને પ્રવૃત્તિલક્ષી વિજ્ઞાન શિક્ષણ વિષયમાં IIMમાંથી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળેલ છે, જે બદલ હાર્દિક અભિનંદન.

**રમણભાઈ - શાન્તાબેન**
સ્નેહસાગર સોસાયટી
આણંદ

**મંજુ - ઈમાનુએલ**
**ઋત્વી, કૃપાલી, સચિન**
નવજીવન કોલોની, આણંદ

**સુનિલ - ઉર્મિલા**
**સાના**
અંકલેશ્વર

---

સફળ અને સલામત
પુણ્યભૂમિની યાત્રા કરવાની સોનેરી તક.

# પુણ્યભૂમિ યાત્રા – મે, ૨૦૧૪

અમદાવાદ ધર્મપ્રાંતિય યાત્રાસમિતિ આયોજીત

**સ્થળઃ ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત, જોર્ડન અને દુબઈ સીટી ટૂર**

**ફીઃ ₹ ૮૮,૫૦૦/-** (૧૧ દિવસ)

**નોંધઃ** તા.૩૧-૦૩-૨૦૧૪ સુધીમાં પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા અને પાસપોર્ટની બે ઝેરોક્ષ કોપી જમા કરાવી ફી ભરવાની રહેશે.

**:: આજે જ સંપર્ક કરો :**

**ફાધર પીટર ડીસા**
મો. ૯૪૨૭૫ ૨૨૨૮૪

**ફાધર જસ્ટીન એસ.**
મો. ૯૮૯૮૫ ૪૫૧૪૩

**ફાધર ટાઈટસ ડિકોસ્ટા**
મો. ૯૪૨૬૦ ૯૧૭૦૪

---

જાહેરાત

"માણસ એકલો રહે તે સારું નથી." (ઉત્પત્તિ ૨:૧૮)
દેશ વિદેશમાં ઘેર બેઠાં પ્રત્યક્ષ માહિતી આપતું
**ખ્રિસ્તી સમાજના બધા મિશનો માટેનું**

## ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**સમયઃ (સોમવાર થી શનિવાર) ૯.૩૦ થી સાંજના ૬.૩૦**
**(રવિવારે) ૧૦.૩૦ થી સાંજના ૬.૩૦**
(એપોઈન્ટમેન્ટ લઈને મળવું.)

૧. રજીસ્ટ્રેશન ફીઃ રૂા. ૫૦/-, ૧૦૦/- વિનામૂલ્યે તથા યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
૨. રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે લગ્ન પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.
૩. આર્થિક રીતે નબળા, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી. તેમજ પસંદગી કેન્દ્રમાં આવનારને વધુમાં વધુ રૂા. ૩૦/- ભાડું એક વખતનું આપવામાં આવશે.
૪. કુંવારા, વિધવા, વિધુર, હેન્ડીકેપ, ૪૦ વર્ષની ઉપરના તથા પેન્શનર સીનિયર સીટીઝન પાત્ર મળશે.
૫. તમારો અને તમારી સાથેના પાત્રનો બાયોડેટા બે સાપ્તાહિક પેપર (નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ) મારફતે જાહેરાતમાં તથા વેબસાઈટ અને ફેસબુક ઉપર મૂકવામાં આવે છે. જેથી ઘેર બેઠાં તમે તમારી સામેના પાત્રનો બાયોડેટા જોઈ શકો છો.
૬. ખ્રિસ્તી સમાજના મેગેઝીન તથા સાપ્તાહિક નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ પેપર પસંદગી કેન્દ્રમાં આવનારને વિના મૂલ્યે મળશે.

**ડાયરેક્ટરઃ ભાઈલાલભાઈ એસ. ટેલર**
પાર્ક સ્ટ્રીટ, મેથોડિસ્ટ નર્સિંગ સ્કૂલ સામે, મિશન રોડ, નડીઆદ - ૦૨ જિ. ખેડા (ગુજરાત)
**મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫, ૯૭૧૪૫ ૧૮૩૬૭**

---

## હિન્દી બાઈબલ અધિવેશન પોટ્ટા, કેરાલા

**(૧લી જૂન રવિવાર થી ૬ઠ્ઠી જૂન શુક્રવાર)**
(દિવ્ય પ્રકાશ ૨૦૧૪)

## વેલાંકની માતાના દર્શને

(ટ્રેન તથા લક્ઝરી બસ દ્વારા)

**પ્રવાસ ફીઃ રૂા. ૬,૩૦૦/-** **પ્રવાસ દિવસઃ ૧૪**
**પ્રવાસની શરૂઆતઃ ૨૫-૦૫-૨૦૧૪, રવિવાર**
**પ્રવાસની પૂર્ણાહુતિઃ ૦૮-૦૬-૨૦૧૪, રવિવાર**

**નોંધઃ** (૧) પ્રવાસ ફીમાં માત્ર ટ્રેન - લક્ઝરી બસ ભાડું, રાત્રિરોકાણ અને રિટ્રીટ રજીસ્ટ્રેશન ફી નો સમાવેશ થાય છે. (૨) પ્રવેશ ફી તથા ભોજન વ્યવસ્થા પોતાના શિરે રહેશે. (૩) રિઝર્વેશન થયા બાદ કોઈપણ સંજોગોમાં ટિકિટ કેન્સલ કરવામાં આવશે નહિ અને એડવાન્સ ફી પરત આપવામાં આવશે નહિ. (૪) ઓળખપત્ર અવશ્ય આપવાનું રહેશે.

**—: આજે જ રિઝર્વેશન કરાવો : —**

**રૂા.૩,૩૦૦/-** એડવાન્સ ફી આપીને આપની ટિકિટનું રીઝર્વેશન કરાવવા માટે (ઉનાળુ વેકેશનમાં રીઝર્વેશનની મુશ્કેલી હોવાથી) **તારીખ ૨૩-૦૩-૨૦૧૪ રવિવાર** સુધીમાં અચૂક અવશ્ય નામ નોંધાવશો.

**જોવાલાયક સ્થળોઃ** (૧) ચેન્નઈ દર્શનઃ સંત થોમાસની કબર (૨) સંત થોમાસ લિટલ માઉન્ટ (૩) સંત થોમાસ બીગ માઉન્ટ (૪) મીની વેલાંકની (૫) પોંડેચરી દર્શનઃ અરવિંદ આશ્રમ (૬) ચર્ચ (૭) બીચ (૮) વેલાંકની માતાનાં દર્શન બે દિવસ (૯) કેરાલા દર્શનઃ કોરેટી ચર્ચ (૧૦) પોટ્ટા આશ્રમ (૧૧) હોલી લેન્ડ (પવિત્ર ભૂમિ) (૧૨) સંત આલ્ફોન્સાની સમાધિ (૧૩) વલ્લારપડા માતાનું ધામ (૧૪) સંત થોમાસના પવિત્ર જમણા હાથના અસ્થિ (૧૫) પ્રથમ સ્નાન સંસ્કાર આપ્યો તે સંત થોમાસ (૧૬) પલકના માતા મરિયમ, ત્રિચૂર (૧૭) ડિવાઈન રિટ્રીટ સેન્ટર, છ દિવસ (૧૮) આપના ઘરના દર્શનઃ "ઈમાનુએલ".

**આયોજકઃ કેરેસ્મેટીક બંધુઃ હેમંતભાઈ એમ. મેકવાન**
**"અનંત" બી/૧૦ વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧**
**ફોન નં. ૦૨૬૯૨-૨૬૬૦૭૧ મોઃ ૯૪૨૭૬ ૩૫૮૯૫**

# લગ્ન વિષયક

*ઑસ્ટ્રેલિયન પી.આર. ધરાવતા કૅથોલિક યુવક, જન્મ વર્ષઃ ૧૯૮૧, ઊંચાઈ ૫'૫'', અભ્યાસઃ M.Sc. (Agri) હાલ મલ્ટિનેશનલ કંપની **''એગ્રીકેમ''**માં મેનેજર તરીકેની પોઝિશન ધરાવતા યુવક માટે સુંદર, વિદેશમાં સ્થાયી થવા ઇચ્છતી યુવતીના વાલી તથા સગાંસ્નેહીઓએ સંપર્ક કરવો.

**email: sunilvictor2004@yahoo.co.in**

**મો. ૯૮૭૯૪ ૬૮૦૧૩**

ooo

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૩૪ વર્ષ, બી.એ. પાસ. વટવા જી.આઈ.ડી.સી.માં લેબર કોન્ટ્રાક્ટર.

ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર ૩૨ વર્ષ, બી.એ., એમ.એ. તેમજ સ્પોર્ટ કોચનો કોર્ષ તેમજ કમપ્યુટર ગવર્મેન્ટ કોર્ષ કરેલ છે. રસ ધરાવતા વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૭૧૪૨ ૨૪૪૪૨, ૮૦૦૦૭ ૭૯૦૭૩**

ooo

*Gujarati Roman Catholic boy, 30 years, height 5'5", M.S.W., holding bridging open work permit in Canada. Looking for a good looking girl holding master's degree.

**Kindly Contact: 83474 46153**

ooo

*Roman Catholic bachelor with age 32 years, height 5'5, fair, commerce graduate with Post Graduation in Human Resources ( Canada) working and settled now in Canada, seeks alliance from suitable match. Please contact on **079-27471927 / +91 8758-690154**

**જાહેરાત**

સેંટ જોસફ કોન્વેન્ટ, નિઝામપુરા, વડોદરામાં નોકરી કરતી તેમજ કોલેજમાં ભણતી બહેનો માટે હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે. તેનો લાભ લેવા ઇચ્છતી બહેનોએ નીચેના સરનામે સંપર્ક કરવો. સ્પેશિઅલ તથા જનરલ રૂમ ઉપલબ્ધ છે.

**સરનામુંઃ** સિસ્ટર સુપિરિયર, સેંટ જોસફ કોન્વેન્ટ,
૧૦ અજય કોલોની, ડિલક્ષની બાજુમાં, નિઝામપુરા રોડ, વડોદરા
**ફોનઃ ૦૨૬૫-૨૭૮૦૮૩૫**

# મકાન વેચવાનું છે

દિવ્ય દર્શન રો હાઉસ, ચાવડાપુરા

**મીનેષ એમ. મેકવાન**

**મો. ૯૮૯૮૪ ૭૬૭૮૨, ૯૯૭૪૨ ૮૩૧૫૪**

## Admissions Open For 2014-15

St. Xavier's Englsih Medium Hostel, Borsad. Admissions open for junior KG to 10th Std., both for boys & girls in the hostel as well as in the school from 1st March, 2014. Your children's overall development & education is our priority.

:: For further details, please contact ::

Fr. Jelastin 98791 54504, 94260 24432

Fr. Jignesh 73838 99344

St. Francis Xavier's Church, Pamol Road, Tornaumata Road, Borsad, Dt. Anand

પરેશ એ. વાઘેલા ૯૭૨૩૧ ૬૦૭૭૩

દિપક એ. વાઘેલા ૮૪૬૦૦ ૮૨૬૬૫

## ✝ અગ્નેલ એર કંડિશનિંગ ✝

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરીંગ, સર્વિસીંગ કરનાર

★ એક એ.સી. સાથે બીજુ એ.સી. ફ્રી સર્વિસ કરી આપવામાં આવશે. ★

**ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા. જિ. આણંદ**




All Kinds of Interior
Exterior painting
House Painting
Furniture
Texture
POP
Aluminium
Kitchen Baskets

Anil Mecwan: 98980 90043, 97226 46848

90, Shantinagar, B/h, Chanakyapuri, New Sama Road, Vadodara

# CANADA

- Opportunity for all Engineers degree/ diploma, MBA's Finanacial & Investment analysts, Physiotherapists, Medical Lab. Technologists & Pathologists.
- Machinists, Welders, Sheet Metal workers, Industrial Electricians etc. with qualification & experience.

Contact for:-

- Arranged Employment visa
- Federal Skilled visa
- Federal Skilled Trade Class visa
- Student Visa
- IELTS Coaching available.

Elim Academy, 401, 4th Floor, Kishor Plaza,
Station Road, Anand
(M) 98252 99192
elimacademy45@yahoo.com

# શ્રદ્ધાંજલિ

**શબ્દની આરપાર જીવ્યો છું**
**હું બહુ ધારદાર જીવ્યો છું.**



**જોસેફ મેકવાન**
**(૦૯/૧૦/૧૯૩૫ – ૨૮/૦૩/૨૦૧૦)**


**પ્રથમે નાર્જિતો વિધા**
**દ્વિતિયે નાર્જિતો ધનમ**
**તૃતિયે નાર્જિતો ધર્મમ**
**ચતુર્થે કિમ કરી શકી...**

અમિતાભ મેકવાન
૪૮/૧ રિદ્ધિસિદ્ધિ ટ્વીન્સ બંગલો
રઘુવીર ચેમ્બર પાછળ
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦

**આપનાં...**
**અભિ : અક્ષુ**
**જયા : અમિત**

# *In Loving Memory*





**Shantaben Kantilal**
Birth: 12-07-1940 - Death: 01-02-2010

**Kantilal Master**
Birth: 14-09-1935 - Death: 31-03-2013

Maa, Bapu...
Walking along the path of life,
Both of you ensured the happiness to all of us...
When all of a sudden, silently you left for heavenly abode.
Leaving behind your cherished memories
which always will remind us each passing day,
the time we shared and memories will never be erased off...
Your love and music and symphony will go on and on...
Missing you always...
Awaiting your arrival...
Knowing it will never happen before the last judgement day...
Living with your mere glimpses and memories...
Missing you at each important moment of life...

Ahmedabad
Pallavi - Arvind Engineer
Bambi
Amit & Arpita
Dr Mitchelle & Dr Preetej (Anand)

Ahmedabad
Suhashini - Rajendra Engineer
Harsh & Jay

Ahmedabad
Jyotsna - Manoj Engineer
Nisheet & Yash

Ahmedabad
Late Ila - Natwarlal Makwana,
Mitul

Anand
Kokila - Amul Engineer
Alap

Gandhinagar
Urmila - Pankaj Peterson
Puja & Parva

Anand
Bhavna - Pradip Parmar
Raj

# પ્રથમ છમાસિક પુણ્યતિથિ



**સ્વ. સુષ્મા સંજય મેકવાન**

જન્મ: ૦૬-૦૭-૧૯૭૩

અવસાન: ૦૧-૦૯-૨૦૧૩

વ્હાલી સુષ્મા,

સમય એ મુઠ્ઠીમાંથી સરકતી રેતી જેવો વહી જાય પણ અણસાર ન આવે. શું થાય અચાનક સમજ ના પડે અને જ્યારે સમજ પડે ત્યારે સમય ન હોય. નાની શી જિંદગી પણ તું જીવી ભરપૂર. તારા વ્યક્તિત્વની આભા હર જગા પર પ્રગટાવતી ગઈ. હર રૂપ જિંદગીનાં તેં નિભાવ્યાં.

મોત એ સત્ય છે એ ખબર છે. છતાંય મોતના ડરથી બી જવાય છે. પણ તું બહાદુર હતી. શ્વાસ ક્યારે ખૂટી જશે એ વાત તને ખબર હતી. પણ જિંદગીના હર શ્વાસ માટે મક્કમતાથી મોત સામે તું લડતી રહી.

દુનિયાની નજરે મોત જીતી ગયું પણ ના... આ તો જિંદગીનો એક ખેલ હતો... હારી છતાં અમ સર્વના દિલમાં છવાઈ ગઈ.

તારી યાદના સંભારણાં જીવાડશે અમને અને તકલીફોથી ઉગરવાનો માર્ગ ચીંધશે નવો.

પુનરુત્થાનની પ્રભાતે મળીશું આપણે ત્યાં સુધી...

**એજ આશા સહ તારાં સ્વજનો**

**સંજય, સારાંશ**
**(પતિ-પુત્ર)**
**વડોદરા**

**ફુલકેરિયા જોન મેકવાન**
**(મમ્મી-પપ્પા)**
**ભરૂચ**

**તથા સમસ્ત પરિવાર**

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




**સ્વ. મિખાએલભાઈ (જેઠાભાઈ)**
**નાનાભાઈ ખ્રિસ્તી**


જન્મ: ૦૨-૦૮-૧૯૩૩

અવસાન: ૨૬-૦૩-૨૦૦૪

"બાપુજી" થયાં વિદાયને વર્ષ દસ
છતાંયે અસ્તિત્વ આપનું અમને ભાસે,
અમે કોને કહીએ "બાપુ" હવે?
તમ વિના સર્વ ખાલી લાગે.
ટાઢ, તડકો કે વરસાદ નથી જોયા આસપાસ,
પરિશ્રમ કર્યો કઠોર તમે અમ કાજ.
આપી શિખામણ, કરશો કદી ના ખોટું કામ,
બીક રાખજો ઈશ્વરની, કરશે કામ તમામ.
જીવનભર કરી કઠોર મહેનત આપે
દુઃખનો દરિયો વેઠી અમોને સુખના
સાગરમાં તરતા મૂકી ગયા.
પ્રાર્થના અમારી પરમપિતાને આજ,
રાખજો આપને "પરમધામે પાસ."

**લિ.**
**બોનીબેન જેઠાભાઈ ખ્રિસ્તી**
**તથા સમસ્ત પરિવાર**
રાજનગર

# સાતમી પુણ્યતિથિએ હૃદયાંજલિ



**સ્વ. જયંતીભાઈ ખુશાલભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૬-૧૯૪૭

અવસાન: ૨૮-૦૩-૨૦૦૭

વ્હાલા,

સમયના વહેણમાં, આંખના પલકારમાં
સાત વરસ પસાર થઈ ગયાં.

છતાં આજે પણ,
આપનું વાત્સલ્ય અમ સૌને
ઢંઢોળ્યા કરે છે.

આપ હંમેશાં અમારા માટે એક અડીખમ વ્યક્તિત્વ રહ્યા છો.
તમારો પ્રેમ, તમારી યાદ, હજુ અમારા અંતરમાં છે.

પરમેશ્વરનાં સનાતન વચનો અનુસાર
પુનરુત્થાનની વેળાએ તમારો સ્નેહભર્યો
હાથ અમારા શિરે અચૂક હશે.

એજ આશાએ
પ્રભુ આપના આત્માને સદાય શાંતિ
અર્પે એજ પ્રાર્થના.

**લિ.**
**આનંદીબેન જે. પરમાર**
**તથા સમગ્ર પરિવાર**
એફ/૫૦, જે.કે. પાર્ક-૧
મિશન રોડ, નડીઆદ
(૦૨૬૮-૨૫૫૩૯૩૩)

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું, જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે." (યોહાન ૧૧:૨૫)



## મા-બાપને
# શ્રદ્ધાંજલિ



**સ્વ. સાયમન (સેમ્યુઅલ) સિલ્વેસ્ટર રાઠોડ**

જન્મઃ ૨૪-૧૨-૧૯૨૪ ★ અવસાનઃ ૧૩-૦૮-૨૦૦૬

**સ્વ. માથીલ્દા સાયમન રાઠોડ**

જન્મઃ ૨૬-૧૦-૧૯૩૧ ★ અવસાનઃ ૩૧-૦૩-૨૦૦૯

વ્હાલા સ્વજનો,

દિવસો વીતી રહ્યા છે, પરંતુ આપની યાદ સદાય અમારા મનમાં તાજી છે. દરેક ક્ષણે આપની ખોટ વર્તાય છે. જીવનભર કઠોર પરિશ્રમ કરી, શૂન્યમાંથી સર્જન કર્યું. આપનું પ્રેરણાદાયી જીવન અમને એક સાચા ખ્રિસ્તી તથા સારા માણસ બનવાનું પ્રેરકબળ પૂરું પાડે છે. આપનાં સત્કર્મો, મિલનસાર સ્વભાવ, બીજાને મદદ કરવાની ભાવના અમને તમારા સંતાનો હોવાનું ગૌરવ પૂરું પાડે છે. પ્રભુ ઈસુ આપના દિવ્ય આત્માને શાંતિ બક્ષે એ જ પ્રાર્થના.

એ-૨/૪, લાલભાઈ સેન્ટર, એદન પાર્ક સામે,
મણિનગર પૂર્વ, અમદાવાદ - ૩૮૦૦૦૮

**આપના વ્હાલા સંતાનો તથા**
**સાયમન (સેમ્યુઅલ) સિલ્વેસ્ટર રાઠોડનો સમગ્ર પરિવાર**

## તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગંગાબેન હિરાલાલ પરમાર**

અવસાનઃ ૦૭-૦૩-૨૦૧૧

તું હતી તો ઘર ખરેખર ઘર હતું મા,
એક મીઠું આંગણે સરવર હતું મા,
આપની કુટુંબભાવના એ અમારી શાન છે.
આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા છે.
પ્રભુ ઈસુ આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એજ જ પ્રાર્થના.

**લિ. આપનો સમસ્ત પરિવાર**
**શાંતિલાલ એચ. પરમાર**
ડી-૧૦૩, વિભાગ-૨, રાધે બંગલોઝ, ખોખરા, અમદાવાદ

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. પુષ્પા થોમસ મેકવાન**

જન્મઃ ૨૭-૦૨-૧૯૫૨
અવસાનઃ ૦૭-૦૩-૨૦૦૭



તારા વિયોગમાં ગમનું ગીત બનવા ચાહું છું
તારા આગમનની સોહામણી સવાર બનવા ચાહું છું.
તારી ખુશીમાં તારા ચહેરાનું સ્મિત બનવા ચાહું છું
તારા ગમમાં તારી પરિપક્વ વિચારધારા બનવા ચાહું છું.
તારી હળવાશમાં તારા પ્રેમની મિરાત બનવા ચાહું છું
તારા સંઘર્ષમાં તારું મક્કમ મનોબળ બનવા ચાહું છું
ફક્ત એટલું જ કહેવા માગું છું કે,
બની શકું તો તારી નબળાઈ નહીં, તારી તાકાત બનવા ચાહું છું.

**લિ. થોમસ એ. મેકવાન તથા આપનો સમગ્ર પરિવાર**
ગુરુકુલ, અમદાવાદ

## પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



**સ્વ. રાયમુન્દભાઈ સ્તેફાનભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૨-૧૯૫૦

અવસાન: ૧૨-૦૧-૨૦૧૪

અશ્રુ વહે અનરાધાર, નામ રટણ કરી કંઠ સૂકાય
બાળકોને પિતાની ખોટ પૂરાશે નહિ,
બાકીની જિંદગી આપ વિના અસહ્ય બની રહેશે.
આવું છું કહી જતા હતા, અણસાર વિસરાશે નહિ.
ઘડીકમાં છેતરી ચાલ્યા ગયા, સ્વર ક્યારે સંભળાશે નહિ.
ચહેરો ક્યારે જોવા મળશે નહિ.
પુનરુત્થાને ફરી મળીશું.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે,
એજ અમારી અંતર આરાધના.

**દુઃખી પરિવાર**
**ફિદેશ, નિતીન અને અર્પિતા તથા સગાં સ્નેહીજનો**
હરિગંગા સોસાયટી, મુ.પો. ગામડી, આણંદ

## પ્રથમ માસિક પુણ્યતિથિ



**સ્વ. પીટર જોસેફ પરમાર**

જન્મ: ૦૮-૧૦-૧૯૪૨

અવસાન: ૧૬-૦૧-૨૦૧૪

''પ્રભુ ઈસુની સાંભળી વાણી,
જીવનમાં જેણે ઊતારી જાણી;
પરમશ્રદ્ધા હૈયે આણી,
લીધી પરમધામની વાટ કટાણી.''

અમારા હૈયામાં તમારી યાદો,
તમારું હાસ્ય, તમારી રમૂજ,
તમારી નીડરતા, તમારી વાણી,
તમારી સમાજ પ્રત્યેની લાગણી,
તમારી ધર્મપરાયણતા
હમેશાં ગુંજતી રહેશે.

અમારા દુઃખમાં સહભાગી થવા બદલ
સર્વ પુરોહિતો, સાધ્વીઓ તથા
સમગ્ર ધર્મજનોનો આભાર...

**''જે મારામાં શ્રદ્ધા રાખે છે,**
**તે કદી મૃત્યુ પામતો નથી.''**



**આગ્નેશ પીટર તથા પરિવાર**
૭-બી, નિષ્કલંક સોસાયટી, વટવા
ફોનઃ (ઘર) ૦૭૯-૨૫૮૯૬૮૯૧
મો. ૯૩૨૭૩ ૯૦૩૯૫

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મોતીભાઈ એલ. પટેલિયા**

જન્મ: ૨૧-૦૨-૧૯૪૨

અવસાન: ૦૬-૦૩-૨૦૧૩

''પુનરુત્થાનની પ્રભાતે ફરી ભેગા મળીશું.''

તમારા ગયાને આજ વરસ વીતી ગયું
અમ હૈયામાં ઊંડો ઘા કરતું ગયું,
હતું તમારી હયાતીથી ઘર હર્યુંભર્યું
તમારા જવાથી ઘર ખાલીખમ થઈ ગયું.

**એ જ તમારી યાદમાં તમારો દુઃખી પરિવાર**
**વિજયાબેન તથા આપના બાળકો**

| | | |
|---|---|---|
| **કિરીટ-મીતા** | **પુષ્પા-શૈલેષ** | **શિલ્પા-વિજય** |
| **વત્સલ, મૈત્રી** | **એન્સી, તૃષા તથા ચંદ્રિકા** | **સમર્થ** |

શિવમ્ સોસાયટી, રામબાગ સોસાયટી પાસે, પેટલાદ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. સોમાભાઈ કાનજીભાઈ પરમાર**

(ભરૂચ)

જન્મ: ૧૫-૦૧-૧૯૧૫

અવસાન: ૧૭-૧૧-૨૦૧૩

**સો** દિન વિદાયને થયા પણ જીવન-ઝરમર વિસરાતી નથી
**મા**-બાપની છત્રછાયા બાળપણમાં જ ગુમાવી
**ભા**ઈની સાર-સંભાળની જવાબદારી સ્વીકારી
**ઈ**શ્વરની ઇચ્છાને કબૂલ મંજૂર ગણી

**કા**યમનો વસવાટ ભરૂચ ભીડભંજનની ચાલીમાં રાખી
**ન**જીવા પગારમાં ગુજરાન ચલાવતાં ચલાવતાં
**જી**વન સફરમાં 'લુસીયા'ની ભાગીદારી સ્વીકારી
**ભા**ગ્યમાં લખેલ બે દીકરી 'મેરી' અને 'જશુબેન'
**ઈ**શ્વરીય ભેટ તરીકે સહર્ષ સ્વીકારી સંસ્કારોનું સિંચન કર્યું

**પ**રોપકારી, મહેનતુ અને મિલનસાર સ્વભાવને લીધે
**ર**મતાં-રમતાં જીવનસાથી વિના ૧૬ વર્ષ વિતાવી
**મા**નવ સહજ, જન્મ દિનની ઉજવણીની વાતો કરતાં કરતાં
**ર**ડતાં બાળકોને મૂકી 'બાપુ' તમે સ્વર્ગધામ તરફ પ્રયાણ કર્યું.

પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના સહ

૨૮, સેંટ જોસેફ સોસાયટી
નિઝામપુરા, વડોદરા

**મારીયાબેન આલોઈસ પરમાર**
**તથા દુઃખી પરિવાર**

## તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ફિલીપ સ્તાનીશ પરમાર**

જન્મ: ૧૮-૧૦-૧૯૩૯

અવસાન: ૦૮-૦૩-૨૦૧૧

પાનખરમાં ભલે પર્ણો ખરી પડતાં તોયે
અમે તો વસંતમાં ફરી ખીલવાની રાહ જોઈએ છીએ.

વાદળોની પાછળ ભલે સૂરજ છુપાઈ જાય તોયે
ઢંકાયેલા સૂરજનાં કિરણો બનવાની રાહ જોઈએ છીએ.

ચોમાસે ભલે વરસાદની હેલીની જેમ વરસી જતાં તોયે
મેઘધનુષ બનીને ફરી રંગાવાની રાહ જોઈએ છીએ.

બીજ બનીને ભલે માટીમાં રૂંધાઈ જતાં તોયે
અંકુર બનીને ફરી ઊગવાની રાહ જોઈએ છીએ.

ત્રણ વર્ષનાં વહાણાં વહી ગયાં યાદ કરતાં તમને તોયે
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની રાહ જોઈએ છીએ.

**આપને યાદ કરનાર**
**દીના ફિલીપ પરમાર તથા સમસ્ત પરિવાર**

## આભારાંજલિ



**સ્વ. રમેશભાઈ પી. વાઘેલા**

જન્મ: ૦૨-૦૨-૧૯૫૦

અવસાન: ૦૮-૦૨-૨૦૧૪

આત્મા નથી જન્મ ધરતો,
કે નથી મૃત્યુ પામતો,
નથી સર્જાયો કે નથી સર્જાવાનો,
તે નિત્ય અને શાશ્વત છે.
શરીરનો નાશ થતાં, એનો નાશ થતો નથી.

રમેશજીની માંદગી દરમિયાન ઘરે અને હોસ્પિટલમાં મુલાકાત લઈ સાંત્વન, લાગણી, હૂંફ, હિંમત બંધાવનારા સૌનો આભાર માનીએ છીએ.

રમેશજીને લોહીની જરૂર પડી ત્યારે લોહી આપનાર અને વ્યવસ્થા કરનારા સ્નેહીજનો, આપ્તજનો, સંન્યસ્તજનોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

૧૦૦૪, કૈવલ ટાવર
ગણેશ ચોકડી પાસે, આણંદ

**શ્રીમતી આગ્નેસ રમેશ વાઘેલા**
**તથા વાઘેલા પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વ્હાલીબેન જેઠાભાઈ પરમાર**

અવસાન: ૧૧-૦૩-૨૦૧૩


પૂજ્ય વ્હાલી બા,

આપની વિદાયને એક વર્ષ વિતી ગયું. આખી જિંદગી પરિશ્રમ કર્યો. વ્યવહાર કુશળતા અને કુટુંબને પ્રેમ આપતાં ગયાં. આપના સદ્‌ગુણો અમારા આદર્શ બની રહે એ જ પ્રાર્થના. તમારી ખોટ અમને હરપળ સાલશે. કર્મો થકી તું અમર બની ગઈ. કુટુંબનાં બધાંય બાળકોની તું વ્હાલસોઈ મા હતી. અમને ઊભા થઈને આવકારનારું કોઈ ના રહ્યું. આપને અમારા કોટિ કોટિ વંદન. નરી મુશ્કેલીમાં તું અમર આશાવાદની મિશાલ બની ગઈ.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના.

**લિ. લલિતાબેન આર. બેન્કર તથા**
**આપનો સમગ્ર પરિવાર અને આપના બાળકો**
૮૧, નવદીપનગર, પવનચક્કી રોડ, નડિયાદ

## શ્રદ્ધાંજલિ




**સ્વ. ડહીબેન (મારીયા) થોમાસ પરમાર**

જન્મ: ૨૮-૭-૧૯૩૨ ★ અવસાન: ૧-૧-૨૦૧૪

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. શીલુભાઈ તથા પીયુષભાઈ તથા કુટુંબીજનો**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, કરમસદ (મો. ૯૫૩૭૧ ૪૩૧૩૮)

## બીજી પુણ્યતિથિ




**સ્વ. યોહાનભાઈ હીરાભાઈ પરમાર**

જન્મ: ૨૧-૮-૧૯૨૩ ★ અવસાન: ૩૧-૧૨-૨૦૧૩

વ્હાલા બાપુ,
રડી પડે છે આંખો અમારી. આપની વિદાયના બે મહિના થઈ ગયા હજી અમો યાદ કરી આંસુ સારીએ છીએ.

**લિ. ઈગ્નાશભાઈ યહોવાનભાઈ પરમાર**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. માયકલ ખુશાલ**

જન્મ: ૨૮-૦૯-૧૯૧૬
અવસાન: ૦૭-૦૧-૧૯૮૯

જન્મ: ૦૬-૧૧-૧૯૨૧
અવસાન: ૨૨-૦૨-૨૦૦૮



**સ્વ. એલીસાબેથ માયકલ**

**વિક્ટર માયકલ**
ઓલ્ડ બી-૧૨, ખેતીવાડી કેમ્પસ,
આણંદ

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### પોપ ફ્રાન્સિસ પ્રખ્યાત મેગેઝિન 'રોલિંગ સ્ટોન'ના કવર પેઈજ પર

'રોલિંગ સ્ટોન' મેગેઝીને પોતાના કવર પેઈજ પર પોપનો ફોટો છાપ્યો છે અને ૭૭૦૦ શબ્દોની તેમના વિષેની કવર સ્ટોરી પણ કરી છે. આ મેગેઝીન તે આઈકોનિક રોક મેગેઝીન 'રોલિંગ સ્ટોન' છે. તેમાં જણાવ્યું છે કે પોપની સમગ્ર માનવજાતને આવરી લેતી અપીલમાં, ઉંમરનો, ભૌગોલિક સીમાઓનો, રાજકીય દૃષ્ટિકોણનો કે કોઈપણ પ્રકારના ધાર્મિક જોડાણની સરહદોનો બાધ રહેતો નથી, પરંતુ બધી જ સીમાઓને ઓળંગીને, સીધી જ વ્યક્તિના હૃદયને તેમની વાત સ્પર્શે છે. બિનેલીની કવર સ્ટોરીનું શીર્ષક "પોપ ફ્રાન્સિસ : ધ ટાઈમ્સ ધે આર અ ચેન્જીંગ" છે. વાત તો પોપે આદરેલી સૌમ્ય ક્રાંતિની જ છે. તેઓ તપાસ આદરે છે કે આ પોપ તેમના પુરોગામી વડાધર્મગુરુઓથી અલગ કેવી રીતે પડે છે. પત્રકાર બિનેલી બોબ ડાયલાનના ગીતને ફેરવીને ટાંકતા કહે છે કે આ પોપ તે 'કૂલ પોપ ફ્રાન્સિસ' છે. રાજકીય રીતે સારામાં સારા લીડર, પી. આર. એક્સપર્ટ અને જનતા જનાર્દન અર્થાત્ આમ આદમીના તેઓ મિત્ર છે.

હોલી સી પ્રેસ ઓફિસના ડાયરેક્ટર જેસુઈટ ફાધર ફેડ્રીકો લોમ્બાર્ડી પાસે આ લેખ માટેનો થોડો કડવો અનુભવ છે. પ્રથમ તો કવર પેઈજનો પોપનો ફોટો તેમને ગમ્યો નથી. આ આર્ટિકલ ગંભીર પત્રકારત્ત્વને છાજે તેવો નથી. ધર્મસભા જ્યારે હંમેશાં તેમના ભૂતપૂર્વ વડાધર્મગુરુઓનું ઋણી રહી છે અને આ વાત પોપ ફ્રાન્સિસ પણ સુપેરે જાણે-સમજે છે, ત્યારે આ મેગેઝીને પોતાના લેખમાં વડાધર્મગુરુ બેનેદિક્ત ૧૬મા વિષે નકારાત્મક વાતો લખી છે. આને તો છીછરું જર્નાલિઝમ જ કહી શકાય.

(HUFFINGTON POST દ્વારા)

## ધર્મભારતી

### આંધ્રપ્રદેશમાં સરકારી સહાયથી જેરૂસાલેમની યાત્રા

આંધ્રપ્રદેશમાં જેરૂસાલેમની પવિત્રભૂમિનાં દર્શન માટે આંધ્રપ્રદેશ રાજ્ય પોતે પ્રત્યેક યાત્રાળુને સ્પોન્સર કરતું હતું અને રૂા. ૨૦,૦૦૦/- સુધીની સહાય કરતા હતા. આ યોજના ૨૦૦૯ની સાલમાં YSR ગર્વનમેન્ટ લાવી હતી. ૨૦૦૯ અને ૨૦૧૦ની સાલમાં તેનો અમલ થઈ શક્યો હતો, ત્યારબાદ આ યોજના કોર્ટના સ્ટેના કારણે ખોરંભે પડી હતી. હવે જ્યારે કોર્ટનો સ્ટે ઊઠી ગયો છે ત્યારે ૫૦ થી ૧૦૦ યાત્રાળુનું ગ્રુપ આ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ, પવિત્રભૂમિની યાત્રાએ સરકારી સહાયથી જઈ રહ્યું છે. ઈઝરાયેલની સરકાર એક અઠવાડિયાનો વીઝા આપે છે, આંધ્રપ્રદેશની સરકારના માઈનોરિટીઝ વેલ્ફેર ડિપાર્ટમેન્ટે તો ૧૯મી ઓક્ટોમ્બર, ૨૦૧૩ના રોજ નવી આચારસંહિતા તથા આર્થિક સહાય માટેની નવી ગાઈડ લાઈન પણ બહાર પાડી દીધી છે અને એ રીતે હવે આંધ્રપ્રદેશના ક્રિશ્ચિયનો સરકારની સહાયથી પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ કાર્ય અને મૃત્યુની પવિત્રભૂમિનાં દર્શનાર્થે સરળતાથી જઈ શકશે, જય ઈસુ

(સ્માર્ટ કમ્પેનીયન દ્વારા)

## ધર્મગુર્જરી

### મણિનગર કેથોલિક ચર્ચમાં તલાટીનો સેમિનાર યોજાયો

તા. ૦૯-૦૨-૨૦૧૪ના રોજ શ્રી રાજુલ આઝાદ દ્વારા મણિનગરના સેંટ જોસફ કેથોલિક ચર્ચના હોલ ખાતે સવારે દસ વાગ્યાથી સાંજના સાડા પાંચ વાગ્યા સુધી 'તલાટી'ની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારીના ભાગરૂપે, એક નિ:શુલ્ક સેમિનાર રાખવામાં આવ્યો હતો, જેમાં ૧૦૫ વિદ્યાર્થીઓએ પૂરા ઉત્સાહથી ભાગ લીધો હતો. નડિયાદ, આણંદ, પેટલાદ, ભરૂચ, ગોધરા, દાહોદ અને ઠેઠ વ્યારા, ડેડિયાપાડા વિસ્તારમાંથી પણ વિદ્યાર્થીઓ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે સંકલ્પપૂર્વક આવ્યાં હતાં.

સેમિનારના શુભારંભમાં શ્રી જેકબ આલ્ફોન્સે, ફાધર આમ્બ્રોસ ડાભી, ફાધર પ્રકાશ, રાજુલ આઝાદ અને ફેકલ્ટીનું ફૂલોથી સ્વાગત કર્યું હતું. આ પ્રકારનો તદ્દન ફ્રી ઓફ ચાર્જ સેમિનાર મણિનગર ખાતે યોજવા બદલ તેમણે રાજુલ આઝાદને 'ભેખધારી' કહી તેમનો સમગ્ર સમાજવતી આભાર માન્યો હતો.

પોતાના પ્રારંભિક ઉદ્‌બોધનમાં, રાજુલ આઝાદે ફેકલ્ટીનો પરિચય આપ્યો હતો, ફાધરોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે ૨૦૧૪ અને ૨૦૧૫માં સરકારી નોકરીઓ માટે પુષ્કળ જાહેરાતો આવી રહી છે કે આવવાની છે. અને આપણા સમાજનું યુથ, વાલીઓ અને વડીલો જો તેના માટે કટ્ટીબધ્ધ થાય તો આપણે પણ અન્ય સમાજો જેવું સુંદર પરિણામ અચૂક લાવી શકીએ તેમ છીએ. ભવિષ્યમાં તેઓ વિદ્યાર્થીના મોબાઈલ પર જ સ્ટડી મટિરિયલ અને ફેકલ્ટીના લેક્ચરનો વીડીયો આપવાના પ્રયત્નમાં છે તેમ તેમણે જણાવ્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી આવેલું કેથોલિક યુથ અને અમદાવાદ શહેરના બધાંજ પેરિશમાંથી આવેલાં કેથોલિક યુથનું તેમણે ખૂબ જ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

પ્રાસ્તાવિક સ્વાગતવિધિ ખૂબ જ ટૂંકમાં ઝડપથી પતાવીને, 'તલાટી'ની પરીક્ષાની પૂર્વ તૈયારીના સેમિનારની શરૂઆત ગુજરાતી વ્યાકરણના લેક્ચરથી કરવામાં આવી હતી. ત્યારબાદ, જનરલ સ્ટડી અને ઈતિહાસનાં લેક્ચરો હતાં. પછી લન્ચ બ્રેક અને ત્યારબાદ અમદાવાદની સારામાં સારી ફેકલ્ટી દ્વારા મેથ્સના MCQની પુષ્કળ તૈયારી કરાવવામાં આવી હતી, જે બે કલાક સુધી ચાલી હતી. ટી બ્રેક બાદ મેથ્સ અને અંગ્રેજીનું ફરી પાછું રસાળ શૈલીમાં શિક્ષણ ચાલ્યું હતું. અમદાવાદની નામાંકિત સારી ફેકલ્ટીના કારણે લન્ચ પછીની સેશનોમાં વિદ્યાર્થીઓને સહેજ પણ કંટાળો આવ્યો નહોતો.

વિદ્યાર્થીઓએ આખો દિવસ ખૂબ ઉત્સાહથી સેમિનારમાં ભાગ લીધો હતો. બધા જ વિદ્યાર્થીઓ માટે સ્વાદિષ્ટ ભોજન

અને ચાની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી. નડિયાદના વલય સોલંકીએ ફિડ બેકમાં સેમિનાર વિષે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. છેલ્લે, રાજુલ આઝાદે બધી જ વ્યવસ્થા સંભાળવા બદલ, જેકબ આલ્ફોન્સનો, ફાધરોનો અને ચર્ચના કેરટેકરનો આભાર માન્યો હતો. તેમણે દૂર દૂરથી આવેલા વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીત્રાઓ માટે એક નવા જ પ્રકારના ઉત્સાહનું સિંચન કર્યું હતું.

(લુઈસ કારમેલભાઈ મેકવાન દ્વારા)

## આમોદમાં ફાધર પરીઝાની યાદમાં છેલ્લા ભોજનની નૂતન વેદી બનાવવામાં આવી

આમોદ ધર્મવિભાગમાં ખ્રિસ્તજયંતિની ઉજવણી પહેલાં દરેક ગામમાં પ્રત્યેક ઘેર ઘેર ફરીને, કેરલ સિંગિંગ દ્વારા મુક્તિદાતા ઈસુના જન્મની વધામણી અને નાતાલનો પ્રેમ, શાંતિ અને આનંદનો સંદેશો પહોંચાડ્યો હતો. ૨૪મી ડિસેમ્બરના રોજ ૧૦.૩૦ કલાકે આરાધના અને મધ્યરાત્રિનો ખ્રિસ્તયજ્ઞ ફાધર જોસે અર્પણ કર્યો હતો. સહુ ભક્તજનોએ ભક્તિભાવથી તેમાં ભાગ લીધો હતો. છેલ્લે કેક કાપીને તથા ચા પીને સહુ છૂટાં પડ્યાં હતાં.

૨૯મી ડિસેમ્બરે આમોદ ધર્મવિભાગમાં ૨૩ વર્ષ સેવા આપી ચૂકેલા ફાધર પરીઝાની સેવાની કદર રૂપે, તેમજ તેમની કાયમી યાદગીરી રહે તે નિમિત્તે દેવાલયમાં ‘છેલ્લા ભોજન’ની ભવ્ય ‘નૂતન વેદી’ બનાવવામાં આવી હતી. આ દિવસે તેમના પાવન હસ્તે આશીર્વાદ આપવામાં આવ્યો હતો અને તેમણે જ આ નવી બનાવેલ ‘યજ્ઞવેદી’ પર સહુ પ્રથમવાર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. સિસ્ટર ફિલોમીને ફૂલહાર કરીને તેમજ ફાધર નટુએ શાલ ઓઢાડીને તાબા વતી તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. છેલ્લે આ વેદી બનાવવા માટે દાન આપનાર દાતાઓનો ખાસ આભાર માન્યો હતો.

(ફ્રાન્સિસ સિલાસ વાઘેલા દ્વારા)

## KSSS દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી

૧ ડિસેમ્બરના રોજ KSSS દ્વારા અસલાલી વિસ્તારમાં જે હેલ્થ કેર સેન્ટર ચલાવવામાં આવે છે, ત્યાં ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સો; એપોલો ટાયર્સ ફાઉન્ડેશન અને કારીતાસ ઈન્ડિયાના સહયોગથી વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જુદા જુદા વિસ્તારોમાં આખો દિવસ લાઉડ સ્પીકરવાળી ટ્રક ફેરવવામાં આવી હતી. એઈડ્સની જાણકારી આપવામાં આવી હતી, પત્રિકાઓ વહેંચવામાં આવી હતી. રેડ રિબન બાંધવામાં આવી હતી.

૨જી ડિસેમ્બરના રોજ સ્ટ્રીટ પ્લે અને મેજર હેલ્થ કેમ્પ યોજવામાં આવ્યો હતો, કાઉન્સેલિંગ પણ કરવામાં આવ્યું હતું. ૩જી ડિસેમ્બરે મેજિક શો રાખવામાં આવ્યો હતો. આ બધા કાર્યક્રમોમાં ડ્રાયવર ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

(ગોપાલ મકવાણા દ્વારા)

## આગરવા ગામે અનાથોની માતા મરિયમનું સરઘસ અને ભવ્ય ઉજવણી

તા. ૨૦-૦૧-૨૦૧૪ની સાંજે આગરવા ગામમાં જૂના દેવળથી અનાથોની માતા મરિયમનું સરઘસ પુષ્કળ ભક્તિભાવથી નીકળ્યું હતું. ડાકોર પેરિશના સભાપુરોહિત ફાધર આઈઝેકે કપડવંજના ફાધર મયંકને આમંત્રણ આપીને તેડાવ્યા હતા. સરઘસ બાદ ફા. મયંક અને ફા. ઈગ્નાસે પરમપૂજા અર્પણ કરી હતી. છેલ્લે, દેવળમાં ફાધરો-સિસ્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતે, શ્રી કાભાઈકાકાના ખેતરે, ઠંડીમાં, તાપણાંઓની વચ્ચે, આપણી ગ્રામ્ય સંસ્કૃતિની પરંપરા મુજબનું સ્વાદિષ્ટ ભોજન, કોઈપણ જાતના ભેદભાવ વગર, આખા ગામે સાથે મળીને ખૂબ પ્રેમભાવથી આરોગ્યું હતું. (જોસેફ પી. પરમાર દ્વારા)

## ડાકોર ખાતે ડોન બોસ્કોના તહેવારની ઉજવણી

૩૧મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ડાકોર ખાતે ડોન બોસ્કોના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. બિશપ દ્વારા પરમપૂજા અર્પણ કરવામાં આવી હતી. નવ દિવસની ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. (જોસેફ પી. પરમાર દ્વારા)

## ઝંખવાવ કેથોલિક ધર્મસભાની સુવર્ણજયંતિ મહોત્સવની શાનદાર ઉજવણી

તા. ૦૨-૦૨-૨૦૧૪ના રોજ ઈસુનાથ મંદિર, ઝંખવાવ ખાતે કેથોલિક ધર્મસભાની સુવર્ણજયંતિ મહોત્સવની રંગેચંગે સમાપનવિધિ કરવામાં આવી હતી. માતા મરીયમનાં દર્શન કરી, તેમની પ્રતિમાને સરઘસના રૂપમાં ફેરવીને અસંખ્ય શ્રદ્ધાળુ ભાઈ-બહેનો, ફાધરો-સિસ્ટરોએ ધન્યતાની લાગણી અનુભવી હતી. ભક્તિમય વાતાવરણમાં વડોદરા ધર્મપ્રાંતના બિશપ ગોડફ્રી દે રોઝારીયો, એસ.જે.ના વરદ્‌હસ્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. ગુજરાત ઈસુસંઘના નવનિયુક્ત પ્રાંતાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમાર, એસ.જે.એ પોતાના ધર્મોપદેશમાં ઝંખવાવ મિશનનાં ૫૦ વર્ષમાં લોકોની પાંગરેલી શ્રદ્ધા તથા મિશનનાં કાર્યમાં સહુ કોઈની સહિયારી જવાબદારી છે તે વાત ઉપર ભાર મૂક્યો હતો.

ખ્રિસ્તયજ્ઞ બાદ ઝંખવાવ મિશનમાં અમૂલ્ય ફાળો આપનાર ભૂતપૂર્વ ધર્મશિક્ષકો, ફાધરો-સિસ્ટરો તથા હાલમાં કાર્યરત ધર્મશિક્ષકોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ઝંખવાવ ધર્મસભાના સુવર્ણમય ૫૦ વર્ષોના ઈતિહાસ અને અનુભવોને સાંકળી લેતા સ્મૃતિગ્રંથની વિમોચનવિધિ રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઝંખવાવ ધર્મસભાની શુભ શરૂઆત કરનાર પાયાની ઈંટ સમાન ફા. ગાલ્દોસ, એસ.જે.એ અને ફા. આરાના, એસ.જે.એ આર્શીવચનો આપ્યાં હતાં. છ હજારથી વધારે શ્રદ્ધાળુઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સહુ ભાઈ-બહેનોએ સાથે મળીને, પ્રીતિભોજન લઈ કેથોલિક ધર્મસભાના એક કુટુંબ તરીકે ખ્રિસ્તી પ્રેમ અને એકતાનાં જબરજસ્ત દર્શન કરાવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમની સફળતામાં ઝંખવાવ તાબાના સભાપુરોહિત

ફા. રોની સલ્ધાના, એસ.જે. તેમજ તાબાના ફાધરો-સિસ્ટરો, ધર્મજનો, ઝંખવાવ કેન્દ્રના હોસ્ટેલના વિદ્યાર્થીઓ તથા સંસ્થાનાં સ્ટાફ સભ્યોએ અમૂલ્ય ફાળો આપ્યો હતો.

(ફાધર નિકસન, એસ.જે. દ્વારા)

## પુણ્યતિથિ નિમિત્તે ફાધર ઈગ્નાસની કથા અને નિબંધ-વાર્તા સ્પર્ધા

તા. ૨૫-૦૧-૨૦૧૪ના રોજ ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ, નડિયાદ ખાતે સ્વ. ભાઈલાલભાઈ ક્રિસ્ટીની દસમી પુણ્યતિથિ નિમિત્તે ફા. ઈગ્નાસની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સદ્‌ગતના પરિવાર તરફથી શ્રદ્ધાવર્ષને અનુરૂપ વિષયોને આવરી લઈને, નિબંધસ્પર્ધા અને વાર્તાસ્પર્ધાનું પણ આ પ્રસંગે વિશિષ્ટ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને કથા દરમ્યાન જ એવોર્ડ, સર્ટિફિકેટ અને રોકડ રકમથી નવાજવામાં આવ્યાં હતાં.

(સંજય વાઘેલા દ્વારા)

## પુસ્તક વિમોચન

તા. ૨૩મી નવેમ્બર, ૨૦૧૩ના રોજ સેંટ ઝેવિયર્સ કોલેજ હોલ ખાતે વાર્તા લેખિકા નિર્મળા મેકવાન અને કવિયત્રી મેબલ મેકવાનના પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ખ્યાતનામ કવિશ્રી ચિનુ મોદી, લેખક દિવાન ઠાકોર તેમજ વાર્તાલેખક જીગ્નેશ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. નિર્મળા મેકવાનના 'પારિજાતનાં પુષ્પ' નામક વાર્તાસંગ્રહનું વિમોચન લેખક દિવાન ઠાકોરે કર્યું હતું. જ્યારે મેબલ મેકવાનના પુસ્તક 'હું નદી'નું વિમોચન કવિશ્રી ચિનુ મોદીએ કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનો બાદ ખ્યાતનામ બાર કવિઓ દ્વારા કવિ સંમેલનનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

(અનિતા વિનોદ દ્વારા)

## ફા. બર્નાડ પેરીસની ચિરવિદાય

ફા. બર્નાડ પેરીસનો જન્મ ૧૮મી ડિસેમ્બર, ૧૯૫૮ના રોજ પેઝરા, મેંગ્લોર ખાતે થયો હતો. તેમના પિતા સ્વ. પાઉલ પેરીસ અને માતા સ્વ. થેરેસા પેરીસનું કુટુંબ ખૂબ જ ધાર્મિક હતું. ૧૯૭૭માં મેંગ્લોરની સેંટ જોસફ માઈનારો સેમિનરીમાં તેઓ જોડાયા હતા. ૪થી એપ્રિલ, ૧૯૮૯માં અમદાવાદ ધર્મપ્રાન્તમાં ધર્મગુરુ તરીકેની તેમની દીક્ષાવિધિ થઈ હતી.

૨૫ વર્ષની તેમની ધર્મગુરુ તરીકેની કારકિર્દીમાં, સહાયક પુરોહિત અને મુખ્ય પુરોહિત તરીકે રાધનપુર, પેટલાદ, ડિસા, જીસસ નગર, કેમ્પ પેરીશ, કેથેડ્રલ પેરિશ, ઉમરેઠ અને મહેમદાવાદ પેરિશમાં તેમણે પોતાની સેવાઓ આપી હતી. જરૂરિયાતમંદોને તેઓ પુષ્કળ મદદ કરતા હતા અને ગરીબોને તેઓ પુષ્કળ પ્રેમ કરતા હતા. તેઓ પ્રાર્થનામય જીવન જીવતા હતા એટલે કલાકો સુધી, પવિત્ર સાક્રામેન્ટ આગળ બેસીને પ્રાર્થના કરતા હતા. કોઈએ તેમને પ્રાર્થના કરવાનું કહ્યું હોય તેના માટે અને ચર્ચ માટે તેઓ ખાસ પ્રાર્થના કરતા હતા.

અમદાવાદ, મિરઝાપુરના કેથેડ્રલ પેરિશમાં તેમણે થોડાં વરસો પોતાની સેવા આપી ત્યારે દરેક મુલાકાતીને તેઓ ખૂબ પ્રેમથી આવકારતા હતા. ધર્મસભારૂપી પ્રભુની વાડીના તેઓ અદના સેવક હતા. આવનાર મહેમાનનું ખૂબ પ્રેમભાવથી અને પુષ્કળ માનથી સ્વાગત કરવું, તે તેમનો મુખ્ય ધ્યેય હતો. ધર્મગુરુ તરીકે બીજાને માફી બક્ષવામાં તેઓ હંમેશાં સહુથી પહેલા રહેતા હતા. ગરીબો અને માંદાઓની સેવા કરવી એ જ તેમનો મુખ્ય ધ્યેય હતો. ઘણી બધી વાર તેઓ હોસ્પિટલની મુલાકાત લેતા હતા અને માંદાઓ માટે પ્રાર્થના કરતા હતા. તેઓ સાજાપણાની કેરેસ્મેટીક પ્રાર્થના પણ કરાવતા હતા. તેમનો મધર મેરી માટે ખાસ અલગ પ્રકારનો લગાવ હતો અને ગુલાબમાળાની પ્રાર્થના તેઓ અચૂક કરતા હતા. શરીર તેમનું વિશાળકાય હતું પરંતુ તેઓ સાદા, સરળ, ભલા, મૈત્રીપૂર્ણ, મિલનસાર અને ખાસ તો કોઈપણ વ્યક્તિ તેમની સરળ રીતે મુલાકાત લઈ શકે અને પોતાનું હૃદય તેમની આગળ વ્યક્ત કરી શકા તેવા હતા.

તેઓ A.V.T. કાર્મેલરમ બેંગ્લોર ખાતે આધ્યાત્મિકતાનો અભ્યાસ કરી રહ્યા હતા. બેંગ્લોરમાં હતા તે દરમ્યાન જ તેમને કિડનીનો પ્રોબ્લેમ શરૂ થયો હતો, તેઓ દવાઓ ઉપર હતા. આરામ કરતા હતા. ૧૬મી તારીખે અત્યંત દુઃખદ ઘટના બની, સાંજે ૭.૩૦ વાગ્યે તેમને છાતીમાં દુઃખાવો ઉપડ્યો, તાત્કાલિક તેમને સેંટ મુલર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. હૃદયરોગનો તેમના પરનો હુમલો ઘણો જ ગંભીર હતો, જેના કારણે અચાનક જ તેમનું હૃદય ધબકતું બંધ થઈ ગયુ. અને આપણી મધ્યેથી તેઓ સાવ અચાનક આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા હતા. તેમના અવસાનથી અમદાવાદ ધર્મપ્રાંતે ખૂબ જ કામગરા, મહેનતુ, પ્રાર્થનામય ધર્મગુરુ ગુમાવ્યા છે. અમદાવાદ ધર્મપ્રાંતને એક જબરજસ્ત ધક્કો લાગ્યો છે અને ખૂબ મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ બક્ષે.

(ફાધર અવિનાશ દ્વારા)

## નડિયાદમાં રંગેચંગે ઉજવાયો સિનિયર સીટીઝન ડે

તા. ૧૯-૦૧-૨૦૧૪ના રોજ સેંટ મેરીઝ સ્કૂલ હોલ, નડિયાદ ખાતે નડિયાદ ડીનરીના સિનિયર સીટીઝનોનું સંમેલન, નડિયાદ ડીનરીના ડીન ફાધર માર્ટીનના અધ્યક્ષપદે યોજાયું હતું. પ્રાર્થનાગીત બાદ આવકાર પ્રવચન, મહેમાનોનો પરિચય, ફૂલહારવિધિ વિલિયમભાઈએ સંભાળી હતી. ડીનરીમાં આવેલ ધર્મવિભાગોમાં સેવા કરી ચૂકેલા માજી સભાપુરોહિતો સ્વ. ફાધર રોકી ડીસીલ્વા (નડિયાદ), સ્વ. ફા. ટેરેન્સ લોબો (વડતાલ), સ્વ. ફા. બર્નાડ (મહેમદાવાદ) તથા તમામ સદ્‌ગત ધર્મગુરુઓને યાદ કરીને, તેમના માનમાં સહુએ ઊભા થઈને બે મિનિટનું મૌન પાળી, પ્રાર્થના કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સેંટ મેરીઝ ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર મેરી જોસેફે સંમેલનનો હેતુ વિગતે સમજાવ્યો હતો. નડિયાદ ડીનરીના ડીન ફાધર માર્ટીને 'સિનિયર સીટીઝન ડે' નિમિત્તે પ્રસંગોચિત્ત વક્તવ્ય આપ્યું હતું. વિશેષ વક્તા તરીકે હાજર રહેલા શ્રી. જોસેફ એસ. મેકવાને કૌટુંબિક પ્રશ્નો અને તેનું સમાધાન, વડીલોની ફરજો અને જવાબદારીઓ, સમાજમાં અભૂતપૂર્વ

રૂપે સખત અને સતત વધી રહેલાં લગ્ન વિચ્છેદના કારણો અને તેના ઉપાયો વગેરે બાબતો ઉપર પોતાની રસાળ શૈલીમાં ઊંડાણથી સમજણ આપીને, વડીલોને અનન્ય વિચારભાથું પૂરું પાડ્યું હતું. નટુભાઈ વાઘેલાએ ભૂલાયેલાં હાલરડાં અને લગ્નગીતો રજૂ કરી, સહુને આનંદવિભોર બનાવી દીધાં હતાં.

બિશપ થોમાસ મેકવાન સંમેલનની ઉડતી મુલાકાતે પધાર્યાં હતાં. મોટી સંખ્યામાં સિનિયર સીટીઝનોની હાજરીથી તેઓ પ્રભાવિત થયા હતા, આયોજકોનો તેમણે આભાર માન્યો હતો. પોતે પણ સિનિયર સીટીઝન છે તેમ કહી ઉમેર્યું હતું કે જીવનમાં પ્રાર્થના ખૂબ મહત્ત્વની છે. પાછલી અવસ્થામાં આવતી મુશ્કેલીઓ શારીરિક, સામાજીક, કૌટુંબિક એ બધાંમાં તમે એકલા નથી પણ પ્રભુ હંમેશાં તમારી સાથે છે; માટે મન પ્રભુમાં જોડાયેલું રાખવા તથા દુન્યવી બાબતોથી થોડા અલિપ્ત થતા જઈ, સતત પ્રભુમય બનવા પ્રેરણા આપી હતી. બપોરના ભોજન બાદ ફાધર ડેવીડ અને ફાધર પ્રકાશે વડીલોને વિવિધ રમતો રમાડી હતી. રમત વિજેતાઓને ઈનામો આપ્યા હતા. ખ્રિસ્તયજ્ઞ બાદ, ફાધર મેરી જોસેફે સહુને આવા સુંદર આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. સિનિયર સીટીઝન મંડળના સેક્રેટરી શ્રી અગુસ્તીનભાઈએ આભારવિધિ કરી હતી.

(વિલિયમ જી. પરમાર દ્વારા)

## સિનિયર સીટીઝન ફોરમનો સ્થાપના દિન અને ફોરમના અધ્યક્ષ ફાધર આલ્બર્ટ દેલગાડોના જન્મદિનની ઉજવણી

તા.૦૬-૦૨-૨૦૧૪ના રોજ આણંદ ખાતે સિનિયર સીટીઝન ફોરમના સ્થાપના દિનની ઉજવણી ગુજરાત ઈસુસંઘના નવનિયુક્ત પ્રાંતપતિ ફાધર ફ્રાન્સિસ પરમાર, એસ.જે.ના પ્રમુખ સ્થાને થઈ હતી. પ્રારંભમાં ફાધર ફ્રાન્સિસે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો, ફાધર આલ્બર્ટ દેલગાડો, એસ.જે.એ વિશેષ પ્રાર્થના કરાવી હતી. અતિથિ વિશેષ તરીકે શ્રી કાંતિભાઈ પરમાર (નિવૃત્ત-સંયુક્ત નિયામક, વિકસતી જાતિ, ગાંધીનગર), શ્રી યાકુબભાઈ પરમાર (નિવૃત્ત-મેનેજર, બેંક ઓફ ઈન્ડિયા, આણંદ) અને શ્રી વિપિન પંડ્યા (આણંદ જિલ્લા સિ.સિ. ફેડરેશનના અધ્યક્ષ) ઉપસ્થિત રહ્યા હતા. આણંદ કેથોલિક કો.ઓ.સો.ના ચેરમેન શ્રી અરવિંદભાઈ ડી. મેકવાન તથા મોટી સંખ્યામાં ફોરમના સભ્યો, સિસ્ટરો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રારંભમાં બહેનોએ ઈશ્વરસ્તુતિ કરી, હેમન્તભાઈએ શાસ્ત્રપાઠનું વાંચન કર્યું, મંચસ્થ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યવિધિ થઈ. વિનુભાઈએ શબ્દો દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું, ત્યારબાદ, મહેમાનોનું શાલ ઓઢાડીને તથા ફૂલહારથી ફોરમના સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ફાધર આલ્બર્ટના જન્મદિનની ઉજવણી, કેક કાપીને કરવામાં આવી હતી. ફોરમના ચાર વરિષ્ઠ સભ્યોએ ફાધરને મોબાઈલની ભેટ આપી હતી.

ગામડી-આણંદ પેરીશનાં ગરીબ બાળકો માટે શરૂ કરેલ ફાધર પરીઝા, ફાધર આલ્બર્ટ શિષ્યવૃત્તિ માટે સભ્યો પાસેથી મેળવેલ દાનની રકમ રૂા. ૧,૧૧,૧૧૧/-ની થેલી પ્રમુખ તથા કારોબારી સભ્યોના હસ્તે ફાધર આલ્બર્ટને આપવામાં આવી હતી. સર્વ દાતાઓનું, ધર્મગુરુ તેમજ અતિથિ વિશેષો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી ફોરમ આ રીતે શિષ્યવૃત્તિ માટે દાન આપતું આવ્યું છે.

ફાધર ફ્રાન્સિસ પરમારે તથા અતિથિવિશેષોએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં હતાં. ફોરમના પ્રમુખ શ્રી પીયૂષભાઈએ, ફોરમની વર્ષભરની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. અતિથિ વિશેષ શ્રી કાંતિભાઈએ રૂ. ૧૫,૦૦૦/-, શ્રી યાકુબભાઈએ ૧૫,૦૦૦/-, શ્રી રમેશભાઈએ પણ ૧૫,૦૦૦/-નું શિષ્યવૃત્તિ માટે દાન આપ્યું હતું. ફાધર આલ્બર્ટે પ્રત્યેક દાતાઓનો આભાર માની, શિષ્યવૃત્તિ ફંડ પેટે રૂા. ૪૨ લાખ જેવી રકમ એકત્રિત થઈ હોવાની જાહેરાત કરી હતી. જશભાઈ પરમારે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન કુમુદબેન પીયૂષભાઈએ કર્યું હતું.

(કુમુદબેન પી. પરમાર દ્વારા)

## KSSS દ્વાર ૪૭મા માનવ ગૌરવ દિનની ઉજવણી

તા. ૦૩-૦૨-૨૦૧૪ના રોજ KSSS દ્વારા ૪૭મા માનવ ગૌરવ દિનની ઉજવણી, સેંટ જોસેફ સ્કૂલ કમ્પાઉન્ડ, લોટિયાભાગોળ, આણંદ ખાતે કરવામાં આવી હતી. અમદાવાદ, આણંદ, ખેડા અને મહિસાગરના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૬૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ અનુરાધાબેન મલ્લ (IAS), અગ્ર સચિવ અને એમ.ડી, મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. ગુજરાત રાજ્ય), અતિથિ વિશેષ શ્રી ઉમેશ રાઠોડ (DGM, નાબાર્ડ, આણંદ), અમદાવાદ ધર્મપ્રાંતના બિશપ થોમાસ મેકવાન, KSSSના નિયામક ફાધર જોસેફ અપ્પાઉ, ઉપપ્રમુખ ફાધર રોકી પીન્ટો, નવસર્જન ટ્રસ્ટના નિયામક શ્રી માર્ટીન મેકવાન, અન્ય મહાનુભાવો, સરકારી અધિકારીઓ, સિસ્ટરો, પંચાયતના સભ્યો, સ્વસહાય જૂથની બહેનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નવસર્જન ટ્રસ્ટના નિયામક શ્રી માર્ટીન મેકવાનને શાલ ઓઢાડીને તેમજ ૨૦૧૪નો માનવ ગૌરવ એવોર્ડ આપીને, તેમનાં સુંદર કાર્યો બદલ સન્માન કરવામાં આવ્યું હતું. છાત્રાલયનાં બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. અતિથિવિશેષો અને મુખ્યમહેમાન વગેરેએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં હતાં. અંતમાં, સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(નીલા પરમાર દ્વારા)

## ખંભોળજમાં 'યુથ ધમાકા'

તા.૦૯-૦૨-૨૦૧૪ના રોજ, અનાથોની માતાના ચર્ચ ખંભોળજ મુકામે એક દિવસની યુથ રિટ્રીટ 'યુથ ધમાકા'નું આયોજન

ફાધર અરૂલાનંદ અને ફાધર બિપિન દ્વારા કરવામાં આવ્યું હતું. આમંત્રિત વક્તાઓમાં, પ્રથમ આશિષ વચનો, અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડાયરેક્ટર ફાધર સંદિપ મુધકરે આપ્યાં હતાં. અન્ય વક્તાઓમાં શ્રી ફ્રાન્સિસ કાનીસ, પ્રીતિબહેન વાઘેલા અને શૈલેષ રાઠોડ હતા. પ્રથમ, ફૂલોથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી. ફ્રાન્સિસ કાનીસના અસ્ખલિત વક્તવ્ય બાદ ટી બ્રેક રાખવામાં આવ્યો હતો.

વક્તાઓએ અવનવા દૃષ્ટાંતો દ્વારા યુથ ધમાકામાં હાજર ૧૦૫ યુવક-યુવતીઓને જકડી રાખ્યાં હતાં. લન્ચ બ્રેક પછી કારકિર્દી માર્ગદર્શન અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાધર અરુલાનંદ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈનચાર્જ તરીકે શૈલેષ પી. વાણીયા, પુષ્પાબહેન તથા જોસ્ફીનાબેન હતાં. અંતે, ફાધરે ટૂંકી પ્રાર્થના કરી બાદમાં સહુનો આભાર માન્યો હતો.

(શૈલેષ પી. વાણીયા દ્વારા)

## લીમડાપુરા તાબામાં બાળ ઈસુનો મેળો યોજાયો

લીમડાપુરા તાબો, માતા મરિયમની મધ્યસ્થી, બાળઈસુની આશિષ અને પવિત્રઆત્માનો પ્રકાશ એમ ત્રણ ધામનો ત્રિવેણી સંગમ છે. છેલ્લાં ચાર વર્ષથી આ ધામમાં બાળઈસુની ભક્તિ થાય છે. તા. ૦૯-૦૨-૨૦૧૪ના રોજ, બાળઈસુનો મેળો ભરાયો હતો. આ મેળાની આધ્યાત્મિક તૈયારીરૂપે તાબાના નવ ગામમાં બાળઈસુની ભક્તિ અને પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો અને સત્તર બાળકોએ પ્રથમ ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

શ્રદ્ધાળુઓની મોટી સંખ્યામાં હાજરી હતી, મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના પ્રાંતપતિ ફાધર ફ્રાન્સિસ પરમાર સાથે આમંત્રિત ધર્મગુરુઓ, સિસ્ટરો હતાં. પ્રથમ ખ્રિસ્તપ્રસાદમાં ભાગ લેનાર બાળકો, ફાધરો-સિસ્ટરો અને ફાધર ફ્રાન્સિસ ગુલાબમાળા જપતાં, સરઘસ સ્વરૂપે પૂરી આધ્યાત્મિકતાથી ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લેવા આવી પહોંચ્યાં હતાં, પ્રાર્થના ડાન્સ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાસ્ત્રવચનો, અરજો, અર્પણ આ બાળકો દ્વારા જ કરવામાં આવ્યું હતું. ફાધર ફ્રાન્સિસ પરમારે બાળકો અને શ્રદ્ધાળુઓને ખ્રિસ્તયજ્ઞ અને ખ્રિસ્તપ્રસાદ અંગે સુંદર સમજ આપી, સામૂહિક પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવ્યું હતું. ખ્રિસ્તયજ્ઞ બાદ સન્માનવિધિમાં, ગુજરાત ઈસુસંઘના પ્રથમ ગુજરાતી પ્રાંતપતિ ફાધર ફ્રાન્સિસ પરમારનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. અન્ય ફાધરો-સિસ્ટરોનું ફૂલની કલગી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે, સહુએ સાથે પ્રેમભોજન લીધું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાધર ટોની (સભાપુરોહિત-લીમડાપુરા), સિસ્ટરો, પેરિશ કાઉન્સિલના સભ્યો, કેટેકીસ્ટો, યુવાનો અને તાબાના શ્રદ્ધાળુઓના એકમનના સહિયારા પ્રયાસથી કરવામાં આવ્યું હતું. તાબામાં મુખપત્ર ત્રિવેણી માસિક પ્રકાશિત કરવામાં આવે છે, જેમાં તાબાની પ્રવૃત્તિઓ, તાબામાં બાળઈસુમાં શ્રદ્ધા રાખવાથી થયેલા ચમત્કારોની નોંધ અને ધાર્મિક લેખો પ્રકાશિત કરવામાં આવે છે.

(રમેશભાઈ એ. મેકવાન દ્વારા)

## પ્રવૃત્તિમય વિજ્ઞાન શિક્ષણનો આઈ.આઈ.એમ.નો પ્રતિષ્ઠિત એવોર્ડ, મેળવતાં મહેશભાઈ પરમાર

શિક્ષણના પરંપરાગત ઢાંચામાંથી બહાર નીકળી પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં વિજ્ઞાનના જ્ઞાનનું સિંચન કરનાર ચિખોદરાના ગમોટાપુરા ખાતે આવેલી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી મહેશભાઈ પરમારને આ વર્ષનો ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ચિખોદરાના ગમોટપુરા ખાતે આવેલી જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળામાં ભણાવતા શિક્ષક મહેશભાઈ રમણભાઈ પરમારે ધો. ૫, ૬ અને ૭માં પ્રવૃત્તિમય વિજ્ઞાન શિક્ષણનો ખ્યાલ વિકસાવ્યો હતો. તેઓ પુસ્તક ખોલતા નહીં પરંતુ પ્રવૃત્તિ દ્વારા પ્રયોગો રજૂ કરતા અને એવી રીતે વિદ્યાર્થીઓને શીખવતા જેથી તેઓ સહેલાઈથી આ પ્રયોગને આત્મસાત કરી લેતા. પોતાના પ્રયોગો વિદ્યાર્થીના વાલીઓ પણ સમજે તે માટે તેઓ ગ્રામજનોને અને બાળકોના વાલીઓને પણ સામેલ કરતા. પોતાના વિષયનું જ્ઞાન ગોખણપટ્ટીથી નહીં પરંતુ વિદ્યાર્થી આપસમજથી આત્મસાત કરે તેવી તેમની માન્યતા હતી. મોટાભાગના ગ્રામજનો અને વાલીગણ તેમની આ પદ્ધતિથી ખુશ હતા. દર વર્ષે જિલ્લામાં વિજ્ઞાન મેળો યોજાય તેમાં શિક્ષક મહેશભાઈ પરમાર પોતાના વિદ્યાર્થીઓ પાસે પ્રયોગો રજૂ કરાવતા અને તે વિજ્ઞાનમેળામાં પ્રદર્શિત કરતા. છેલ્લાં દાયકાથી તેઓ પોતાની શાળામાં પ્રવૃત્તિમય પદ્ધતિથી વિજ્ઞાનનું શિક્ષણ આપતા હતા. જેની નોંધ જી.સી.આઈ.ટી. અને આઈ.આઈ.એમ. સંસ્થાઓએ પણ લેવી પડી હતી. આ વખતે જે સાત શિક્ષકોને આ સંસ્થાનો પ્રતિષ્ઠિત એવોર્ડ અપાયો તેમાં આણંદ અને ખેડા જિલ્લામાંથી એકમાત્ર મહેશભાઈ પરમાર પસંદ થયા હતા. ગત્ મહિને ગાંધીનગરમાં તેમને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. (અશોક પરમાર દ્વારા)

## અમૂલ ડેરીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ શ્રી હર્ષદ મેકવાનને રાજ્યનો શ્રમવીર એવોર્ડ એનાયત થયો


તાજેતરમાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આણંદ, અમૂલ ડેરીમાં કામ કરતાં શ્રી હર્ષદ મેકવાન (જીસસ નગર, આણંદ)ને શ્રમ અને રોજગાર વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા. ૧૨-૦૨-૨૦૧૪ના રોજ શ્રમવીર એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. તેઓ અમૂલ ડેરીના પાવડર વિભાગમાં છેલ્લા દસ વર્ષથી પોતાની સેવાઓ બજાવે છે. તેઓએ પાવડર પ્લાન્ટમાં ગીયર બોક્ષમાં મોડીફિકેશન કરીને પ્લાન્ટની કાર્યદક્ષતામાં વધારો કરેલ છે. જેનાથી ઉત્પાદનમાં વધારો થયેલ છે અને વધુમાં વીજળીની પણ બચત થયેલ છે. જેને કારણે અમૂલ ડેરીને આશરે રૂપિયા એક કરોડનો ફાયદો થયેલ છે. સમસ્ત કેથોલિક સમાજ માટે આ ગૌરવની બાબત છે. તેમને આપણાં સહુ વતી અભિનંદન અને ઉત્તરોત્તર ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ.

(સીરિલ પીટર પરમાર દ્વારા)

# હાકલ શિબિર

(ગુજરાત ઈસુસંઘ આયોજિત)





શું તમે મિશનરી તરીકે ઈસુના અનુયાયી થવા માંગો છો?

પોતાનામાં અને દુનિયામાં બદલાવ લાવવા માંગતાં હો...

સંન્યસ્ત જીવન જીવવાની ઈચ્છા ધરાવતા હો...

તો આવો, ગુજરાત ઈસુસંઘ તમને આવકારે છે.

વ્યક્તિગત માર્ગદર્શન | સર્જનાત્મક પ્રાર્થના + પરમપૂજા

વ્યક્તિત્વ વિકાસ | રમત-ગમત

મિશન ટુર | મિશનરીઓ સાથે મુલાકાતો

**"આવો, અને જુઓ."**
(યોહાન ૧:૩૯)

**દક્ષિણ ગુજરાત**

તારીખઃ ૨૧મી એપ્રિલ સાંજના ૪ થી
૨૪મી એપ્રિલ સાંજના ૪ સુધી
સ્થળ : જીવનજ્યોત, બરડીપાડા
:: સંપર્ક ::
ફા. સુધીર ચેટ્ટીયાર એસ.જે. ૯૪૨૬૫ ૭૮૨૫૮
ફા. હસમુખ એસ.જે. ૯૪૨૭૫ ૪૯૦૪૪

**મધ્ય ગુજરાત**

તા.: ૨૭મી એપ્રિલ સાંજના ૪ થી
૩૦મી એપ્રિલ સાંજના ૪ સુધી
સ્થળ : જીવન દર્શન, પાસ્ટર સેન્ટર, વડોદરા
:: સંપર્ક ::
ફા. નગીન એસ.જે. — ૯૪૨૯૯ ૨૭૦૧૬
ફા. જીતુ એસ.જે. — ૯૪૨૭૪ ૮૦૧૮૮

**ઉત્તર ગુજરાત**

તારીખ : ૬ઠ્ઠી મે સાંજના ૪ થી ૯મી મે સાંજના ૪ સુધી
સ્થળ : ઝેવિયર આશ્રમ, મંડાલી
:: સંપર્ક ::
ફા. અનિલ પરમાર એસ.જે. — ૯૪૨૭૩ ૮૬૭૬૮
ફા. રાજુ એસ.જે. — ૯૪૨૭૩ ૭૪૪૭૧

**જો તમારે ઈસુસંઘી ફાધર કે બ્રધર બનવું હોય તો...**

:: Contact ::
Fr. Alpesh SJ, Vocation Promoter
Hillnagar, Sughadpanth, Nr. Kamdhenu Hall, Drive-in Road, Ahmedabad – 380052
Mob : 94263 51537

**લાયકાત : ધોરણ ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને કોલેજના યુવાનો માટે**

# શ્રદ્ધાંજલિ

આંખ તો મારી આથમી રહી કાનના કૂવા ખાલી,
એક પછી એક ઈન્દ્રિય કહેઃ હમણાં હું તો ચાલી.

શ્વાસના થાક્યા વણજારાનો નાકથી છૂટે નાતો,
ચીમળાયેલી ચામડીને હવે સ્પર્શ નથી વરતાતો
એક પછી એક ઈન્દ્રિય કહેઃ અબઘડી હું ચાલી.

નસના ધોરી રસ્તા તૂટ્યાં, લોહીનો ડૂબે લય,
પંખી ઊડ્યું જાય ને પછી કંપે જરી ડાળી.
એક પછી એક ઈન્દ્રિય કહેઃ હમણાં હું તો ચાલી.



## સ્વ. શ્રી. બિપિનભાઈ આઝાદ

**૦૧-૦૬-૧૯૩૦ – ૧૫-૦૩-૧૯૯૮**

સ્મૃતિરૂપે હું પ્રકટતો રહું તમારામાં
ઊગે છે ફૂલ નવું જેમ કોઈ ક્યારામાં!

આપનું પ્રેમાળ સ્મરણ જ અમારી શ્રદ્ધાંજલિ.
પ્રભુ આપના આત્માને ચિરકાલીન શાંતિ બક્ષો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની અતૂટ આશા સાથે...



**લિ.**
**સુસાન્નાબહેન બિપિનભાઈ આઝાદ**
**તથા સમસ્ત કુટુંબ**

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ.

''પ્રભુમાં શ્રધ્ધા રાખનાર પરમસુખી છે.'' (દર્શન ૧૪:૧૩)











## સ્વ. પ્રિતિબેન ડી. વાઘેલા.

આલોકે અવતરણ : ૦૧/૦૯/૧૯૮૭

પરલોકે પ્રયાણ : ૦૮/૦૩/૨૦૧૩

" ખીલી હતી વસંત જ્યાં પાનખર પથરાઇ ગઇ.
જીવનની જ્યોત અચાનક ઝબકીને બુઝાઈ ગઈ.
સૃષ્ટિના સર્જનહારને આવું કેમ સુઝયું?
હે પ્રભુ આપના દરબારમાં કયાં ખોટ હતી?
જેની અમારે જરૂર હતી, તેની તમારે કેમ જરૂર પડી?
પ્રભુ તને સદા પોતાના ચરણમાં રાખે એજ સ્તુતિ અમારી. "

પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.

લિ.

તારો દુ:ખી પરિવાર.

ડી. એલ. વાઘેલા. (પપ્પા) કોકિલાબેન ડી. વાઘેલા. (મમ્મી)

અમિત ડી. વાઘેલા. (ભાઈ) અંકિતા એ. વાઘેલા. (ભાભી)

ચિ. આરવ અને ચિ. આરના.

સરનામું :- ૧૦ ; પરિશ્રમ સોસાયટી, કોલેજ રોડ, કતકપુર,ખંભાત. મોબા. ૯૮૨૫૫૮૯૨૦૪.

# પંચમ પુણ્યતિથિ




આલોકે આગમન :
૩૦-૦૬-૧૯૩૯

પરલોકે ગમન :
૨૯-૦૩-૨૦૦૯

વ્હાલા પપ્પાજી,

આપની વિદાયને આજે પાંચ-પાંચ વર્ષ વીતી ગયા. હજી મન માનવા તૈયાર નથી કે તમે અમારી મધ્યે નથી. પરિવારજનો જ નહિ, સગાં-સંબંધીઓ અને ઓળખીતાઓના સ્મરણમાંથી પણ આપ હજી વિસરાયા નથી. વિસ્મૃતિ ઈચ્છવા યોગ્ય પણ નથી. પળે-પળે અનાયાસે સમય જ આપની યાદને તરોતાજા રાખે છે. આપનો સદૈવનો સાલસ સ્વભાવ, આપની કરણી-કથની, આપના આચાર-વિચાર જ એવા હતા કે જેને ભૂલવું અમારે માટે કોઈ કાળે શક્ય નથી. આપની અકાળે વિદાયનો કારમો ઘા આંખોને હજી તરબતર કરી જાય છે. નિવૃત્તિમાંય સંગીતમય પ્રવૃત્તીય જીવન અને ગૌરવશાળી એવો આપનો જીવન ચિતાર હૈયાને હામ બક્ષે છે. આપનું પરગજું અને સ્વાશ્રયી જીવન અમને પ્રેરણા આપતું રહે અને આપના આત્માને પ્રભુ બાપ ચિરકાલીન દિવ્ય શાંતી બક્ષે એજ પ્રાર્થના...

અમારા પૂજ્ય પિતાજીના અકાળે અવસાન સમયે અને આજ પર્યંત અમારો સધિયારો-સહારો બનનાર સર્વ હિતેચ્છુઓનો નતમસ્તકે આભાર માનીએ છીએ.



# અશ્રુસભર શ્રદ્ધાંજલિ

**"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું, જેને મારામાં શ્રદ્ધા છે,**
**તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે." (યોહાન ૧૧:૨૫)**

**એ**દન વાડીના પુષ્પ સરીખું જીવ્યા તમે,
**ડ**ર ઈશ્વરનો હૈયે રાખી જીવ્યા તમે.
**વ**સંતના ફૂલોની **'ગુલછડી'** બનાવી,
**ર્ડ** - ડગલું પણ ચૂક્યા વગર જીવ્યા તમે.

**પ**ર્વતની જેમ સિદ્ધાંતોમાં પણ અડગ,
**ર્વ**-વર્તન ન કીધું સહેજે અણછાજતું તમે,
**ત**લસ્પર્શી નિર્ણયો અને સૂચનોને લીધે,
**રાય** અને **'ભષ્મજોગી'** પણ તમે.

**ઓ**વારણાં લેશે મા-ગુર્જરી સદાય તમારાં,
**ડે**લીએ દેવળની, **'ચિત્રો'**ના સર્જક તમે
**દ**રબારમાં ઈશ્વરના પુનરુત્થાનની પ્રભાતે મળીશું
**રા**ત-દિવસ ત્યાં લગી સ્મર્યા કરીશું તમને અમે.



**સ્વ. એડવર્ડ પર્વતરાય ઓડેદરા**

આલોકે આગમન : ૨૦-૦૯-૧૯૨૮
પરલોકે ગમન : ૩૧-૦૧-૨૦૧૪



**:: આભાર ::**

સ્વ. એડવર્ડ પર્વતરાય ઓડેદરાની માંદગી દરમ્યાન ઘરે મુલાકાત લેનારાં તેમજ અંતિમયાત્રા અને પ્રાર્થનાસભામાં અમારી સાથે રહી સાંત્વના અને હૂંફ આપનારાં આપ સૌ પૂજ્ય ફાધરો, સિસ્ટરો, સ્વજનો તેમજ સમાજના ગુણીજનોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**સ્વર્ગસ્થનાં ધર્મપત્ની થેરસ્યા અને બાળકો**
**વિમલ કોલોની, આણંદ**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

**"સૌ જીવોને માટે પ્રભુનું એ નિર્માણ છે. ઉપદેશમાળા ૪૧:૪"**



**સ્વ. સાયમન જોસેફ મેકવાન**

**દેહ જન્મ : ૦૭-૧૨-૧૯૪૨**

**દેહ વિલય : ૦૩-૦૩-૨૦૧૩**



નાના મોટા સૌના હતા તમે પ્યારા,
પ્રભુની નજરોમાં પણ તમે બન્યા સૌથી પ્યારા.
ખબર નહોતી તમ જીવનમાં આમ બદલાવ આવશે
અકલ્પનીય બીમારીમાં સાવ અચાનક મૃત્યુ આવશે.
તમારા નામ "સીમોન" પ્રમાણે ખડક જેવા બનીને
જીવલેણ બીમારીને પણ તમે જીરવી લીધી હસીને.
તમારી વેદના, દુઃખ અમને જરાપણ તમે બતાવ્યાં નહિ
હસતા મુખે દુઃખને સ્વીકારી તમે પ્રભુને પ્યારા થઈ ગયા
બાહોશ તમારો સ્વભાવ અને બુલંદ તમારો અવાજ
આજે પણ અમારી આસપાસ અમને પડઘાય છે.
જીવનભર સતત પરિશ્રમ કરી શૂન્યમાંથી સર્જન કરી
કુટુંબ માટે સુખથી ભરેલ ફૂલવાડી અમ સર્વને અર્પણ કરી
પ્રભુના દરબારમાં જવાની કરી તમે તત્કાળ તૈયારી
વહેતા ઝરણાં જેવું જીવન સદાય જીવ્યા તમે
ધંધામાં આવતી મુશ્કેલીથી ક્યારેય હાર્યા નથી તમે
મહત્વાકાંક્ષી, દીર્ઘદૃષ્ટિ અને હકારાત્મક વલણ
રાખીને જીવ્યા તમે.
સમય તો વહેતો જશે, પણ તમારી યાદ સદાય અકબંધ રહેશે
આપની વિદાય અમ સૌ માટે અવિસ્મરણીય દુઃખદ ક્ષણ છે
આપની યાદ હરપળે અમને ગમગીન બનાવે છે.
આપના આદર્શો અને સદ્‌ગુણો જીવનમાં ઉતારી
તમે ઉછેરેલા વૃક્ષને વટવૃક્ષ બનાવીએ અમે
એ જ અમ સર્વની સાચી શ્રદ્ધાંજલિ તમને

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની આશામાં,**
**પ્રભુમાં દિલાસિત સમસ્ત પરિવાર**

PAVAN HRUDAYA DOOT, March, 2014 No. of Pages 64 including cover R.N.I. No. GUJGUJ/2000/2975
Regd. No. AND/304/2012-14 valid up to Dec. 2014. Licensed to post without Prepayment Up to 30.06.2014
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# ચાલો, અંકલપુર કાલવારી


**ભગવાન ઈસુની પીડામાં સહભાગી થવા**
**અંકલપુરની ૫૮મી સામૂહિક યાત્રા**
**તપઋતુનો પાંચમો રવિવાર**

## ૬ એપ્રિલ, ૨૦૧૪



### પરમપૂજા

સવારના ૦૬.૦૦ કલાકે પરમપૂજા (દેવળમાં)
સવારના ૦૭.૦૦ કલાકે પરમપૂજા (દેવળમાં)
સવારના ૦૮.૩૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
સવારના ૧૦.૦૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
બપોરના ૧૨.૦૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
બપોરના ૦૨.૩૦ કલાકે પરમપૂજા (મંડપમાં)



**ક્રૂસના અવશેષને વંદન કરવાનું ચુકશો નહીં**

**એસ.ટી. બસ અંગે આણંદથી આંકલાવ આવવા માટે**
સવારે ૯.૦૦ વાગ્યાથી કલાક-કલાકના અંતરે બસ ઉપડશે.
નીચેના રૂટની બસ આંકલાવ થઈને જાય છે.
આણંદ-ચમારા, આણંદ-ઉમેટા, આણંદ-કોસિન્દ્રા, આણંદ-ગંભીરા,
આણંદ-આમરોલી, નડીઆદ-પાદરા, અમદાવાદ-આંકલાવ

**સૂચનાઃ રેલવે માર્ગે આવનાર યાત્રિકો માટે સવારે ૧૦.૪૫ વાગે આંકલાવ સ્ટેશનથી ક્રૂસના માર્ગની ભક્તિ શરૂ થશે.**

**લિ. સ્નેહાધીન**
**અંકલપુર કાલવારીના ભક્તજનો,**
**સાધ્વીબહેનો, ધર્મગુરુઓ, આંકલાવ**

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Dr. Thomas Parmar